અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૨ જૂન ૨૦૨૫, ગુરુવાર
વિક્રમ સંવત ૨૦૮૧, જેઠ વદ ૧

વર્ષ : ૧૬
અંક : ૩૪૦

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### મંજૂરી વિના આર્મી મોકલતા ટ્રમ્પ સામે કેસ કર્યો

# અમેરિકાના લોસ એન્જલસમાં લૂંટફાટ શરૂ, માર્ગો પર આગચંપી-તોડફોડ કરાઈ

## અમેરિકામાં ૧૯૬૫ પછી પહેલી વખત પ્રમુખે ગવર્નરની મંજૂરી વિના શહેરમાં સૈન્ય મોકલતા સ્થિતિ વધુ વણસી છે

। (એજન્સી) લોસએન્જલસ, તા.૧૧ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બીજા કાર્યકાળમાં સત્તા પર આવતા જ ગેરકાયદે વસાહતીઓ વિરુદ્ધ આકરી નીતિ અપનાવી છે. જોકે, તેમની નીતિઓનો ઘરઆંગણે જ હિંસક વિરોધ થવા લાગ્યો છે અને અમેરિકામાં ગૃહયુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે.





ટ્રમ્પની ગેરકાયદે વસાહતીઓને તગેડી મૂકવાની નીતિના વિરોધમાં લોસ એન્જલસમાં ચાર દિવસથી ચાલતા રમખાણો શાંત કરવામાં પ્રમુખ ટ્રમ્પ નિષ્ફળ ગયા છે. દેખાવકારોને ડામવા માટે તેમણે કેલિફોર્નિયાના ગવર્નરની મંજૂરી વિના જ સૈન્ય મોકલતા દેખાવો વધુ હિંસક બન્યા છે. અમેરિકામાં ૧૯૬૫ પછી પહેલી વખત પ્રમુખે ગવર્નરની મંજૂરી વિના શહેરમાં સૈન્ય મોકલતા સ્થિતિ વધુ વણસી છે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે બીજા કાર્યકાળની સત્તા સંભાળ્યાના બીજા જ દિવસથી ગેરકાયદે વસાહતીઓને દેશમાંથી તગેડી મૂકવા માટે સૌથી મોટું અભિયાન ચલાવ્યું છે. સેંકડો ગેરકાયદે વસાહતીઓની ધરપકડ કરીને તેમના વતન ધકેલવામાં આવી રહ્યા છે. આ અભિયાનના ભાગરૂપે ઈમિગ્રન્ટ એન્ડ કસ્ટમ વિભાગે લોસ એન્જલસમાં શુક્રવારે દરોડા પાડી ૧૧૮ ગેરકાયદે વસાહતીઓની અટકાયત કર્યા પછી શહેરમાં પ્રમુખ ટ્રમ્પના વિરોધમાં ફાટી નીકળેલા રમખાણો વધુ વકર્યા છે.વિરોધ પ્રદર્શનોને કારણે, લોસ એન્જલસના મેયર દ્વારા શહેરની મધ્યમાં કર્ફ્યુ લાદવામાં આવ્યો છે.

મેયર કરેન બાસે કહ્યું, મેં સ્થાનિક કટોકટી જાહેર કરી છે અને લોસ એન્જલસના ડાઉનટાઉનમાં તોડફોડ અને લૂંટફાટ અટકાવવા માટે કર્ફ્યુ જારી કર્યો છે. કર્ફ્યુ મંગળવારે (સ્થાનિક સમય) રાત્રે ૮ વાગ્યાથી બુધવારે સવારે ૬ વાગ્યા સુધી અમલમાં રહેશે. કેલિફોર્નિયાના લોસ એન્જલસમાં ગેરકાયદે વસાહતીઓની તરફેણમાં થયેલા દેખાવોને ડામવા માટે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગવર્નર ગેવિન ન્યૂઝમની મંજૂરી વિના જ શહેરમાં ૨૦૦૦થી વધુ નેશનલ ગાર્ડ તૈનાત કર્યા હતા. જોકે, ટ્રમ્પના આ પગલાંથી દેકાવકારો વધુ ઉગ્ર બન્યા હતા અને તેમણે અનેક જગ્યાએ ગાડીઓ સળગાવી હિંસક દેખાવો કર્યા હતા.

આ દેખાવો ડામવા માટે ટ્રમ્પે લોસ એન્જલસમાં વધુ ૨૦૦૦ નેશનલ ગાર્ડ અને ૭૦૦ મરીન સૈનિકો મોકલવાના આદેશ પર હસ્તાક્ષર કર્યા હતા. આમ ટ્રમ્પે ૪૦ લાખની વસતી ધરાવતા શહેરમાં નેશનલ ગાર્ડના કુલ ૪૦૦૦ સૈનિકોને તૈનાત કરવાનો આદેશ આપ્યો છે. લોસ એન્જલસમાં ગેરકાયદે વસાહતીઓની અટકાયત કરાઈ છે તે ડિટેન્શન સેન્ટર બહાર નેશનલ ગાર્ડના સૈનિકો તૈનાત હતા, પરંતુ મરિન કમાન્ડો હજુ ક્યાંય દેખાયા નથી. અમેરિકામાં વર્ષ ૧૯૬૫માં પ્રમુખ લિન્ડન જ્હોન્સને અલબામામાં નાગરિક અધિકારોના દેખાવો રોકવા માટે ગવર્નરની મંજૂરી વિના સૈન્ય મોકલ્યું હતું. ત્યાર પછી છેક અત્યારે ડોનાલ્ડ ટ્રમ્પે આ પગલું ભર્યું છે, જેના કારણે સ્થિતિ વધુ વણસી છે.ગ્લેમર અને ચમક-દમક માટે વિશ્વવિખ્યાત લોસ એન્જલસમાં અત્યારે દેખાવકારોએ ભારે તોફાન મચાવ્યું છે. દેખાવકારોએ હાઈવે પર કબજો કર્યો છે અને વાહનો, ટાયરો સળગાવવાથી લઈને તોડફોડ સાથે ટ્રમ્પની નીતિઓનો ઉગ્ર વિરોધ કરી રહ્યા છે.

### ન્યૂઝ બ્રિફ

#### રાજકોટના ૯ સહિત ગુજરાતના ૧૫ વેપારી રૂપલલનાઓ સાથે ઝડપાયા

। (એજન્સી) ઉદયપુર, તા.૧૧ ।

ઉદયપુરના સુખેર પોલીસે અબેરી સ્થિત સ્વર્ણગઢ રિસોર્ટમાં દરોડા પાડ્યા હતા, જ્યાં દેહ વ્યાપારનો પર્દાફાશ થયો હતો. ઈવેન્ટના નામ પર દેહવેપારમાં સંડોવાયેલી ૧૪ યુવતી સહિત ૨૯ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ યુવતીઓ દિલ્હી, હરિયાણા, મધ્ય પ્રદેશ અને રાજસ્થાનના અન્ય શહેરોથી આવી હતી. જોકે, તમામ આરોપીઓ ગુજરાતના વેપારીઓ હોવાનું સામે આવ્યું છે.

#### દિગ્ગજ નેતા દિગ્વિજય સિંહના ભાઈ સામે કોંગ્રેસ દ્વારા મોટી કાર્યવાહી

। (એજન્સી) ભોપાલ, તા.૧૧ ।

કોંગ્રેસે વરિષ્ઠ નેતા દિગ્વિજય સિંહના ભાઈ અને મધ્યપ્રદેશના પૂર્વ ધારાસભ્ય લક્ષ્મણ સિંહ સામે મોટી કાર્યવાહી કરી છે. પક્ષ વિરોધી પ્રવૃત્તિઓના કેસમાં તેમને છ વર્ષ માટે પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે. આ પહેલા પાર્ટીએ તેમને કારણદર્શક નોટિસ પણ આપી હતી. આ મામલો રાહુલ ગાંધી સહિત પાર્ટીના અન્ય નેતાઓ વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણીઓ સાથે સંબંધિત છે. પાર્ટીએ કહ્યું હતું કે, રાહુલ ગાંધી સહિત પાર્ટીના વરિષ્ઠ નેતાઓને નિશાન બનાવીને લક્ષ્મણ સિંહની અપમાનજનક ટિપ્પણીઓએ બધી હદો પાર કરી દીધી છે.

## લેફ્ટનન્ટ કમાન્ડર યશસ્વી સોલંકી રાષ્ટ્રપતિના પ્રથમ મહિલા એડીસી બન્યા

। (એજન્સી) નવીદિલ્હી, તા.૧૧ ।

લેફ્ટનન્ટ કમાન્ડર યશસ્વી સોલંકીને ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના એડીસી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેઓ દેશના કોઈપણ રાષ્ટ્રપતિના પ્રથમ મહિલા એડીસી હશે.



રાષ્ટ્રપતિ પાસે પાંચ એડીસી (સહાયકો) હોય છે, જેમાંથી ત્રણ સેનામાંથી, એક નૌકાદળ અને એક વાયુસેનામાંથી હોય છે. મેડિકલ ફિટનેસ, આઈક્યુ અને અન્ય કઠિન પરીક્ષણો પછી તેજસ્વી અધિકારી યશસ્વી સોલંકીની પસંદગી કરવામાં આવી હતી. તેમણે ૧ મેના રોજ તાલીમ લીધા પછી પોતાની જવાબદારીઓ સંભાળી હતી.

રાષ્ટ્રપતિના એડીસીની પસંદગી માટે શારીરિક માપદંડ ખૂબ કડક હોય છે. લાંબુ કદ ૧૭૩ સેમી અને ફિઝિકલ ફિટનેસની જરૂરીયાત રહે છે. સોલંકી બેડમિન્ટન અને વોલીબુલ ખેલાડી રહી છે. આ કારણે, તેમને બિન-કાયમી કમિશન્ડ મહિલા અધિકારી તરીકે નિમણૂકમાં મુક્તિ મળી. મહિલા એડીસીની નિમણૂક રાષ્ટ્રપતિની મહિલા સશક્તિકરણ પ્રત્યેની વિચારસરણી પણ દર્શાવે છે. અગાઉ, તેમણે રાષ્ટ્રપતિના અંગત સુરક્ષા અધિકારી અને સીઆરપીએફ કમાન્ડર પૂનમ ગુપ્તાની સેવા અને સમર્પણનું પણ સન્માન કર્યું હતું. પીએસઓ આસિસ્ટન્ટ કમાન્ડન્ટ પૂનમ ગુપ્તાના લગ્ન રાષ્ટ્રપતિ ભવનમાં થયા હતા, આ પહેલી વાર હતું જ્યારે રાષ્ટ્રપતિ ભવનમાં લગ્ન સમારોહ યોજાયો હતો. અહેવાલ પ્રમાણે નૌસેનાની એડીસીની ટર્મ પૂર્ણ થયા બાદ ત્રણ મહિલા નેવી અધિકારીની પસંદગી કરવામાં આવી હતી. આ અધિકારીને ૧૫ દિવસ સુધી રાષ્ટ્રપતિ ભવનની ટ્રેનિંગની સાથે ટેસ્ટ થયો. પછી રાષ્ટ્રપતિએ ઈન્ટરવ્યુ લીધું અને યશસ્વી સોલંકીની પસંદગી થઈ. ત્રણેય સેનાના સર્વોચ્ચ કમાન્ડર તરીકે રાષ્ટ્રપતિની મદદ માટે એડ-ડી-કેંપ એટલે કે એડીસીનું પદ મહત્વનું હોય છે.

#### ડકેટ અને સ્મિથે સેન્ચ્યુરીની પાર્ટનરશિપ કરીને ઈતિહાસ રચ્યો

। સાઉથેમ્પ્ટન, તા.૧૧ ।

ઈંગ્લેન્ડના ઓપનર્સ બેન ડકેટ અને જેમી સ્મિથે મંગળવારે વેસ્ટ ઈન્ડિઝ સામેની ત્રીજી T20 ઈન્ટરનેશનલ મેચમાં સેન્ચ્યુરીની પાર્ટનરશિપ કરીને પોતાનું નામ ઈતિહાસના પાનામાં નોંધાવ્યું છે. સાઉથેમ્પ્ટનમાં રમાયેલી મેચમાં ડકેટ અને સ્મિથે માત્ર ૫૩ બોલમાં ૧૨૦ રનની શાનદાર પાર્ટનરશિપ કરી. બંનેએ મળીને ૧૩.૫૮ના રન રેટથી રન બનાવ્યા. આ ઈંગ્લિશ જોડીએ તોફાની અંદાજમાં સેન્ચ્યુરીની પાર્ટનરશિપ કરીને એક નવો રેકોર્ડ બનાવ્યો છે.

### અંબાણી પરિવારે નિકોલસ પૂરનને આપી જવાબદારી

## નિકોલસ પૂરન મેજર લીગ ક્રિકેટમાં MI ન્યૂ યોર્ક ટીમનો નવો કેપ્ટન બન્યો

### વેસ્ટ ઈન્ડિઝના વિસ્ફોટક બેટ્સમેન નિકોલસ પૂરને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।




વેસ્ટ ઈન્ડિઝના વિસ્ફોટક બેટ્સમેન નિકોલસ પૂરને નિવૃત્તિની જાહેરાત કરીને બધાને ચોંકાવી દીધા હતા. તે ફક્ત ૨૯ વર્ષનો છે. ચાહકો પણ તેને ટ્રોલ કરી રહ્યા હતા કે તેણે લીગ ક્રિકેટને પ્રાથમિકતા આપીને આટલી નાની ઉંમરે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ છોડી દીધું. હવે તેની નિવૃત્તિના બીજા જ દિવસે, MI ન્યૂ યોર્ક ટીમે તેને એક મોટી જવાબદારી સોંપી છે, તેને તેના નવા કેપ્ટન તરીકે નિયુક્ત કર્યા છે.

નિકોલસ પૂરન ૨૦૨૩ અને ૨૦૨૪માં એક જ ફ્રેન્ચાઈઝ (MI ન્યૂ યોર્ક ટીમ) માટે રમ્યો હતો. ૨૦૨૩માં તેણે ૮ મેચમાં ૩૮૮ રન બનાવ્યા હતા, જ્યારે આગામી સિઝનમાં તેણે ૭ મેચમાં ૧૮૦ રન બનાવ્યા હતા. બંને સિઝનમાં, તેણે ૧ સદી અને ૩ અડધી સદીની ઈનિંગ્સ રમી છે. નિકોલસ પૂરન મેજર લીગ ક્રિકેટમાં MI ન્યૂ યોર્ક ટીમનો નવો કેપ્ટન બન્યો છે, આ પહેલાં તેના દેશના કિરોન પોલાર્ડ આ ફ્રેન્ચાઈઝીના કેપ્ટન હતો. પોલાર્ડ મુંબઈ ઈન્ડિયન્સ માટે પણ રમી ચૂક્યો છે. MI ન્યૂ યોર્ક પણ મુંબઈની માલિકીની ટીમ છે, જે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની માલિકીની છે.

નિકોલસ પૂરન વિશ્વભરની ઘણી મોટી T20 લીગમાં રમે છે. તે છેલ્લી ૩ સિઝનથી ઈન્ડિયન પ્રીમિયર લીગ માટે રમી રહ્યો છે. આ સિઝનમાં તેની બેટિંગ શાનદાર રહી હતી. જોકે તેની ટીમ પ્લેઓફમાં સ્થાન મેળવી શકી નહોતી. પૂરને IPL 2025માં રમાયેલી ૧૪ ઈનિંગ્સમાં ૫૨૪ રન બનાવ્યા હતા, જેમાં તેણે ૫ અડધી સદીની ઈનિંગ્સ રમી હતી.

પૂરને સોશિયલ મીડિયા પર એક પોસ્ટ દ્વારા માહિતી આપી હતી કે તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લઈ રહ્યો છે, આ આશ્ચર્યજનક સમાચાર હતા કારણ કે તે ફક્ત ૨૯ વર્ષનો છે. જ્યારે આ ઉંમરે ઘણા ક્રિકેટરો પોતાનું ડેબ્યૂ કરે છે.

આ પછી, સોશિયલ મીડિયા પર આ અંગે ચર્ચા પણ શરૂ થઈ, ઘણા લોકોએ કહ્યું કે પૈસાને મહત્વ આપતા, તેણે વેસ્ટ ઈન્ડીઝ ટીમ છોડી દીધી, જ્યાંથી તેને લીગ કરતાં ખૂબ ઓછા પૈસા મળે છે.

### ઓનલાઈન પેમેન્ટ કરતા લોકોને લાગશે ઝટકો

## UPI ટ્રાન્ઝેક્શન પર સરકાર મોટો નિર્ણય લેવાની તૈયારીમાં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

સરકારે મોટા UPI ટ્રાન્ઝેક્શનો પર (૩,૦૦૦ કે તેનાથી ઉપર) MDR લગાવવા પર વિચાર કરી રહી છે. રિપોર્ટ પ્રમાણે, આ ચાર્જ માત્ર મોટા ટ્રાન્ઝેક્શનો પર લાગુ થશે, નાના ટ્રાન્ઝેક્શન હજુ પણ ફ્રી રહેશે. જ્યારે ગ્રાહક ડિજિટલ પેમેન્ટ કરે છે, ત્યારે બેંક કે પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર વેપારી પાસેથી MDR ચાર્જ વસૂલે છે. હાલ UPI પર ઝીરો MDR પોલિસી લાગુ છે, એટલે કે વેપારી પાસેથી કોઈ ચાર્જ લેવામાં આવતો નથી. શું બદલાઈ શકે છે?- ૩,૦૦૦ રૂપિયા કે તેનાથી વધારેના ટ્રાન્ઝેક્શન પર બેંક MDR વસૂલી શકશે. આ ચાર્જ મર્ચેન્ટના ટર્નઓવર પર નહીં, પરંતુ પ્રતિ ટ્રાન્ઝેક્શનની વેલ્યૂ પર લાગી શકે છે. નાના દુકાનદાર અને નાના ટ્રાન્ઝેક્શન તેનાથી પ્રભાવિત થશે નહીં. જૂન ૨૦૨૫ સુધી ઉપલબ્ધ આંકડાઓ પ્રમાણે, ભારતમાં રોજના સરેરાશ ૬૫૦ મિલિયન (૬૫ કરોડ) UPI ટ્રાન્ઝેક્શન થઈ રહ્યા છે. ૧ જૂન, ૨૦૨૫ના રોજ ૬૪૪ મિલિયન ટ્રાન્ઝેક્શન થયા, જ્યારે ૨ જૂન, ૨૦૨૫ના રોજ ૬૫૦ મિલિયન ટ્રાન્ઝેક્શન નોંધવામાં આવ્યા છે. તો બીજી બાજું વિઝાના સરેરાસ ડેઈલી ટ્રાન્ઝેક્શન (FY24): ૬૩૯ મિલિયન છે.

### વિદેશ મંત્રી એસ જયશંકરે કર્યો ખુલાસો

## પાકિસ્તાન રાજ્ય નીતિના સાધન તરીકે આતંકવાદનો ઉપયોગ કરે છે

### રાફેલ કેટલું અસરકારક હતું તે મારા માટે આનો પુરાવો પાકિસ્તાની પક્ષના નાશ પામેલા અને નિષ્ક્રિય એરફિલ્ડ્સ છે : વિદેશ મંત્રી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાન સાથે યુદ્ધવિરામ અંગે વિપક્ષ સરકારને સતત પ્રશ્નો પૂછી રહ્યું છે. આ દરમિયાન, વિદેશ મંત્રી એસ. જયશંકરે આ પ્રશ્નનો જવાબ આપ્યો છે કે ભારતે પાકિસ્તાન સાથે યુદ્ધવિરામ કેમ કર્યો? ૧૦ મેના રોજ યુદ્ધવિરામના વાસ્તવિક કારણો સમજાવતા તેમણે કહ્યું કે, અમે પાકિસ્તાનના ૮ મુખ્ય વાયુસેના મથકો પર હુમલો કર્યો અને તેના કારણે યુદ્ધ બંધ કરવામાં આવ્યું.



અમેરિકન ન્યૂઝ વેબસાઈટ સાથેની એક ઈન્ટરવ્યુંમા જયશંકરે કહ્યું કે ૧૦મી તારીખે લડાઈ એક જ કારણસર બંધ થઈ ગઈ, અને તે એ છે કે અમે ૧૦મી તારીખે સવારે આ ૮ મુખ્ય પાકિસ્તાની એરફિલ્ડ્સને નિશાન બનાવ્યા અને તેમને ભારે નુકસાન કર્યું અને તેને કામ કરવા લાયક રહ્યા નહીં અને તમે મારા પર વિશ્વાસ ભલે ન કરો, આ તસવીરો ગૂગલ પર ઉપલબ્ધ છે. તમે જે રનવે અને હેંગરો પર હુમલો કરવામાં આવ્યો છે તે જોઈ શકો છો.

જયશંકરે આતંકવાદ સામે લડવા માટે દેશની પ્રતિબદ્ધતા વિશે એક મજબૂત અને સ્પષ્ટ સંદેશ આપ્યો.




# અમદાવાદમાં રિવરફ્રન્ટ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત યોગ શિબિર યોજાઈ






। અમદાવાદ, તા.૧૧ ।

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટના ઈવેન્ટ સેન્ટર ખાતે ભવ્ય યોગ શિબિર યોજાઈ હતી. 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ - ૨૦૨૫'ની ઉજવણીના ભાગરૂપે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત નિઃશુલ્ક 'યોગ શિબિર - કોમન યોગ પ્રોટોકોલ પ્રશિક્ષણ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

વહેલી સવારે ખુશનુમા માહોલમાં ૧૫ હજારથી વધુ શહેરીજનો આ યોગ શિબિરમાં સહભાગી બન્યા હતા.

આ યોગ શિબિરમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સહિત સર્વે મહાનુભાવોએ પણ યોગાભ્યાસ કર્યો હતો.

આ પ્રસંગે યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તથા ગૃહ વિભાગના રાજ્ય મંત્રીશ્રી હર્ષ સંઘવીએ કહ્યું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત ગુજરાત' અભિયાન અંતર્ગત યોગ શિબિરનું આયોજન થયું છે. આ અભિયાન અંતર્ગત આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પર ગુજરાતના તમામ જિલ્લાઓ એક નવો ઈતિહાસ બનાવવા તરફ આગળ વધી રહ્યા છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, યોગ એ ભારતીય સંસ્કૃતિની ઓળખ છે. યોગ અને પ્રાણાયામ એ માત્ર શારીરિક-માનસિક કસરત નહીં, પરંતુ મન, શરીર અને આત્મા સાથે સંવાદ સ્થાપિત કરવાની પદ્ધતિ છે.

આ અવસરે મંત્રીશ્રીએ ગુજરાતના તમામ જિલ્લાના નાગરિકોને યોગથી પ્રેરણા લઈને 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિત મુક્ત ગુજરાત' અભિયાનમાં જોડાવવા અપીલ પણ કરી હતી.

આ યોગ શિબિરમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના ચેરમેન તેમજ યોગસેવક શ્રી શિશપાલ રાજપૂત તેમજ યોગના પ્રખર નિષ્ણાતો દ્વારા યોગાસન, પ્રાણાયામ અને ધ્યાનના વિવિધ અભ્યાસો અંગે માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું.

ગુજરાત રાજય યોગ બોર્ડના ચેરમેન યોગસેવક શિશપાલજીએ વ્યસ્ત જીવનશૈલીમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત્ત થવા તેમજ નિયમિત યોગાભ્યાસ કરવાની હિમાયત કરી હાયપર ટેન્શન, મેદસ્વિતા નિવારણ તેમજ વિવિધ પ્રકારના આહારમાંથી મળતા તત્વો વિશે ચર્ચા કરી ઊર્જામય જીવન તરફ અગ્રેસર બનવા સૌને પ્રોત્સાહિત કર્યા હતા.

યોગને જીવનનો અભિન્ન હિસ્સો બનાવવા અનુરોધ કરતા શ્રી શિશપાલજી તથા રાજ્ય યોગ બોર્ડના સભ્યોએ યોગ અને પ્રાણાયામની કોમન પ્રોટોકોલ તાલીમ આપી નિયમિત વ્યાયામ, તણાવમુક્તિ માટે ધ્યાન, કામના ભારણ સાથે યોગ જેવા વિષયો ઉપર માર્ગદર્શન આપ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની 'મન કી બાત'માં યોગ દ્વારા મેદસ્વિતા દૂર કરવા માટે સમગ્ર દેશની જનતાને સંદેશ આપવામાં આવ્યો હતો, જે અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે પણ 'સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત' અભિયાન શરૂ કર્યું છે. જેને પરિપૂર્ણ કરવાની દિશામાં આ શિબિર એક સશક્ત પગલું સાબિત થશે.

યોગ દ્વારા શારીરિક, માનસિક અને આત્મિક આરોગ્ય તરફ સમાજને પ્રેરિત કરવા તેમજ યોગને જીવનશૈલી બનાવીને વ્યક્તિ-સમાજને તંદુરસ્ત તથા સુખમય બનાવવાના ઉદ્દેશથી આ સમગ્ર યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ યોગ શિબિરમાં અમદાવાદના મેયર શ્રીમતી પ્રતિભા જૈન, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી કંચનબા વાઘેલા, અમદાવાદ પશ્ચિમના સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, સર્વ ધારાસભ્યશ્રીઓ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના અગ્ર સચિવ શ્રી એમ.થેન્નારસન, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તેમજ જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, પદાધિકારીઓ તેમજ યોગસેવકો, યોગપ્રેમીઓ, શિક્ષકો, યુવાનો, વડીલો તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## વડોદરાના હોમ ઇન્ટિરિઓના સંચાલકની ધરપકડ કરાઇ

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૧ ।

વડોદરામાં ફ્લેટમાં ફર્નિચરનું કામ કરવાનો કોન્ટ્રાક્ટ લીધા બાદ છેતરપિંડી કરનાર વડોદરાના હોમ ઈન્ટિરિઓના સંચાલકની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે. ગાંધીનગરના સરગણા ખાતે ફ્લેટ ધરાવતી વ્યક્તિએ સોશિયલ મીડિયા પર હોમ ઈન્ટિરિઓ નામની સાઈટ જોઈ વડોદરાના હેરીન પંચાલનો સંપર્ક કર્યો હતો. હેરીને ૮.૮૦ લાખનો કોન્ટ્રાક્ટ લઈ ૨.૪૧ લાખ રૂપિયા લઈ લીધા હતા. પરંતુ ત્યારબાદ તેને કામ નહીં કરતા મકાન માલિકે ગાંધીનગરમાં પોલીસ ફરિયાદ કરી હતી. જે ફરિયાદના આધારે વડોદરા ક્રાઈમ બ્રાન્ચે હેરીન નરેશભાઈ પંચાલ (ચિત્રાનગર, દંતેશ્વર, હાલ રહે યોગી અમૃત એપાર્ટમેન્ટ, નુતન ભારત સોસાયટી, અલકાપુરી) ની અટકાયત કરી ગાંધીનગર પોલીસને સોપવા તજવીજ કરી છે.

## પશુ પંખીઓની સર્જરી માટે નવી મશીનરી લવાઈ

। (એજન્સી) વડોદરા, તા.૧૧ ।

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના કમાટીબાગ સ્થિત ઝૂ ખાતે પક્ષીઓ તથા નાના પ્રાણીઓની સારવાર (સર્જરી) માટે ૫ લાખના ખર્ચે ખરીદવામાં આવેલ ગેસ એનેસ્થેસિયા મશીન, ઈલેક્ટ્રો કોટરી મશીન અને અન્ય સંલગ્ન સાધનોનું આજે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ગેસ એનેસ્થેસિયા મશીનમા ગેસનો ઉપયોગ કરી અલગ અલગ વજનના પશુ-પંખીઓને એનેસ્થેસીયા આપી સર્જરી કરી શકાશે. બચ્ચાઓ માટે ઈન્ક્યુબેશન કીટ પણ લેવામાં આવી છે. એડવાન્સ ક્વોટરી સિસ્ટમ વીથ વેસલ સીલર દ્વારા પશુ પંખીમાં હેમરેજ અને લોહીની નસોમાંથી થતા બ્લીડીંગ કન્ટ્રોલ કરવામાં મદદ મળશે. સેન્ટ્રલ ઝુ ઓથોરિટીની ગાઈડ લાઈન મુજબ ઝૂ વેટ વેટરીનરી હોસ્પિટલમાં ઈન્ક્યુબેટર બ્રુડર તથા મેટીંગ માટેની સુવિધા પણ રાખવામાં આવી છે. અત્યાર સુધી આ હોસ્પિટલમાં સર્જરીના સાધનો બીજા શહેરની કોઈ સંસ્થા દ્વારા ઉપલબ્ધ કરાવતા હતા. એ સાધનો અહીં આવે ત્યારબાદ સર્જરી કરવામાં આવતી હતી. સર્જરી દરમિયાન પશુ પંખીને એનેસ્થેસિયા ઈન્જેક્શનથી અપાતું હતું.

## વિરાટ નારાયણ વનમાં કુલ ૫ લાખ વૃક્ષો વાવવાનો ધ્યેય છે





મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તાજપુરા ખાતે વિરાટ નારાયણ વનમાં પૂજ્ય શ્રી દાદાગુરુની પાવન ઉપસ્થિતિમાં વૃક્ષારોપણ કર્યું હતું. ટ્રસ્ટ દ્વારા ''એક પેડ માઁ કે નામ'' અભિયાન હેઠળ ૨૫,૦૦૦ વૃક્ષોના રોપણનું આયોજન કરવામાં આવ્યું.

AIની મદદ લેવાઈ

## અમદાવાદને પાણી પાણી થતા રોકવા માટે AMCનો માસ્ટરપ્લાન

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદમાં ચોમાસાની શરૂઆત ગમે ત્યારે થઈ શકે છે, અને આ વખતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) શહેરીજનોને વરસાદી સમસ્યાઓથી બચાવવા સજ્જ છે. AI ટેક્નોલોજી અને અદ્યતન સોફ્ટવેરની મદદથી AMCએ એક ખાસ કન્ટ્રોલ રૂમ તૈયાર કર્યું છે, જે શહેરના ૧૪૭ વોટર લોગિંગ સ્પોટ્સ પર નજર રાખશે અને ત્વરિત કાર્યવાહી કરશે. આવો, જાણીએ આ નવતર પહેલથી શહેરીજનોને કઈ રીતે રાહત મળશે. અમદાવાદમાં ચોમાસું આવે એટલે વોટર લોગિંગની સમસ્યા સામાન્ય બની જાય છે, પરંતુ આ વખતે AMCએ આગોતરી તૈયારીઓ કરી લીધી છે. શહેરના ૭ ઝોનમાં ૨૭ રેઈન ગેજ લગાવવામાં આવ્યા છે, જે વરસાદની તીવ્રતાને માપશે. AMCના કન્ટ્રોલ રૂમમાં AI આધારિત ખાસ સોફ્ટવેર તૈયાર કરવામાં આવ્યું છે, જે ભૂતકાળના ડેટા અને હવામાન વિભાગના એલર્ટના આધારે દર ૧૫ મિનિટે વરસાદની તીવ્રતાની માહિતી આપશે. આ સિસ્ટમમાં શહેરના ૧૪૭ વોટર લોગિંગ સ્પોટ્સનો ડેટા ફીડ કરાયો છે, જેથી ચોક્કસ સ્થળે ત્વરિત કાર્યવાહી થઈ શકે. આ વિશે AMC ના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશરના મિરાંત પરીખે જણાવ્યું કે, 'અમે આ વખતે AI ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ચોમાસાની સંપૂર્ણ તૈયારી કરી છે. અમારું કન્ટ્રોલ રૂમ ૨૪૮૭ કામ કરશે, અને દર ૧૫ મિનિટે મળતા એલર્ટના આધારે અમારો સ્ટાફ વોટર લોગિંગ સ્પોટ્સ પર તાત્કાલિક પહોંચી જશે. આનાથી શહેરીજનોને ઝડપથી રાહત મળશે.' તો AMC ના એડિશનલ સિટી ઈજનેર દેવાંગ દરજીએ કહ્યું કે, 'અગાઉ વરસાદ શરૂ થયાના ૧ થી દોઢ કલાક બાદ AMCનો સ્ટાફ સ્થળ પર પહોંચતો હતો, પરંતુ હવે યલો એલર્ટ મળતાની સાથે જ સ્ટાફને ચોક્કસ સ્થળે મોકલવામાં આવશે. આ ઉપરાંત, હવામાન વિભાગ દ્વારા પુણે શહેરની તર્જ પર અમદાવાદ માટે ખાસ સોફ્ટવેર તૈયાર કરવામાં આવી રહ્યું છે.

### ૧૪ થી ૧૭ જૂન સુધી એસપી રિંગ રોડ પર રોડ ઓવર બ્રિજ નંબર 713-A (રોપડા બ્રિજ) ની એક લાઇન રોડ ટ્રાફિક માટે બંધ રહેશે

। અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદ ડિવિઝનમાં એસપી રિંગ રોડ પર વટવા સ્થિત રોડ ઓવર બ્રિજ (ROB) નંબર ૭૧૩ છ (રોપડા બ્રિજ) કિ.મી. ૪૮૫/૫-૬ ની એક લાઈન વટવાથી હાથીજણ સર્કલ સુધી (ઉત્તરી બાજુ) ૧૪ જૂન ૨૦૨૫ થી ૧૭ જૂન ૨૦૨૫ સુધી મજબૂતીકરણ અને લોડ પ્રશિક્ષણ કાર્ય માટે બંધ રહેશે. સડક વપરાશકર્તાઓ આ સમયગાળા દરમિયાન આરઓબી નંબર ૭૧૩ એ (રોપડા બ્રિજ) ના ગેરતપુર બાજુના રોડની એક લાઈન ચાલુ છે જેનો ઉપયોગ કરીને અવરજવર કરી શકે છે.

રથયાત્રા પૂર્વે પોલીસ સતર્ક

## રથયાત્રા પૂર્વે ૨૪ અસામાજિક તત્ત્વોને પાસા, ૧૦ તડીપાર

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

રથયાત્રા પર્વ નજીક છે ત્યારે પોલીસ અધિકારીઓ એલર્ટ થઈ ગયા છે. ખુદ કમિશનર એક્શન મોડમાં આવી ગયા છે. રથયાત્રામાં કોઈ અનિચ્છનિય ઘટના ન ઘટે તે માટે અસામાજિક તત્ત્વો અને ગુનેગારોને પાઠ ભણાવવા કમિશનરે એક જ દિવસમાં ૨૪ ગુનેગારોને પાસા કરીને રાજ્યની જુદી જુદી જેલોમાં રવાના કરી દીધા છે. જ્યારે ૧૦ માથાભારે તત્ત્વોને તડીપાર કરી દીધા છે. ઉલ્લેખનીય છે કે હવે પોલીસની આબરૂ પર ડાઘ લગાવતા ગુનાઈત માનસિકતા ધરાવતા પોલીસકર્મીઓ સામે પણ પગલાં લેવાની કવાયત ચાલી રહી છે. ચાંદખેડા, અમરાઈવાડી, સાબરમતી, કાગડાપીઠ, ઈસનપુર વટવા, વટવા જીઆઈડીસી, શહેરકોટડા, એરપોર્ટ, નારોલ, કાલુપુર અને સરદારનગરમાં પોલીસની ધાક ન હોવાથી ગુનેગારો બેફામ બન્યા છે.

આ વિસ્તારના માથાભારે તત્ત્વો સામે પોલીસ કમિશનરે લાલ આંખ કરી છે.રથયાત્રા ટાણે અમદાવાદમાં પોલીસ અધિકારીઓ વચ્ચની તકરાર ચર્ચાનો વિષય બની રહી છે ત્યારે જ ગુનેગારો બેફામ બન્યા છે. છેલ્લા દિવસોમાં ફરીથી ગુનેગારો જાહેરમાં હુમલા કરતા હોવાના ફૂટેજ વાયરલ થઈ રહ્યા છે ત્યારે પોલીસ કમિશનરે આવા તત્ત્વોને ડામી દેવા તેમની સામે કાયદાનો દંડ ઉગામ્યો છે. કમિશનરના તાબાની પીસીબી દ્વારા શહેરના ચોક્કસ વિસ્તારતના ચોક્કસ માથાભારે તત્ત્વો સામે પાસા અને તડીપારના આદેશ કર્યા છે. પીસીબી દ્વારા ૨૪ ગુનેગાર સામે પાસાની ફાઈલ તૈયાર કરતાં કમિશરને તેને પાસા હેઠળ ૫૦૦ કિમી દૂર ભૂજ જેલમાં રવાના કરી દીધા છે. ઉપરાંત, ૧૦ માથાભારે તત્ત્વો સામે તડીપારની કાર્યવાહી કરવામાં આવી છે. આગામી રથયાત્રામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તથા કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે કમિશનરે આ પગલાં લીધા છે.

## 'મારા પિતા જેવા કોઇને પણ ન મળે' સ્યુસાઇડ નોટમાં પરિણીત પુત્રીની વેદના

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

હાઈકોર્ટ સમક્ષ આવેલા એક કેસમાં એવી હકીકત સામે આવી હતી કે એક પરિણીતાએ ખુદ પોતાના પિતા અને ભાઈના ત્રાસના કારણે ચાર વર્ષના પુત્ર સાથે ઝેરી દવા પી આપઘાત કર્યો હતો. તેણે સ્યુસાઈડ નોટમાં એવી વેદના ઠાલવી હતી કે,'મારા પિતા જેવો પિતા કોઈને પણ ન મળે.' આ મામલે નોંધાયેલી ફરિયાદમાં મૃતકના ભાઈને જામીન આપવા હાઈકોર્ટે ઈનકાર કરતાં તેણે જામીન અરજી પરત ખેંચી હતી. અમદાવાદ રેલવે પોલીસ સ્ટેશને મૃતકના પતિએ સસરા, સાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ ફરિયાદીની પત્નીએ તેના પિતા અને ભાઈની મરજી વિરુદ્ધ બીજી જ્ઞાતિમાં લગ્ન કર્યા હોવાથી આરોપીઓએ વિરોધ દર્શાવ્યો હતો. તેઓ પુત્રી અને સાસરિયાને મારી નાખવાની ધમકીઓ આપી ત્રાસ આપતા હતા. કંટાળીને પરિણીતાએ ૪ વર્ષના પુત્ર સાથે ઝેર પીને આપઘાત કર્યો હતો.ફરિયાદી અને મૃતક મહિલાએ ૨૦૨૦માં કોર્ટ મેરેજ કર્યા હતા. મહિલાના ઘરવાળા લગ્નની વિરુદ્ધ હોવાથી તેમને મારી નાખવાની ધમકી આપતા હોવાથી શરૂઆતમાં તેમણે પોલીસ પ્રોટેક્શન મેળવ્યું હતું.

૨.૪૮ લાખ ઉમેદવારો હાજર રહેવાની શક્યતા

## LRD પરીક્ષા માટે GSRTC દ્વારા એક્સ્ટ્રા બસો દોડાવાશે

**અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર, આણંદ અને ભાવનગર – પરીક્ષા કેન્દ્રો નિર્ધારિત કરવામાં આવ્યા છે**

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

૧૫ જૂને રાજ્યભરમાં આયોજિત લોકરક્ષક (LRD) કેડરની લેખિત પરીક્ષાને ધ્યાનમાં લઈ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC) દ્વારા ખાસ વ્યવસ્થા કરાઈ છે. રાજ્યના કુલ ૭ મુખ્ય શહેરોમાં – અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ગાંધીનગર, આણંદ અને ભાવનગર – પરીક્ષા કેન્દ્રો નિર્ધારિત કરવામાં આવ્યા છે, જ્યાં અંદાજે ૨.૪૮ લાખ ઉમેદવારો ઉપસ્થિત રહે તેવી શક્યતા છે.

ઉમેદવારોને સરળ પ્રવાસ સુવિધા પૂરી પાડવા માટે, GSRTC દ્વારા ૧૪ અને ૧૫ જૂનના દિવસોમાં વિવિધ જીલ્લાઓમાંથી પરીક્ષા કેન્દ્રની નજીકના ડેપોમાં પહોંચવા માટે એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવામાં આવશે. પરિવહન નિગમે દરેક ડેપો ખાતેથી અલગ ફાળવવામાં આવેલી બસ રાઉટ્સ માટે ઓનલાઈન ટિકિટ બુકિંગની વ્યવસ્થા પણ ઉપલબ્ધ કરાવી છે. ઉમેદવારો http://gsrtc.in વેબસાઈટ પરથી એડવાન્સમાં ટિકિટ બુક કરી શકશે અથવા પોતાના નજીકના ડેપો ખાતે કાઉન્ટર બુકિંગ દ્વારા સર્વિસનો લાભ લઈ શકશે. યાત્રા સંબંધિત વધુ માહિતી કે પ્રશ્નો માટે GSRTCનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૬૬૬૬૬૬ ૨૪૮૭ ઉપલબ્ધ રહેશે. LRD પરીક્ષાને સુચારૂ અને વ્યવસ્થિત બનાવવા માટે રાજ્ય સરકાર અને તંત્ર દ્વારા પ્રયાસો ચાલુ છે. એમાં આ પરીક્ષા દિવસે પરિવહન વ્યવસ્થાને મજબૂત બનાવવાનો નિર્ણય મહત્વપૂર્ણ સહાયરૂપ સાબિત થશે.

## ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટનાં મેનેજીંગ ટ્રસ્ટી અને ક્લાર્ક ૨ લાખની લાંચ લેતા પકડાયા

। (એજન્સી) રાજકોટ, તા.૧૧ ।

લાંચ કામના ફરિયાદી આરોપીની (ગુણવંતરાય ચુનીલાલ ખીરા) ગાયત્રી હાઈસ્કુલમાં ફરજ બજાવી નિવૃત થયેલ હોય તેઓના મોંઘવારીના ૫૩% મુજબ એરીયર્સ બિલની રકમ તથા રજા રોકડ રૂપાંતરની રકમ મળી કુલ આશરે રૂપિયા ૧૨,૧૫,૦૦૦ ની રકમ પોતાની ઝડપથી મળે તે હેતુથી આરોપી મળતા આરોપીઓએ રૂપિયા ૩,૦૦,૦૦૦ નો વહીવટ કરવો પડશે. જે રકઝકના અંતે રૂપિયા ૨,૦૦,૦૦૦ ઘરે આપી જવાનો વાયદો કર્યો હતો. જે લાંચની રકમ ફરિયાદી આપવા માંગતા ન હોય, જેથી ફરિયાદીની ફરિયાદ આધારે ગોઠવેલ લાંચના છટકા દરમ્યાન આ કામના આરોપી ગુણવંતરાય ચુનીલાલ ખીરા (શાળાનો મેનેજીંગ ટ્રસ્ટી) પંચ-૧ ની હાજરીમાં ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી ફરિયાદી પાસેથી આરોપી ગુણવંતરાય ચુનીલાલ ખીરા રૂપિયા ૨,૦૦,૦૦૦ ની ગેરકાયદેસર લાંચની રકમ માંગી આરોપી ધર્મેન્દ્રભાઈ ભાનુશંકરભાઈ ખીરા (ક્લાર્ક)ની હાજરીમાં સ્વીકારી બંન્ને આરોપીઓએ ગુનાહીત ગેરવર્તણુંક આચરી સ્થળ ઉપરથી પકડાઈ ગયા હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન: ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### દાવો કર્યા વગરના પૈસા વધીને ૭૮,૨૧૩ કરોડ

# બેંકો અને વીમા કંપનીઓમાં ક્લેમ વગરના પૈસા સતત વધી રહ્યા છે

## હવે આ માટે જિલ્લા સ્તરે કેમ્પ લગાવીને દાવો કર્યા વગરના પૈસા તેમના અસલ માલિક સુધી પહોંચાડવામાં આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

બેંકો અને વીમા કંપનીઓમાં ક્લેમ વગરના પૈસા સતત વધી રહ્યા છે. તેના વિશે સરકાર તરફથી પણ સતત ચિંતા જતાવવામાં આવી રહી છે. ભૂતકાળમાં ખાતાઓમાં જમા અનક્લેમ્ડ અમાઉન્ટ તેના અસલ માલિક સુધી પહોંચે તે માટે પોર્ટલ પણ લોન્ચ કરાયું હતું. સરકારની એવી કોશિશ છે કે આ પૈસા તેના અસલ હકદારો પાસે પહોંચે. હવે આ માટે જિલ્લા સ્તરે કેમ્પ લગાવીને દાવો કર્યા વગરના પૈસા તેમના અસલ માલિક સુધી પહોંચાડવામાં આવશે. કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે આ માટે જેમ બને



તેમ જલદી પ્રોસેસના અમલીકરણ માટે કહ્યું છે. નાણામંત્રીના આદેશ બાદ પૈસા તેમના અસલ હકદારો પાસે પહોંચાડવા માટે જિલ્લા સ્તર પર સ્પેશિયલ કેમ્પ લગાવવામાં આવશે. જે હેઠળ અનેક એજન્સીઓ મળીને કામ કરશે અને એવા લોકોની ઓળખ કરશે જેમના આ પૈસા છે. મુંબઈમાં ફાઈનાન્શિયલ સ્ટેબિલિટી એન્ડ ડેવલપમેન્ટ કાઉન્સિલ (FSDC) ની ૨૯મી બેઠક દરમિયાન નાણામંત્રીએ આ અંગે નિર્દેશ આપ્યો. આ દરમિયાન રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા(RBI), ઈરડા (IRDAI), પીએફઆરડીએ (PFRDA) જેવા મહત્વના ફાઈનાશિયલ રેગ્યુલેટર અને નાણા મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ સામેલ થયા. બેઠકમાં ફાઈનાન્શિયલ સેક્ટરના પડકારો અને પોલીસીઓ પર ચર્ચા થઈ. બેઠક દરમિયાન ક્લેમ વગરના પૈસા પર ધ્યાન આપવામાં આવ્યું. આ પૈસા ઈનઓપરેટિવ બેંક એકાઉન્ટ, અનક્લેમ્ડ ઈન્શ્યોરન્સ પોલીસી અને ડોરમેટ સિક્યુરિટી હોલ્ડિંગમાં ફસાયેલા છે. જાગૃતતાના અભાવે તથા પ્રોસેસમાં વિલંબના કારણે આ પૈસા તેમના અસલ હકદારો પાસે પહોંચી શકતા નથી. નાણામંત્રી નિર્મલા સીતારમણે નિર્દેશ આપ્યા છે કે આ પૈસા જેમ બને તેમ જલદી અને સરળ રીતે પરત કરવા માટે એક સિસ્ટમ હોવી જોઈએ. આ માટે સીતારમણે નો યોર કસ્ટમર (KYC) પ્રોસેસને સરળ અને ડિજિટલી બનાવવા માટે કહ્યું. તેમણએ કહ્યું કે તેને એવી બનાવો જેથી કરીને ચલોકો અને વેપારીઓને પરેશાની ન થાય. ફાઈનાન્શિયલ સેક્ટરમાં સારા એક્સપિરિયન્સ માટે એક્ટિવલી કામ કરવા માટે કહ્યું. રિઝર્વ બેંકના રિપોર્ટ મુજબ માર્ચ ૨૦૨૪ સુધી બેંકોમાં દાવો કર્યા વગરની રકમ વધીને ૭૮,૨૧૩ કરોડ રૂપિયા થઈ ગઈ છે. હાલ ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીનો આંકડો બહાર પાડવામાં આવ્યો નથી. FSDC એ ફાઈનાન્શિયલ રેગ્યુલેટર્સ વચ્ચે સારા તાલમેળ ઉપર પણ ભાર મૂક્યો. કાઉન્સિલે ઈન્વેસ્ટમેન્ટ વધારવા, ફેક્ટરિંગ સર્વિસમાં સુધાર અને એકાઉન્ટ એગ્રીગેટર સિસ્ટમને મજબૂત કરવાની પણ વાત કરી. અત્રે જણાવવાનું કે FSDCના ચેરમેન નાણામંત્રી હોય છે. તેમાં RBI, SEBI, IRDAI, PFRDA જેવા રેગ્યુલેટિંગ બોડીના પ્રમુખ અને નાણા મંત્રાલયના સચિવ સામેલ હોય છે. FSDC ફાઈનાન્શિયલ સ્ટેબિલિટીને જાળવી રાખવા માટે અને ઓવરઓલ ડેવલપમેન્ટ માટે પોલીસી તૈયાર કરે છે. જો તમારા બેંક એકાઉન્ટ લાંબા સમયથી ઈનએક્ટિવ હોય તો તેના માટે બેંકનો સંપર્ક કરો. ચેક કરો કે તેમાં પૈસા છે કે નહીં. જો આ પૈસા વીમા પોલીસી સંલગ્ન હોય તો વીમા કંપનીને તેના વિશે વાત કરો. જો પોલીસી મેચ્યોર થઈ ચૂકી હોય કે ક્લેમ બાકી હોય તો તેની જાણકારી મેળવો. ડીમેટ એકાઉન્ટ કે મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણની જાણકારી તમે ડિપોઝિટરી(NSDL/CDSL) કે ફંડ હાઉસમાંથી મેળવી શકો છો. આ ઉપરાંત પીએફ (PF) માટે EPFO ની વેબસાઈટ પર UAN નંબરથી ચેક કરી શકો છો કે પીએફમાં પૈસા બાકી છે કે નહીં.

**ન્યૂઝ બ્રિફ**

### રુતુરાજ ભારતીય ટીમમાં તક ના મળતાં વિદેશી ટીમમાં જોડાયો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ૫ મેચની ટેસ્ટ શ્રેણી ૨૦ જૂનથી શરૂ થઈ રહી છે. આ શ્રેણી પહેલા, ભારતીય A ટીમ અને ઈંગ્લેન્ડ લાયન્સ ટીમ વચ્ચે ૨ ટેસ્ટ મેચની ૪ દિવસની શ્રેણી રમાઈ હતી. રુતુરાજ ગાયકવાડને આ શ્રેણીનો ભાગ બનાવવામાં આવ્યો હતો. જોકે, તેને અભિમન્યુ ઈશ્વરનની આગેવાની હેઠળની ભારતીય A ટીમમાં પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મળ્યું નહોતું. હવે ગાયકવાડે વિદેશી ટીમ માટે રમવાનું નક્કી કર્યું છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ૫ મેચની ટેસ્ટ શ્રેણીમાં ગાયકવાડને તક મળી નથી. તે આ દિવસોમાં ઈંગ્લેન્ડમાં છે. આવી સ્થિતિમાં, તેણે કાઉન્ટી ટીમ યોર્કશાયર માટે રમવાનું નક્કી કર્યું છે. તે આ ટીમ સાથે ODI કપ પણ રમશે. ભારતના ઘણા ખેલાડીઓ છે જેમણે ઈંગ્લેન્ડમાં યોજાનારી કાઉન્ટી ક્રિકેટમાં ભાગ લીધો છે. સચિન તેંડુલકર, યુવરાજ સિંહ, ચેતેશ્વર પૂજારા પણ યોર્કશાયર ટીમ માટે રમી ચૂક્યા છે.

### પતિની કિડની ખરાબ થતાં દહેજમાં દુલ્હન પાસે કિડની માંગી લીધી



। (એજન્સી) મુઝફ્ફરપુર, તા.૧૧ ।

દહેજ લેવો કાયદાકીય રીતે ગુનો છે. તેમ છતાં આજે પણ કેટલાય વિસ્તારમાં દહેજની માંગ થતી રહે છે. ભારતમાં હજુ પણ ઘણા એવા ઘર છે, જ્યાં મહિલાઓને દહેજ માટે થઈને પ્રતાડિત કરવામાં આવે છે. તમે લોકોને દહેજમાં પૈસા, ગાડી, સામાન અથવા દાગીના માંગતા સાંભળ્યા હશે, પણ શું તમે ક્યારેય કોઈને સાસરિયા તરફથી દુલ્હન પાસે દહેજમાં કિડની માંગતા જોયા છે? જી હા, આ અજીબોગરીબ કિસ્સો બિહારમાંથી સામે આવ્યો છે. આવો જાણીએ શું છે આ સમગ્ર મામલો. હકીકતમાં જોઈએ તો, આ મામલો બિહારના મુઝફ્ફરપુરનો છે. અહીંની રહેવાસી દીપ્તિએ જણાવ્યું કે, તેના લગ્ન ૨૦૨૧માં થયા હતા. શરૂઆતના અમુક મહિનામાં બધું ઠીકઠાક ચાલતું રહ્યું. પણ લગ્નના થોડા મહિના બાદથી સાસરિયા પક્ષના લોકો તેના પર દહેજ લાવવાનું પ્રેશર બનાવવા લાગ્યા. પહેલા તો પૈસા, બાઈક અને દાગીનાની માંગ કરી તેને માનસિક અને શારીરિક રીતે પ્રતાડિત કરી. જ્યારે દીપ્તિએ તેમની માંગ પૂરી કરવાની ના પાડી દીધી તો સાસરિયાવાળાએ તેના પર ગંભીર પ્રેશર આપવાનું શરૂ કરી દીધું. દીપ્તિએ જણાવ્યું કે, તેને લગ્નના ૨ વર્ષ બાદ ખબર પડી કે તેના પતિને કિડનીની બીમારી છે.

### રોકેટ બુસ્ટરમાં મોટી ખામી સામે આવી

# ભારતીય અંતરિક્ષયાત્રી શુભાંશુ શુક્લાનું સ્પેસ મિશન ફરી ટળ્યું

## લોન્ચિંગના લગભગ ૧૦ કલાક પહેલા મોટી ખામી સામે આવી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૧ ।

ભારતના અંતરિક્ષયાત્રી ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુક્લાને લઈને અંતરિક્ષ સ્ટેશન રવાના થનારું એક્સિઓમ-૪ (Axiom 04) મિશન બુધવારે ફરીથી ટળ્યું. ફાલ્કન-૯ લોન્ચ વ્હિકલના રોકેટ બુસ્ટર પરીક્ષણમાં ઓક્સીજન લીકની ચૂક સામે આવી અને ત્યારબાદ આ સ્પેસ મિશનને સ્થગિત કરવું પડ્યું. જે સાંજે ૫.૩૦ કલાકે રવાના થવાનું હતું. આઈએસસ પર શુભાંશુ શુક્લા અને અન્ય યાત્રીઓ ૧૪ દિવસ વિતાવશે. સ્પેસએક્સ તરફથી જારી એક નિવેદનમાં કહેવાયું છે કે Ax-4 મિશનના ફાલ્કન ૯ લોન્ચ



વ્હિકલના નીરિક્ષણ દરમિયાન કેટલીક ખામીઓ સામે આી. આથી તેને ઠીક કરવામાં આવશે અને ત્યારબાદ તેના લોન્ચિંગની નવી તારીખ જાહેર કરાશે. જો કે લોન્ચિંગ માટે હવામાન ૮૫ ટકા અનુકૂળ ગણાવવામાં આવ્યું હતું. ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંગઠને પણ આ અંગે ટ્વીટ કરી છે. તેમણે કહ્યું કે ફાલ્કન ૯ લોન્ચ વ્હિકલના ટેસ્ટિંગ દરમિયાન ઓક્સીજન લીકની સમસ્યા સામે આવી. અમેરિકી અંતરિક્ષ એજન્સી નાસા, એલન મસ્કની કંપની સ્પેસ એક્સ અને ઈસરોના જોઈન્ટ અભિયાન તરીકે આ Axiom-4 મિશન લોન્ચ થવાનું છે. તેના અગાઉ પણ ત્રણ લોન્ચિંગ થઈ ચૂક્યા છે. ભારત માટે આ ઐતિહાસિક પળ છે કારણ કે લગભગ ૪૦ વર્ષ બાદ કોઈ ભારતીય અંતરિક્ષ યાત્રી સ્પેસ મિશન પર જશે. લખનઉના રહીશ અને એરફોર્સના પાઈલટ શુભાંશુ શુક્લાએ આ માટે એક વર્ષ સુધી અત્યંત કપરી ટ્રેનિંગ લીધી છે. આ અગાઉ પણ બેવાર Axiom-4 મિશન ટળ્યું છે.

### આમ આદમી પાર્ટીની મોટી જાહેરાત

# આમ આદમી પાર્ટી બિહારમાં બધી બેઠકો પર લડશે ચૂંટણી

## AAPના ચીફ અને ભૂતપૂર્વ મંત્રી સૌરભ ભારદ્વાજે માહિતી આપી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

આમ આદમી પાર્ટી આ વર્ષે બિહારમાં યોજાનારી વિધાનસભા ચૂંટણી લડશે. પાર્ટીએ બધી બેઠકો પર ચૂંટણી લડવાનો નિર્ણય લીધો છે. દિલ્હી AAPના ચીફ અને ભૂતપૂર્વ મંત્રી સૌરભ ભારદ્વાજે બુધવારે (૧૧ જૂન) આ માહિતી આપી. ગઠબંધનના પ્રશ્ન પર તેમણે કહ્યું કે અમે બિહારમાં એકલા ચૂંટણી લડીશું. સૌરભ ભારદ્વાજે કહ્યું, ''ગુજરાતમાં પાંચ બેઠકો પર પેટાચૂંટણીઓ યોજાવાની હતી. કોંગ્રેસના ચાર બેઠકો પર ઉમેદવારો હતા. અમારા ઉમેદવાર એક બેઠક પર જીત્યા હતા. તેથી નક્કી થયું કે જ્યાં તેમના ઉમેદવાર




જીત્યા હતા, ત્યાં તેઓ ચૂંટણી લડશે. જ્યાં અમારા ઉમેદવાર જીત્યા હતા, ત્યાં અમે ચૂંટણી લડીશું. ચાર બેઠકો પર પેટાચૂંટણીઓ યોજાઈ હતી. કોંગ્રેસે ચૂંટણી લડી હતી. અમે ત્યાં ચૂંટણી લડી ન હતી. પરંતુ જ્યારે પાંચમી બેઠક માટે પેટાચૂંટણી આવી, ત્યારે અમે અમારા ઉમેદવારને મેદાનમાં ઉતાર્યા, ત્યારે કોંગ્રેસે પણ ત્યાં પોતાનો ઉમેદવાર ઉતાર્યો. મને લાગે છે કે આ ગઠબંધનનો ધર્મ નહોતો. PACના બાકીના મોટા નેતાઓ જે પણ નિર્ણય લેશે, અમે તે પણ સ્વીકારીશું. અમે બિહારમાં એકલા ચૂંટણી લડી રહ્યા છીએ.'' બિહારના લોકો ભાજપને ભગાડી શકે છે. પૂર્વ મંત્રીએ વધુમાં કહ્યું, ''જે રીતે દિલ્હીમાં બિહારના આપણા લોકોનો રોજગાર નાશ કરવામાં આવી રહ્યો છે અને જ્યાં પણ તેમના નાના ઘર હતા, તેમને બુલડોઝરથી તોડી પાડવામાં આવી રહ્યા છે. એવું કહી શકાય કે બિહારના લોકોને બિહાર પાછા ભગાડી રહ્યા છે. જો ભારતીય જનતા પાર્ટી બિહારના લોકોને બિહાર પાછા ભગાડી શકે છે.



પુરીમાં ભગવાન જગન્નાથ મંદિર ચતુર્ધા મૂર્તિ (ભગવાન જગન્નાથ, ભગવાન બલભદ્ર અને દેવી સુભદ્રા) ના દેવતાઓની ઔપચારિક સ્નાન પૂર્ણિમા વિધિ.

### રડતાં રડતાં આખરે ગુનો સ્વીકાર્યો

# હા, હું મારા પતિ રાજાની હત્યામાં સામેલ હતીઃ સોનમ



। (એજન્સી) ઈન્દોર, તા.૧૧ ।

ઈન્દોરના રાજા રઘુવંશી હત્યા કેસમાં, પત્ની સોનમ રઘુવંશીએ હત્યાના કાવતરામાં સામેલ હોવાની કબૂલાત કરી છે. સદર પોલીસ સ્ટેશનમાં SIT પૂછપરછ દરમિયાન સોનમે કબૂલ્યું કે, હું રાજાની હત્યાના પ્લાનિંગમાં સામેલ હતી. સૂત્રો પાસેથી મળતી જાણકારી અનુસાર શિલોંગ પોલીસે સોનમની પુછપરછ શરૂ કરી હતી. આ દરમિયાન રાજા રઘુવંશી હત્યાકાંડનો માસ્ટરમાઈન્ડ અને સોનમનો પ્રેમી રાજ કુશવાહ પણ હાજર હતો. જયારે શિલોંગ પોલીસે સોનમને રાજા વિષે પૂછ્યું તો તેણે પહેલા તો પ્રશ્નનો જવાબ આપવાનું ટાળ્યું હતું. પરંતુ બાદમાં પોલીસ દ્વારા કડક પૂછપરછ કરતા તેણે રડતાં રડતાં કબૂલાત કરી કે, હા, હું રાજાની હત્યાના પ્લાનિંગમાં સામેલ હતી. આ સાથે, ખાસ વાત એ સામે આવી કે શિલોંગ પોલીસે સોનમ રઘુવંશીને તેના પ્રેમી રાજ કુશવાહ સાથે આમને-સામને મુલાકાત પણ કરાવી. શિલોંગ પોલીસની પૂછપરછ દરમિયાન સામે આવ્યું કે, સોનમ હનીમૂનના બહાને રાજાને મેઘાલયના શિલોંગ લઈ ગઈ હતી. ત્યારબાદ ફરવાના બહાને તે રાજાને સોહરાના સુમસાન વિસ્તારમાં લઈ ગઈ અને હત્યારાઓને તેનું લોકેશન શેર કરી દીધું હતું. પોલીસને હત્યામાં વપરાયેલ હથિયાર ગુવાહાટી રેલવે સ્ટેશન પાસેથી મળ્યું. હત્યા કર્યા બાદ સોનમે રાજાના ફોનમાંથી સાત જન્મોનો સાથ લખીને એક પોસ્ટ કરી જેથી પોલીસ તપાસ ગેરમાર્ગે ભટકાવી શકાય. રાજા રઘુવંશી મર્ડર કેસમાં તેની પત્ની સોનમ, રાજ કુશવાહ (સોનમનો પ્રેમી) અને ત્રણ કોન્ટ્રાક્ટ કિલર આનંદ, આકાશ રાજપૂત અને વિશાલ ઉર્ફે વિકી ઠાકુરનો સમાવેશ થાય છે. સોનમની યુપીના ગાઝીપુરથી ધરપકડ કરવામાં આવી હતી. રાજ કુશવાહ અને વિશાલની ઈન્દોરથી ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે આકાશ રાજપૂતની મધ્યપ્રદેશના સાગરથી અને આનંદની યુપીના લલિતપુરથી ધરપકડ કરવામાં આવી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે, પોલીસને ઘટનાસ્થળેથી કેટલાક ડિજિટલ પુરાવા, કોલ રેકોર્ડ અને વોટ્સએપ ચેટ પણ માળી આવ્યા છે, જે હત્યાના કાવતરાને સાબિત કરે છે. નોંધનીય છે કે ઈન્દોરના રહેવાસી રાજા અને સોનમ રઘુવંશી હનીમૂન માટે મેઘાલય ગયા હતા. રાજાનું ત્યાં રહસ્યમય સંજોગોમાં મૃત્યુ થયું હતું, તપાસ કરતા હત્યા થઈ હોવાનું જાણવા મળ્યું હતું. મેઘાલય પોલીસે ઝડપી તપાસ કરતા સોનમ અને તેના કથિત પ્રેમી રાજ કુશવાહાની ધરપકડ બાદ પૂછપરછ શરૂ થઈ. હવે સોનમની કબૂલાત બાદ આ કેસમાં નિર્ણાયક વળાંક આવ્યો છે.

### ૪ રેલવે અધિકારી સસ્પેન્ડ

# અમરનાથ જતા BSF જવાનોને ગંદકીવાળી ટ્રેન ફાળવાતા વિવાદ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

અમરનાથ યાત્રાને લઈને કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છે. જે અંતર્ગત ૧૨૦૦ જેટલા BSF (બોર્ડર સિક્યોરિટી ફોર્સ)ના જવાનોને ડ્યુટી પર જવા માટે 'ખરાબ' ટ્રેન ફાળવવામાં આવી હતી. જેને લઈને હોબાળો થયો હતો. જે મામલે ૫ દિવસ જૂના કેસમાં રેલવે મંત્રાલયના ૪ રેલવે અધિકારીઓને સસ્પેન્ડ કરી દેવાયા છે. ૬ જૂનના રોજ જવાનોને ત્રિપુરાથી અમરનાથ જવાનું હતું. નોર્થ ઈસ્ટ ફ્રન્ટિયર રેલવે (NFR) એ જે ટ્રેન જવાનોને ઉપલબ્ધ કરાવી



હતી, જેમાં બારી-દરવાજા તૂટેલા હતા. ટોયલેટ તૂટેલું અને ગંદુ હતું, લાઈટ પણ નહતી. સીટો પર ગાદીઓ પણ નહતી. રેલવેમાં વંદા ફરતા જોવા મળ્યા હતા. જેનો વીડિયો પણ સામે આવ્યો છે. આ બધુ જોઈને જવાનોએ ઈનકાર કરતા ૧૦ જૂને બીજી ટ્રેન ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

### રાજા રઘુવંશી હત્યા કેસમાં મોટી અપડેટ

# ચારેય આરોપીઓએ ગુનો કબૂલ્યો, સોનમની નજર સામે જ થયું હતું મર્ડર

। (એજન્સી) ઈન્દોર, તા.૧૧ ।

રાજા રઘુવંશીની હત્યાના કેસમાં અત્યાર સુધીમાં ઘણા ચોંકાવનારા ખુલાસા થયા છે. હવે વધુ એક મોટો ખુલાસો થયો છે. રાજાની હત્યાના ચારેય આરોપીઓએ પોતાનો ગુનો કબૂલી લીધો છે. પૂછપરછ દરમિયાન આરોપીઓએ જણાવ્યું કે રાજાની હત્યા તેની પત્ની સોનમની સામે કરવામાં આવી હતી અને ત્યારબાદ લાશને ખાડામાં ફેંકી દેવામાં આવી હતી. સોનમ આ હત્યાનો મુખ્ય કાવતરાખોર હોવાનું માનવામાં આવે છે. ઈન્દોર ક્રાઈમ બ્રાન્ચે જણાવ્યું હતું કે રાજા



રઘુવંશીની હત્યાના ચાર આરોપીઓએ ગુનો કબૂલી લીધો છે. ખાનગી પોર્ટલના એક અહેવાલ મુજબ, એસીપી પૂનમ ચંદ યાદવે જણાવ્યું હતું કે, આરોપીઓએ માત્ર હત્યાની કબૂલાત જ નથી કરી પણ એ પણ ખુલાસો કર્યો છે કે હત્યા સમયે રાજાની પત્ની સોનમ રઘુવંશી હાજર હતી.

# SoBo મુંબઈ ફાલ્કન્સે સેમિફાઇનલ મેચમાં નમો બાંદ્રા બ્લાસ્ટર્સને હરાવ્યું

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।

શ્રેયસ ઐયર એક મહાન કેપ્ટન છે અને તેણે IPL 2025 પુરી થયા બાદ ફરી એકવાર આ સાબિત કર્યું છે. શ્રેયસની કેપ્ટનશીપ હેઠળ, પંજાબ કિંગ્સ IPLની આ સિઝનમાં ફાઈનલમાં પહોંચી હતી. ભલે આ ટીમ વિજેતા ન બની શકી, પરંતુ તેની કેપ્ટનશીપની ખૂબ પ્રશંસા થઈ હતી. હવે તેણે T20 મુંબઈ લીગમાં SoBo મુંબઈ ફાલ્કન્સને ફાઈનલમાં પહોંચાડ્યું છે. T20 મુંબઈ લીગ ૨૦૨૫માં શ્રેયસ



ઐયરની કેપ્ટનશીપ હેઠળ SoBo મુંબઈ ફાલ્કન્સે સેમિફાઈનલ મેચમાં નમો બાંદ્રા બ્લાસ્ટર્સને ૫ વિકેટથી હરાવ્યું અને આ લીગની ફાઈનલમાં પ્રવેશ કર્યો. હવે ફાઈનલમાં શ્રેયસ ઐયરની ટીમ ૧૨ જૂને મુંબઈ સાઉથ સેન્ટ્રલ મરાઠા રોયલ્સનો સામનો કરશે. શ્રેયસ હવે તેની ટીમને વિજેતા બનાવવાથી માત્ર એક ડગલું દૂર છે. T20 Mumbai League 2025ની બીજી સેમિફાઈનલ મેચમાં SoBo Mumbai Falconsનો સામનો નમો બાન્દ્રા બ્લાસ્ટર્સ સાથે થયો. આ મેચમાં શ્રેયસની ટીમે ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો. આ પછી નમો બાન્દ્રા બ્લાસ્ટર્સે ૨૦ ઓવરમાં ૧૩૦ રન બનાવ્યા. બીજા દાવમાં, SoBo Mumbaiએ ૧૪.૪ ઓવરમાં ૫ વિકેટે ૧૩૧ રન બનાવ્યા અને મેચ ૫ વિકેટથી જીતી લીધી અને ફાઈનલમાં પહોંચી. આ મેચમાં, ઓપનર ઈશાન મુલચંદાનીએ સોબો મુંબઈ ફાલ્કન્સ માટે ૩૪ બોલમાં ૩ છગ્ગા અને ૨ ચોગ્ગાની મદદથી ૫૨ રનની અણનમ ઈનિંગ રમી અને ટીમને વિજય અપાવીને પાછો ફર્યો. કેપ્ટન શ્રેયસનું બેટ ના ચાલ્યું અને તે ફક્ત એક રન પર આઉટ થયો, પરંતુ અંગક્રિશ રઘુવંશીએ આ મેચમાં ૨૭ રન બનાવ્યા જ્યારે ઓલરાઉન્ડર આકાશ પાર્કરે ૨૦ બોલમાં ૩૨ રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી. ઈશાનને તેની શાનદાર ઈનિંગ માટે પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ કરવામાં આવ્યો. નમો બાંદ્રા બ્લાસ્ટર્સની બેટિંગની વાત કરીએ તો, સોબો મુંબઈના બોલરો સામે આ ટીમ સંપૂર્ણપણે બરબાદ થઈ ગઈ હતી. નમો બાંદ્રા માટે ધ્રુમિલ માટકરે ૩૪ રન બનાવ્યા જ્યારે કેપ્ટન આકાશ આનંદે ૩૧ રન બનાવ્યા.

# તંત્રી લેખ...

## એક્સપ્રેસવે પર જેટલી ગાડી ચાલશે તેટલો કપાશે ટોલ ટેક્સ

દેશમાં ટૂંક સમયમાં નવી ટોલ પોલિસી અમલમાં આવી શકે છે. નવી ટોલ પોલિસી અંતર્ગત એક્સપ્રેસ વે અને નેશનલ હાઈવે પર જેટલું વાહન ચાલશે તેટલો જ ટોલ કપાશે. હવે કિલોમીટર દીઠ ટોલ ટેક્સ વસૂલવા નવી ટોલ પોલિસી આવશે. હવે દરેક ટોલબૂથ પર લાગેલા ફાસ્ટટેગ અને કેમેરામાં નંબર પ્લેટને ચેક કરવામાં આવશે. વાહન ક્યાં કેટલા કિમી ચાલ્યું છે તેની તપાસ કરવામાં આવશે અને ફાસ્ટટેગના માધ્યમથી તે મુજબ જ ટોલ વસૂલવામાં આવશે. ટોલનો ચાર્જ સીધા વાહન માલિકના બેંક એકાઉન્ટમાંથી કપાશે. નવી ટોલ નીતિ વાહનચાલકોને પરવડે તેવી અને સુવિધાજનક હશે. જેના કારણે રોજની માથાકૂટ અને લાંબી લાઈનોમાંથી વાહનચાલકોને છૂટકારો મળશે. કેન્દ્ર સરકારને ટોલની સૌથી વધુ આવક ઉત્તરપ્રદેશમાંથી થઈ રહી છે. વર્ષ ૨૦૨૪-૨૫ના એપ્રિલથી ફેબ્રુઆરી સુધીમાં નેશનલ હાઈવે પર ટોલથી સૌથી વધુ રકમ વસૂલ કરવામાં આવી હતી. આ જાણકારી સંસદમાં ખુદ કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રી ગડકરીએ આપી હતી. નવી નીતિ હેઠળ સૌથી મહત્વપૂર્ણ ફેરફાર એ છે કે હવે ડ્રાઈવરોએ ફક્ત તેમણે કાપેલા અંતર માટે જ ટોલ ફી ચૂકવવી પડશે. એટલે કે જો કોઈ વાહન ફક્ત ૧૦ કિમી માટે એક્સપ્રેસ વે અથવા રાષ્ટ્રીય ધોરીમાર્ગનો ઉપયોગ કરે છે, તો તેણે તે મુજબ ટોલ ચૂકવવો પડશે. આનાથી તે મુસાફરોને રાહત મળશે જેમને ટૂંકા અંતરની મુસાફરી માટે પણ સમગ્ર ટોલ સ્લેબ ચૂકવવાની ફરજ પડી હતી. નવી સિસ્ટમમાં દરેક ટોલ બૂથ પર અત્યાધુનિક કેમેરા લગાવવામાં આવશે, જે વાહનોની નંબર પ્લેટ સ્કેન કરશે. ઉપરાંત ફાસ્ટેગ દ્વારા ડ્રાઈવરોના બેંક ખાતામાંથી ટોલની રકમ આપમેળે કાપવામાં આવશે.

## મોદી સરકારના પ્રયાસો છેલ્લા ૧૧ વર્ષમાં ભારતમાં સામાજિક સુરક્ષા કવરેજમાં ઐતિહાસિક વિસ્તરણનો માર્ગ મોકળો કરે છે

### આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (ILO)એ ભારતના સામાજિક સુરક્ષા કવરેજમાં મોટો વધારો નોંધાવ્યો છે, જે ૨૦૧૫માં ૧૯ ટકાથી વધીને ૨૦૨૫માં ૬૪.૩ ટકા થયો છે અને તેને ડેશબોર્ડ પર પ્રકાશિત કર્યો




વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સબકા સાથ, સબકા વિકાસ'ના વિઝનથી પ્રેરિત થઈને, ભારતે સામાજિક સુરક્ષા કવરેજના ક્ષેત્રમાં એક ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કર્યું છે, જે વૈશ્વિક સ્તરે સૌથી મહત્વપૂર્ણ વિસ્તરણોમાંનું એક છે. આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠન (ILO)ના ILOstat ડેટાબેઝના તાજેતરના ડેટા અનુસાર, ભારતનું સામાજિક સુરક્ષા કવરેજ ૨૦૧૫માં ૧૯ ટકાથી વધીને ૨૦૨૫ માં ૬૪.૩ ટકા થવાનો અંદાજ છે, જે છેલ્લા દાયકામાં ૪૫ ટકાનો અભૂતપૂર્વ વધારો છે. આંતરરાષ્ટ્રીય શ્રમ પરિષદ (ILC) દરમિયાન ILOના ડિરેક્ટર જનરલ શ્રી ગિલ્બર્ટ એફ. હોંગબો સાથે દ્વિપક્ષીય ચર્ચાઓ કરતા, કેન્દ્રીય શ્રમ અને રોજગાર અને યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ છેલ્લા ૧૧ વર્ષમાં મોદી સરકાર દ્વારા શરૂ કરાયેલ ગરીબી-કેન્દ્રિત અને કામદાર કલ્યાણ યોજનાઓ પર પ્રકાશ પાડ્યો હતો. કેન્દ્રીય મંત્રીએ ILOના મહાનિર્દેશકને આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનના સહયોગથી સરકાર દ્વારા ચલાવવામાં આવી રહેલા રાષ્ટ્રીય સ્તરના સામાજિક સુરક્ષા ડેટા પૂલિંગ અભિયાન વિશે પણ માહિતગાર કર્યા હતા. આ પ્રયાસોની પ્રશંસા કરતા, ILOએ ભારતની સિદ્ધિનો સ્વીકાર કર્યો અને સત્તાવાર રીતે તેના ડેશબોર્ડ પર પ્રકાશિત કર્યું કે ભારતની વસ્તીના ૬૪.૩ ટકા, એટલે કે ૯૪ કરોડથી વધુ લોકો હવે ઓછામાં ઓછા એક સામાજિક સુરક્ષા લાભ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. ૨૦૧૫ માં આ આંકડો માત્ર ૧૯ ટકા હતો. ભારત હવે લાભાર્થીઓની સંખ્યાની દ્રષ્ટિએ વિશ્વમાં બીજા ક્રમે છે, જે લગભગ ૯૪ કરોડ નાગરિકોને સામાજિક સુરક્ષા પૂરી પાડે છે. ILOના મહાનિર્દેશકે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગરીબો અને કામદાર વર્ગ માટે ભારતની કેન્દ્રિત કલ્યાણકારી નીતિઓની પ્રશંસા કરી હતી. દરેક દેશ માટે યોજના પર વિચાર કરવા માટે ILOના માપદંડોમાં સામેલ છે કે યોજના કાયદાકીય રીતે સમર્થિત હોવી જોઈએ, રોકડ-આધારિત અને સક્રિય હોવી જોઈએ અને છેલ્લા ત્રણ વર્ષનો ચકાસાયેલ સમય શ્રેણી ડેટા ઉપલબ્ધ હોવો જોઈએ. જીનીવાથી, ડૉ. માંડવિયાએ કહ્યું, "આ નોંધપાત્ર સિદ્ધિ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના સ્વપ્નદ્રષ્ટા નેતૃત્વ અને સમાવિષ્ટ અને અધિકાર-આધારિત સામાજિક સુરક્ષા ઈકોસિસ્ટમના નિર્માણમાં સરકારના અવિરત પ્રયાસોનો પુરાવો છે. આ વૃદ્ધિ વૈશ્વિક સ્તરે સામાજિક સુરક્ષા કવરેજમાં સૌથી ઝડપી વિસ્તરણનું પ્રતિનિધિત્વ કરે છે, જે "અંત્યોદય"ના વચનને પૂર્ણ કરવા માટે સરકારની અતૂટ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે - સમાજના છેલ્લા વ્યક્તિને સશક્ત બનાવવું અને કોઈને પાછળ ન છોડવું." એ નોંધવું મહત્વપૂર્ણ છે કે વર્તમાન આંકડો ડેટા પૂલિંગ કવાયતના ફક્ત પ્રથમ તબક્કાને પ્રતિબિંબિત કરે છે. આ તબક્કો પસંદ કરેલા ૮ રાજ્યોમાં કેન્દ્રીય ક્ષેત્ર યોજનાઓ અને મહિલા-કેન્દ્રિત યોજનાઓના લાભાર્થી ડેટા પર કેન્દ્રિત હતો. બીજા તબક્કા અને ચાલુ એકત્રીકરણ સાથે, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે ILO દ્વારા વધારાની યોજનાઓની માન્યતા પછી ભારતનું કુલ સામાજિક સુરક્ષા કવરેજ ટૂંક સમયમાં ૧૦૦ કરોડના આંકડાને પાર કરશે. ભારત ILOstat ડેટાબેઝમાં ૨૦૨૫ના સામાજિક સુરક્ષા કવરેજ ડેટાને અપડેટ કરનાર વૈશ્વિક સ્તરે પ્રથમ દેશ છે, જે ડિજિટલ ગવર્નન્સ અને કલ્યાણ પ્રણાલીઓની પારદર્શિતામાં તેની નેતૃત્વ સ્થિતિને વધુ મજબૂત બનાવે છે. વધુમાં, સામાજિક સુરક્ષા કવરેજમાં વધારો કરીને, ખાસ કરીને વિકસિત દેશો સાથે સામાજિક સુરક્ષા કરારો (SSA)ને અંતિમ સ્વરૂપ આપીને, ભારતનું વૈશ્વિક જોડાણ વધુ મજબૂત બનશે. આ કરારો વિદેશમાં કામ કરતા ભારતીય વ્યાવસાયિકો માટે સામાજિક સુરક્ષા લાભોની પોર્ટેબિલિટી સુનિશ્ચિત કરશે, તેમજ ભાગીદાર દેશોને પરસ્પર માન્યતા માળખા માટે જરૂરી પારદર્શિતા પ્રદાન કરશે.

### ગીતામાં શ્રીકૃષ્ણ સ્વયં પોતાના મુખેથી બોલ્યા છે, કે દરેક જીવમાં વસતો અવિનાશી આત્મા એ મારું સ્વરૂપ છે

# જ્યાં લગી આત્મા તત્વ ચીન્યો નહીં! એ પદ આજના સમાજને પણ એકદમ અનૂરુપ છે!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ઈશ્વરને જાણવા માટે પહેલા પોતાની જાતને એટલે કે આત્મા વિશેની જાણકારી પ્રાપ્ત કરવી, એવું કવિ કહે છે. જો આવું ન થાય તો મનુષ્ય અવતાર એળે ગયો, અને જેમ વગર મોસમે વરસાદ આવે છે, તેમ માવઠાની જેમ તારો જન્મ નિષ્ફળ જશે, કોઈપણ પ્રકારની ખેત પેદાશ પ્રાપ્ત થશે નહીં.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. વ્યક્તિ એ વ્યક્તિ એ ચિંતન બદલાય છે, કારણ કે અહીં બધું જ ચલિત છે, એટલે કે સમય અને સંજોગો પણ એકસરખા રહેતા નથી, અવસ્થા પણ બદલાય છે, માનસિકતા પણ બદલાય છે, એ જ રીતે અવસ્થા પ્રમાણે હેતુ પણ બદલાતા જોવા મળે છે.પરંતુ મનુષ્યની ફિદરત છે કે, તેને જે કંઈ મળ્યું હોય તેનાથી તેને પૂર્ણ સંતોષ થતો નથી, અને આસપાસના ને કે અન્ય કોઈ ને શું મળ્યું છે? અને શું નહી? તેને વિષે તે સતત ચિંતિત રહે છે, અથવા તો જાણવા મથે છે, અને આ કારણસર જ પોતાની અંદર શું પડ્યું છે, કે પોતાને શું કરવું જોઈએ! તે વિશે વિચારતો નથી. સમય રેતી જેવો છે તે સતત સરતો જાય છે, અને આવી શુલ્ક બાબતમાં જીવન વેડફાય જાય નહીં, તેથી કરીને નરસિંહ પાછો યાદ આવે છે, અને જીવનમાં હરિને ભજવા માટે કે અંતિમ સત્યને જાણવા વળી એક પદ સૂચવે છે.

**નરસિંહ મહેતા**
**જ્યાં લગી આત્મા તત્વ**
**ચીન્યો નહિ,**
**ત્યાં લગી સાધના સર્વ જૂઠી,**
**મનુષ્ય-દેહ તારો એમ**
**એળે ગયો**
**માવઠાની જેમ વૃષ્ટિ જૂઠી.**

ઈશ્વરને જાણવા માટે પહેલા પોતાની જાતને એટલે કે આત્મા વિશેની જાણકારી પ્રાપ્ત કરવી, એવું કવિ કહે છે. જો આવું ન થાય તો મનુષ્ય અવતાર એળે ગયો, અને જેમ વગર મોસમે વરસાદ આવે છે, તેમ માવઠાની જેમ તારો જન્મ નિષ્ફળ જશે, કોઈપણ પ્રકારની ખેત પેદાશ પ્રાપ્ત થશે નહીં. ગીતામાં શ્રીકૃષ્ણ સ્વયં પોતાના મુખેથી બોલ્યા છે, કે દરેક જીવમાં વસતો અવિનાશી આત્મા એ મારું સ્વરૂપ છે. તો બહાર ઈશ્વરને શોધ્યા પહેલા અંદર આપણી જાતનું મનોમંથન કરી, ઈશ્વરત્વને શોધવું એ બહુ જ જરૂરી છે. અને જે કોઈ સમયસર પોતાના આત્મતત્વ જાણતા નથી, તેમજ સાંસારિક ભોગવિલાસમાં રચ્યાપચ્યા રહે છે, તે માનવનો જન્મ એળે જતો હોય છે,અને તેના જીવનને કવિ કમોસમી વરસાદ એટલે કે માવઠા સાથે સરખાવે છે. કે જેનું જીવન માં કોઈ જ મહત્વ નથી, ઉપરાંત તે નુકસાનકારક પણ હોય છે.

**શુ થયું સ્નાન, પૂજા ને**
**સેવા થકી**
**શું થયું ઘેર રહી દાન દીધે ?**
**શુ થયું ધરી જટા**
**ભસ્મ લેપન કર્યે,**
**શું થયું વાળ લોચન કીધે ?**

કવિ કહેવાતા ધર્મ વિશે બહુ મોટા પ્રશ્નાર્થ કરી, અને લોકોને જગાડવાની કોશિશ કરી રહ્યા છે. કહે છે કે સ્નાન, પૂજા, અને સેવા કરવાથી, શું થાય? મોટા મોટા દાન દેવાથી પણ શું થાય? તેમજ બહુ વૈરાગ્ય આવી ગયો હોય, તેમ શરીરે ભસ્મ ચોળીને જટા બાંધી લેવાથી પણ શું થાય? ઘણીવાર કંઈ પ્રાપ્ત થતું નથી. તો અમુક ધર્મોમાં વાળનું લોચન કરવું, એટલે કે પોતાની જાત પર અત્યાચાર કરવાથી પણ શું થાય?યુગ ગમે તે હોય અને તે સમયના સમાજની પણ આવી માનસિકતા હતી, કે ધર્મ એ ફક્ત બાહ્ય પરિધાન ને અનુલક્ષીને કહેવાતો, એ શું યોગ્ય છે? એવો એક પ્રશ્નાર્થ નરસિંહ મૂકી સૌને જાગૃત કરવા કહે છે,

**શું થયું તપ ને તીરથ**
**કીધા થકી,**
**શું થયું માળ ગ્રહી**
**નામ લીધે ?**
**શું થયું તિલક ને**
**તુલસી ધાર્યા થકી,**
**શું થયું ગંગાજળ**
**પાન કીધે?**

સમાજના ઘણા લોકો ધર્મને તીર્થ સાથે જોડે છે, એટલે કે તીર્થમાં જઈ દાન ધર્મ કે સ્નાન કરવાનું પણ એક આપણે ત્યાં મહત્વ દેખાડ્યું છે,તો શું ખરેખર એવું કરવાથી ઈશ્વર તત્વની પ્રાપ્તિ થાય છે? સતત માળા ના મણકા ફરતા હોય છે, પરંતુ તેની સાથે મન પણ ફરતું રહે, એવા જાપ કીધે અંતે શું પ્રાપ્ત થાય છે? વૈષ્ણવ જેવું કપાળમાં તિલક કર્યું અને તુલસીના પારાની માળા લીધી, અથવા તો તુલસીદળ ભક્તિ સ્વરૂપે ગ્રહણ કર્યું, પણ ફક્ત તેનાથી જ શું ભક્ત કહેવાયા? ગંગાજળનું પણ આપણે ત્યાં ખૂબ જ મૂલ્ય છે અને ઘણા તેનું પાન કરતાં હોય છે, અને ઘણા તેની સાક્ષી એ સારાં કર્મ કરવાના સંકલ્પ કરતા હોય છે, તો શું એ નિર્મળ જળ જેવું આપણું મન નિર્મળ હોય છે? ભક્તિમાં કોઈ જ પ્રકારના સાધનની જરૂર હોતી નથી, આ તો ભગવાનને ભોગ ધરવાનું માત્ર એક જ કારણ છે, કે તેને ધરી અને પછી ભક્ત તે ગ્રહણ કરે, તો એ વિકારીત રહેતું નથી, અથવા તો પ્રમાણમાં ઓછો વિકાર આવે છે.

**શું થયું વેદ વ્યાકરણ**
**વાણી વદે,**
**શું થયું રાગ ને રંગ જાણ્યે?**
**શું થયું ખટ દર્શન**
**સેવ્યા થકી,**
**શું થયું વરણના ભેદ**
**આણ્યે?**

જ્ઞાનને નામે નરસિંહ કટાક્ષ કરતાં કહે છે કે વેદ વાંચી લીધાં, તેના વ્યાકરણ વિશે પણ જાણી લીધું, કયા કયા પ્રકારના જીવનમાં રાગ છે, અને તેના મુખ્ય રંગ એટલે કે ભાવ કયો છે, તે વિશે પણ જાણ્યું, અંતે એવું પણ જાણી લીધું કે આ જગત મિથ્યા છે, એટલે કે સંસારની ગતિવિધિઓમાં જ બ્રહ્મત્વ ભુલાઈ ગયું, રોજ રોજ આત્મચિંતન કરીને તેવું જીવીએ નહીં. કયા ક્યા રાગ એટલે કે મમતા, મોહ, લોભ, લાભ, બધા ઘેરી રહ્યા છે, અને દરેકનો રંગ એટલે કે ભાવ જીવનને પ્રદૂષિત કરી રહ્યો છે. એ વિશે પણ પૂરતી જાણકારી પ્રાપ્ત કરી લીધી, પણ જો આચરણમા મુક્યાં વગર જીવાય નહીં, તો જીવન વ્યર્થ છે.

**એ છે પ્રપંચ સહુ પેટ**
**ભરવા તણા,**
**આતમારામ પરિબ્રહ્મ**
**ન જોયો;**
**ભણે નરસૈંયો કે**
**તત્વદર્શન વિના,**
**રત્ન-ચિંતામણિ જન્મ ખોયો.**

સાધનાના આ બધા જ પ્રકાર એટલે કે ઈશ્વરને પ્રાપ્ત કરવા માટે આ બધા સાધન જરૂરી છે, તેવું જે કોઈ જતાવે છે, તે બધા જ પ્રપંચ કરે છે, અને પોતાનો અહમ સિદ્ધ કરવા માટે, આવી વાતો કરે છે.જ્યાં સુધી આત્મતત્વ વિશે જાણકારી મેળવી નથી, એટલે કે પોતાની અંદર જ ઈશ્વર છે, તેનો અહેસાસ થાય નહીં, અને એ રૂપે, પરમાત્માને જોવામાં ન આવે, ત્યાં સુધી બધું જ ખોટું છે.નરસૈંયો કહે છે કે તત્વચિંતન વિના બધું જ મિથ્યા છે, અને લોકો આ અમૂલ્ય મનુષ્ય અવતાર આમને આમ ખોઈ નાખે છે. કેટલું યથાર્થ દર્શન છે, ધર્મને નામે, કે ભક્તિને નામે, કારણ કે અહીં હું કરું, એ સાચું એવું સૌને સિદ્ધ કરવું છે. કોઈને હરિ તત્વ વિશે કે પોતાના આત્મતત્વ વિશે ક્યાં જાણવું જ હોય છે? ગમે તેમ કરીને સમાજમાં મને પ્રતિષ્ઠા મળી જાય, બસ જીવનનો ફક્ત આજ હેતુ રહી ગયો છે. આજથી લગભગ ૬૦૦ વર્ષ પહેલા લખાયેલા નરસિંહના પદો એ સમયે પણ સમાજ આવો જ હતો ! એ સૂચવે છે, કે પછી આપણી જાગૃતિ માટે લખાયા છે!! કારણ ગમે તે હોય પરંતુ એકદમ બંધ બેસતું લખાયું છે. આજનો સમાજ આ જ રીતે પોતાના અહમને પુષ્ટિ માટે પોતે જેનું આચરણ કરે છે, તે જ સાચો ધર્મ છે. એવું સિદ્ધ કરવા માટે અંદરો અંદર લડાઈ ઝઘડા કરી રહ્યો છે, અને પોતાના સંપ્રદાયને મહાન ગણાવવામા જ તેનો સમય જાય છે, તે સત્ય અણદેખ્યું કરે છે, આવા તો નાના નાના કેટલા બધા વિકારો આપણા માનસમાં પડ્યા છે. માનવ જન્મ એળે ગયો, એવો ભાસ થતાં બેબાકળા થઈ ગયા છીએ, ત્યારે આ નરસિંહ નું પદ આપણને ખૂબ મદદ કરી રહ્યું છે,કે અંતે તો આ બધાં પ્રપંચને ત્યાગવાની જ વાર છે. એકવાર સાધનાને નામે થતી આ ક્રિયા બંધ થાય, તો જ આત્મ તત્વ વિશેનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. એકવાર જો આત્મતત્વ ને ઓળખી લીધું, તો પછી ક્યારેય અંધકાર તરફ જીવનની ગતિ નહીં થાય, આ સો ટકા સાચું સત્ય નરસિંહ આપણને સમજાવે છે. બસ આપણે બધા જ આવું કરી શકીએ, એવી ઈશ્વર આપણને સદબુદ્ધિ આપે, અને એવી જ એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

### મનુષ્યજીવન થોડું છે અને શાસ્ત્ર નો પાર નથી પરંતુ જે એકને જાણવાથી બધું જાણી લેવાય છે તે એકને એટલે કે ઈશ્વરને જાણો

# કબીર મન પંખી ભયા ઉડ ચલા ઈ આકાશ, વૈકુઠ તો ખાલી પડા ચલા હરી સંતન કે પાસ, કબીર કહે હંસના છોળ દે રખ રોને સે પ્રીત, એક દિન ફન્ના હો જાયેગા યહી હૈ અનંત કી રીત



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**જ્ઞાનમાર્ગથી, યોગમાર્ગથી જે ઈશ્વરના આનંદનો અનુભવ થાય છે તે સહેજે આ ભક્તિથી પ્રાપ્ત થાય છે, ભગવાનનું સ્વરૂપ બતાવ્યું છે, ને શ્રીકૃષ્ણને ત્રણે તાપનો નાશ કરનારા કહ્યા છે.**

ગઈકાલે આપણે કબીરજીની જન્મ જયંતિની ઉજવણી કરી ત્યારે આજે કબીરજીની બે શાખી ઓથી લેખની શરૂઆત કરી આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો વૈષ્ણવો ભગવાન સાથે રમે છે. જીવ જે જે ક્રિયા કરે તે ઈશ્વરને માટે કરે તો તેની પ્રત્યેક ક્રિયા ભક્તિ બને છે.ભક્તિનો વિશેષ સંબંધ મન સાથે છે. જેનાથી મન ની ભક્તિ થતી નથી તેને તનથી સેવા કરવાની વિશેષ જરૂર છે. માનસી સેવા શ્રેષ્ઠ છે. સાધુસંતો માનસી સેવામાં તન્મય બને છે. એમ થાય તો જીવ કૃતાર્થ થાય. ભક્તિમાર્ગના આચાર્ય ગોપી છે. તેનો આદર્શ માનસ સમક્ષ રાખવો. દુઃખ એ મનનો ધર્મ છે, આત્માનો નથી. મનુષ્ય દુઃખમાં ઈશ્વરનું સ્મરણ કરે છે. એટલે તેનું પરમાત્મા સાથે અનુસંધાન થાય છે અને આનંદ મળે છે. પરમાત્માનો સ્વભાવ અને સ્વરૂપ અતિશય સુંદર છે. બીજાનું દુઃખ દૂર કરવાનો પરમાત્માનો સ્વભાવ છે.સ્વભાવ અને સ્વરૂપ બંને જેના સુંદર તે ઈશ્વર. વ્યાસજી કહે છે કે, આધ્યાત્મિક, અતિદૈવિક તથા આધિભૌતિક - ત્રણે તાપોનો નાશ કરનાર ભગવાન શ્રીકૃષ્ણને અમે વંદન કરીએ છીએ. ઘણા કહે છે વંદન કરવાથી શું લાભ? વંદન કરવાથી પાપ બળે છે. રાધાકૃષ્ણને વંદન કરશો તો તમારાં સર્વ પાપ-તાપ નષ્ટ થશે,પણ વંદન એકલા શરીર થી નહીં, મનથી પણ કરો, એટલે રાધાકૃષ્ણને હૃદયમાં પધરાવો અને તેમને પ્રેમથી નમન કરો. વંદન પ્રભુને બંધનમાં નાખે છે અને તમને બંધન મુક્ત કરે છે. દુઃખમાં સાથ આપે તે ઈશ્વર, સુખ માં સાથ આપે તે જીવ.ઈશ્વર સર્વદા સુઃખમાં જ સાથ આપે છે તેથી તે વંદનીય છે. ઈશ્વરે જેને મદદ કરી છે તે દુઃખમાં જ. પાંડવો દુઃખમાં હતા ત્યાં સુધી શ્રીકૃષ્ણે તેમને મદદ કરી. પાંડવો ગાદી પર બેઠા એટલે શ્રીકૃષ્ણ ત્યાંથી ગયા. ઈશ્વર જેને જેને મળ્યા છે તે દુઃખમાં જ. સુખનો સાથી જીવ અને દુઃખનો સાથી ઈશ્વર છે, એનું સતત મનન કરો. મનુષ્ય પૈસા મેળવવા જેટલો પ્રયત્ન કરે છે, અને દુઃખ સહન કરે છે. તેથી ઓછા પ્રયત્ન જો ઈશ્વર માટે કરે, તો જરૂર તેને ઈશ્વર મળે. કનૈયાજી વગર આમંત્રણે ગોપીઓને ઘરે જતા હતા, પણ મારે ઘરે તેઓ કેમ આવતા નથી. એમ કદી વિચાર્યુ ? તમે પણ નિશ્ચય કરો કે હું મારા હાથે એવાં સત્કર્મ કરીશ કે તેઓ મારે ત્યાં આવે. ભગવાનને હાથ જોડવા, એનો અર્થ એ કે મારા હાથે હું સત્કર્મ કરીશ. મસ્તક નમાવવું એનો અર્થ એ કે મારી બુદ્ધિ શક્તિ, હું તમને અર્પણ કરું છું. વંદન એટલે ક્રિયા શક્તિ અને બુદ્ધિશક્તિનું ભગવાનને અર્પણ. વંદન કેવળ વાણીથી કે શરીરથી નહીં, પણ હૃદયથી કરજો. હૃદયથી વંદન કરવાથી ભગવાન સાથે બ્રહ્મ સંબંધ થાય છે.ઘર બહાર નીકળો ત્યારે ઠાકોરજીને વંદન કરી નીકળજો. બહારથી ઘરમાં આવો ત્યારે પણ ઈશ્વરને વંદન કરો. રસ્તે ચાલતાં પણ વંદન કરો. ઈશ્વર સાથે એવો સંબંધ રાખો કે નિત્ય અનુભવ થાય કે ઠાકોરજી હંમેશ મારી સાથે છે.જીવ ઈશ્વર થી થોડી પળ માટે પણ દૂર થાય છે,તો જીવની છાતી ઉપર વિષયો ચઢી બેસે છે. પણ ઈશ્વર સાથે હોય ત્યારે આ વિષયોનું કંઈ ચાલતું નથી.માટે હરેક કાર્યના આરંભમાં પ્રભુને વંદન કરો. પ્રેમથી પરમાત્માને પ્રણામ કરો તો પરમાત્મા પ્રસન્ન થાય છે.પ્રણામ થી પ્રસન્ન થાય તે પરમાત્મા અને પદાર્થથી પ્રસન્ન થાય તે જીવાત્મા. બીજું કાંઈ ન કરો તો પરમાત્માને વારંવાર વંદન કરો. વંદન કરો તો સદભાવથી કરો. પ્રભુએ આપણા ઉપર કેટકેટલા ઉપકાર કર્યા છે! બોલવા જીભ આપી,જોવા આંખ આપી, સાંભળવા કાન આપ્યા, વિચાર કરવા મન આપ્યું, બુદ્ધિ અને વિચારશક્તિ આપી. ઈશ્વરના ઉપકારોને યાદ કરો અને કહો કે મારા પ્રભુએ મારા ઉપર કૃપા કરી છે. પરમાત્માની કૃપાથી હું સુખીછું મારા પાપ અનંત છે પણ પ્રભુની કૃપા પણ અપાર છે. હું નાલાયક છું, પાપી છું, છતાં ઠાકોરજીએ મને સંપત્તિ, આબરૂ આપ્યાં છે, તેનો બદલો હું આપી શકું તેમનથી માત્ર તેમને વંદન કરું છું. વંદન કરવાથી અભિમાનનો ભારઓછો થાય છે. ઠાકોરજીમાં બિલકુલ ભાર નથી. કારણ કે તેમનામાં અભિમાન નથી. શ્રીકૃષ્ણ બોડાણાની પત્નીની નાકની વાળી થી તોળાયા છે. વ્યાસજીએ ભાગવતનો આરંભ વંદનથી કર્યો છે અને સમાપ્તિ પણ વંદનથી કરી છે.વ્યાસજીએ એકલા શ્રી કૃષ્ણને વંદન કર્યા નથી પણ કહ્યું છે શ્રીકૃષ્ણને, રાધાકૃષ્ણને વંદન કર્યા છે. શ્રી એટલે રાધાજી. પરમાત્માને વંદન કર્યા પછી ભાગવતના વક્તા શ્રી શુકદેવજીને વંદન કર્યાં છે. પ્રભુને વંદન કરો તમારી ક્રિયા શક્તિ અને બુદ્ધિ શક્તિનું પ્રભુને અર્પણ કર્યા બાદ તમારું રહ્યું શું? પછી તો શ્રીકૃષ્ણ કહે ને સુઝાડે તે જ કરવાનું. મનુષ્યજીવન થોડું છે અને શાસ્ત્ર નો પાર નથી પરંતુ જે એકને જાણવાથી બધું જાણી લેવાય છે તે એકને એટલે કે ઈશ્વરને જાણો, એટલે સઘળું જાણી જશો. કળિયુગનો માણસ થોડા સમયમાં પણ ભગવાનને પ્રાપ્ત કરી શકે છે એ બતાવ્યું છે ભાગવતશાસ્ત્ર. સુતજી કહે છે કે, સાત દિવસમાં પરીક્ષિતે સદગતિ પ્રાપ્ત કરી એ મેં નજરે જોયું છે.પરીક્ષિતનો ઉદ્ધાર થયો પણ આપણા સર્વનો ઉદ્ધાર કેમ થતો નથી? પરીક્ષિત જેવા શ્રોતા થવું જોઈએ અને વક્તાએ શુકદેવજી જેવા થવું જોઈએ, તો તેમનો ઉદ્ધાર થાય. આપણે સર્વે પરીક્ષિત છીએ. આ જીવ ગર્ભમાં આવ્યો, ત્યારે જેણે મારી રક્ષા કરેલી તે ચતુર્ભુજ સ્વરૂપવાળા પુરુષ ક્યાં છે? કયાં છે? એમ વિચારી ઈશ્વરને સર્વમાં જોનાર જીવ એટલે પરીક્ષિત. પરીક્ષિત એટલે ભગવાનનાં દર્શન કરવા માટે આતુર થયેલો છે તેવો જીવ. પરીક્ષિતની આતુરતાનું એકકારણ હતું. તેને ખબર પડી હતી કે સાત દિવસમાં મારું મૃત્યુ થવાનું છે અને તક્ષકનાગ કરડવાનો છે. જીવમાત્રને તક્ષકનાગ કરડવા આવવાનો છે. તક્ષક એ કાળનું સ્વરૂપ છે. કાળ તક્ષક કોઈને છોડતો નથી. તે સાતમે દિવસે જ કરડે છે. વાર સાત છે અને સાત વારમાંથી એક વારે તો અવશ્ય તે કરડવાનો જ. સાતમાંથી કોઈ એક વાર આપણા માટે નક્કી જ છે ને ! તો પરીક્ષિતની જેમ કાળને ભૂલશો નહીં. જીવમાત્રને કાળની બીક લાગે છે, પણ ભાગવત મનુષ્યને નિર્ભય બનાવે છે. ભાગવતમાં લખ્યું છે. ભાગવત સાંભળ્યા પછી પરમાત્મા સાથે પ્રેમ કરે તેને કાળની બીક લાગતી નથી. લોકો મૃત્યુને અમંગળ માને છે, પરંતુ તે અમંગળ નથી. મૃત્યુ એ પરમાત્માનો સેવક છે એટલે તે પણ મંગળ છે. ઠાકોરજીને થાય કે મારો દીકરો લાયક થયો છે કે નહીં તે જોઉં.એટલે મૃત્યુને આજ્ઞા કરે કે જીવને પકડી લાવ. જેને પાપનો વિચાર આવતો નથી તેનું મૃત્યુ અમંગળ થાય છે. અંતકાળમાં મનુષ્યને જે ગભરામણ થાય છે, તે કાળથી નહીં પણ પોતે કરેલાં પાપોની યાદ થી થાય છે. પાપ કરતી વખતે મનુષ્ય ડરતો નથી, પણ ડરે છે પાપની સજાનો વખત આવે છે ત્યારે. વ્યવહારમાં લોકો ઉપરીની કે સરકારની બીક રાખે છે, પણ ઈશ્વરની બીક રાખતા નથી, તેથી તે દુઃખી થાય છે.ભાગવત મનુષ્ય ને નિર્ભય બનાવે છે. નિર્ભયતા ભગવાનનો આશ્રય કરવાથી પ્રાપ્ત થાય છે.થોડા પૈસા ખિસ્સા માં હોયતો મનુષ્યને હિંમત રહે છે,ત્યારે પરમાત્માને નિત્ય સાથે રાખીને ફરે અને નિર્ભય બને તેમાં શું આશ્ચર્ય? ભીતિ વગર પ્રીતિ થતી નથી.કાળની-મરણની ભીતિ થી પ્રભુમાં પ્રીતિ થાય છે.માટે ધર્મની, કાળની ભીતિ રાખજો. મનુષ્ય કાળની બીક રાખે,તો તેનાથી પાપ થશે નહીં. કાળની ભીતિ સર્વનો કામનો નાશ કરી ભક્તિ મય, પ્રેમમય જીવન ગાળે તે કાળ ઉપર વિજય પ્રાપ્ત કરે છે.કામને મારે તે કાળનો માર ખાતો નથી અને ઈશ્વર સાથે પ્રેમ કર્યા વગર કામ ક્રોધ જતા નથી. પરમાત્મા સાથે પ્રેમ કરો એટલે કાળની બીક લાગશે નહીં. ધ્રુવજી મૃત્યુના માથા ઉપર પગ રાખી વૈકુંઠધામમાં ગયા છે. કાળ એ જ તક્ષકનાગનું સ્વરૂપ છે.કાળ તક્ષક કોઈને છોડતો નથી. કોઈની ઉપર તેને દયા આવતી નથી,માટે આ જન્મમાં જ કામ ઉપર વિજય મેળવો. જ્યારે જન્મ થાય છે ત્યારે મૃત્યુનો સમય, મૃત્યુનું કારણ નક્કી કરવામાં આવે છે પાપ કરવામાં મનુષ્ય જેટલો સાવધ રહે છે તેટલો પુણ્ય કરવામાંરહેતો નથી. પાપ એકાગ્ર ચિત્તથી કરે છે એટલે જ અંતકાળે તેને પાપનું સ્મરણ થાય છે. જીવ ગભરાય છે કે મારું હવે શું થશે? મનુષ્ય સર્વ કાર્ય માટે તૈયારી કરે છે.પણ મરવાની તૈયારી તે કરતો નથી. લગ્નની તૈયારી કરો છો તેમ ધીરે ધીરે મરણની પણ તૈયારી કરજો. મૃત્યુ એટલે પરમાત્માને જીવનનો હિસાબ આપવાનો પવિત્ર દિવસ. ભગવાન પૂછશે કે મેં તને આંખ આપી હતી તેનું તેં શું કર્યું? કાન આપ્યા હતા તેનો શું ઉપયોગ કર્યો? તને તન, મન આપ્યાં હતાં તેનું શું કર્યું? હિસાબમાં ગરબડ હોય તો ગભરામણ થાય. ઈન્કમટેક્ષ ઑફિસરને એક વર્ષનો હિસાબ આપવાનો હોય છે તો પણ મનુષ્ય ગભરાય છે,તો આખા જીવનનો હિસાબ આપતી વખતે કેવી દશા થાય? મરણને સુધારવું હોય તો પ્રતિ ક્ષણને સુધારો. આંખનો સદુપયોગ કરો,મનનો સદુપયોગ કરી,ધનનો સદુપયોગ કરો,વાણીનોસદુપયોગ કરો તો મરણ સુધરશે. ભાગવત મરણ સુધારે છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત, ગુજરાતના જાણીતા કથાકાર મોરારી બાપુ (મોરારીદાસ હરિયાણી)ના ધર્મપત્ની નર્મદાબેન મોરારીદાસ હરિયાણીનું ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના તલગાજરડા ખાતેના તેમના નિવાસસ્થાને તા.૧૦/૦૬/૨૫ના મોડી રાતે ૧.૩૦ વાગ્યે દુઃખદ અવસાન થયું. તેમના પાર્થિવદેહને તા.૧૧/૦૬/૨૫ના તલગાજરડા ના નિવાસસ્થાને સમાધિ આપવા માં આવી છે. નર્મદાબેન સાથે મોરારી બાપુના લગ્ન વણોટ ગામે થયા હતા. નર્મદાબા ૭૫ વર્ષની ઉંમરમાં હતા તેમની તબિયત કેટલાક દિવસ ખરાબ હતી, તેમના નિધનના સમાચાર મળતાં જ સમગ્ર રાજ્યમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.આપણે સ્વ. નર્મદાબાના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા ચિર શાંતિ આપે તેવી પ્રાર્થના સહ શ્રદ્ધા સુમન અર્પણ કરીએ આજે બસ અહીં અટકીએ અસ્તુ .

### ચાર જ દિવસમાં ૧૦૦ કરોડથી વધુ

# ફિલ્મ 'હાઉસફૂલ ૫'ના રિવ્યૂ સારા નહીં હોવા છતાં રેકોર્ડ




## ડ્યુઅલ ક્લાઈમેક્સવાળી બે વર્ઝનમાં રિલીઝ થયેલી ફિલ્મ 'હાઉસફૂલ ૫' બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી રહી છે

અક્ષય કુમાર અભિનિત 'હાઉસફૂલ ૫' બોક્સ ઓફિસ પર શાનદાર પ્રદર્શન કરી રહી છે. ફિલ્મને દર્શકોનો જબરદસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે. આ કોમેડી થ્રિલરે શાનદાર ઓપનિંગ કર્યુ હતું અને ઓપનિંગ વીકેન્ડમાં જ ધમાલ મચાવી દીધી હતી. ચાલો અહીં જાણીએ કે 'હાઉસફૂલ ૫' એ રિલીઝના ચોથા દિવસે કેટલું કલેક્શન કર્યુ છે.ડ્યુઅલ ક્લાઈમેક્સવાળી બે વર્ઝનમાં રિલીઝ થયેલી 'હાઉસફૂલ ૫' બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી રહી છે. રિલીઝ પહેલાથી જ ફિલ્મને લઈને ભારે ક્રેઝ જોવા મળ્યો હતો, જેના કારણે તે સિનેમાઘરોમાં આવતા જ દર્શકોની ભીડ ઉમટી પડી હતી. આ સાથે અક્ષય કુમારની મલ્ટી-સ્ટારર ફિલ્મે બોક્સ ઓફિસ પર ૨૪ કરોડના કલેક્શન સાથે સારી શરૂઆત કરી હતી.શનિવારે ફિલ્મે ૩૧ કરોડ અને પછી રવિવારે ૩૨ કરોડની કમાણી કરી હતી. આ સાથે, ફિલ્મે ત્રણ દિવસમાં ૮૭.૫ કરોડનું કલેક્શન કરી લીધું હતું. આ ફિલ્મે સોમવારે પણ ધૂમ મચાવી દીધી છે. 'હાઉસફૂલ ૫' એ રિલીઝના ચોથા દિવસે એટલે કે પહેલા સોમવારે ૧૩.૫૦ કરોડની કમાણી કરી છે. આ સાથે, 'હાઉસફૂલ ૫'નું ચાર દિવસનું કુલ કલેક્શન હવે ૧૦૧.૦૦ કરોડ થઈ ગયું છે.'હાઉસફૂલ ૫' એ રિલીઝના ચોથા દિવસે પણ કમાલ કરી દીધી છે. આ ફિલ્મ ચાર દિવસમાં માત્ર ૧૦૦ કરોડનો આંકડો પાર કરી ચૂકી નથી, પરંતુ તેણે 'જાટ' (૯૦.૩૪ કરોડ) અને 'કેસરી ૨' (૯૪.૩૭ કરોડ) ના લાઈફટાઈમ કલેક્શનને પણ પાછળ છોડી દીધું છે. આ સાથે, આ ફિલ્મ આ વર્ષની પાંચમી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બની ગઈ છે. હવે તેનું આગલું લક્ષ્ય 'સિકંદર' (૧૨૯.૯૫ કરોડ) છે. એવી અપેક્ષા છે કે ફિલ્મ બુધવાર સુધીમાં 'સિકંદર'ને પણ પાછળ છોડી દેશે.

# રહેમાનના 'રુક્મણી રુક્મણી' ગીતને ભંગાર ગણાવી સેહગલે વિવાદ છેડ્યો

### સંગીત એ.આર. રહેમાને આપ્યું હતું, તેને હિન્દીમાં બાબા સેહગલ-શ્વેતા શેટ્ટીએ ગાયું હતું

પ્રખ્યાત ગાયક બાબા સેહગલે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં એઆર રહેમાનના ગીત 'રુક્મણી રુક્મણી' ના શબ્દો ખરાબ ગણાવ્યા. તેમણે કહ્યું કે નિર્માતાઓ ઈચ્છતા હતા કે કોઈ શાસ્ત્રીય ગાયક આ ગીત ગાય.ભારતના પ્રથમ પોપ આઈકોનમાંના એક, બાબા સેહગલે તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં ૧૯૯૨ ની હિટ ફિલ્મ 'રોજા' ના પ્રખ્યાત ગીત 'રુક્મણી રુક્મણી' સાથે સંબંધિત એક કિસ્સો શેર કર્યો. આ ગીતનું સંગીત એ.આર. રહેમાને આપ્યું હતું અને તેને હિન્દીમાં બાબા સેહગલ અને શ્વેતા શેટ્ટીએ ગાયું હતું. પરંતુ હવે બાબાએ કહ્યું છે કે આ ગીત સાથે સંકળાયેલો તેમનો અનુભવ બિલકુલ સારો નહોતો. તેમને ગીતના શબ્દો ગમ્યા નહોતા.





બાબાના મતે, તેમણે આ ગીત દબાણમાં ગાયું હતું, પરંતુ તેઓ સંતુષ્ટ નહોતા.એક ઈન્ટરવ્યુમાં, બાબા સેહગલે કહ્યું, ''હું ચેન્નાઈમાં એક શો કરી રહ્યો હતો. ત્યાં એક સહાયક દિગ્દર્શક મને મળ્યા અને મારા માટે ગીતનું તમિલ વર્ઝન વગાડ્યું. મેં વધારે ધ્યાન ન આપ્યું અને હા પાડી. રહેમાન પણ ત્યાં હતો, તે સમયે તે ખૂબ નાનો હતો. તેમણે વધુમાં જણાવ્યું કે પાછળથી રહેમાન અને તેમની ટીમ તેમને હોટલમાં મળવા આવ્યા અને ગીતના રિલીઝમાં મદદ માંગી. બાબાએ તેમને તેમના મિત્ર અતુલ દ્વારા મેગ્નસ સાઉન્ડના શશિ ગોપાલનો નંબર આપ્યો, અને પછી હિન્દી વર્ઝન પર કામ શરૂ થયું. બાબા પોતે આ ગીત ગાવાના હતા.પરંતુ જ્યારે બાબા સેહગલને ગીતના હિન્દી વર્ઝન મળ્યા, ત્યારે તેમને તે ગમ્યા નહીં. તેમણે કહ્યું, ''જ્યારે મેં હિન્દી ગીતો જોયા, ત્યારે હું ચોંકી ગયો. મેં કહ્યું, 'આ કેટલા સસ્તા ગીતો છે, બીજી ભાષામાં ગીત સાંભળવું સારું લાગે છે, પરંતુ જ્યારે તમે તેને તમારી પોતાની ભાષામાં સમજો છો, ત્યારે તેની અસર અલગ હોય છે. મને નથી લાગતું કે રહેમાન કે મણિરત્નમ તેનો અર્થ જાણતા હતા. બાબાએ એમ પણ કહ્યું કે જ્યારે તેમને પાછળથી ખબર પડી કે નિર્માતાઓ આ ગીત માટે શાસ્ત્રીય ગાયકો ઈચ્છતા હતા, ત્યારે તેમને લાગ્યું કે તેમને મજબૂરીમાં લેવામાં આવ્યા છે. ''હું આ ગીતથી બિલકુલ સંતુષ્ટ નહોતો, આ રહેમાન સાથેનો મારો પહેલો અને છેલ્લો સહયોગ હતો.'' બાય ધ વે, ફિલ્મ રોજાનું આ ગીત 'રુક્માણી રુક્માણી' હજુ પણ પ્રતિષ્ઠિત ગીત માનવામાં આવે છે.

### જાણીતા એક્ટરની આપવીતી

# ગે વ્યક્તિએ અડપલાં કર્યા પછી હું મુંબઈ છોડી જતો રહ્યો હતો



## અભિષેકની સીરિયલ ઉડારિયાથી ડેબ્યૂ કરીને અભિષેકને ફેમ મળી હતી, ત્યારબાદ તે બિગ બોસમાં પણ જોવા મળ્યો હતો

બિગ બોસ ૧૭થી ફેમસ થયેલા અભિષેક કુમાર હાલ લાઈમલાઈટમાં છે. રિયાલિટી શોએ તેને સ્ટાર બનાવી દીધો છે. તે અન્ય ઘણાં શોમાં જોવા મળે છે. હાલ તે લાફ્ટર શેફ ઈન્ડિયામાં જોવા મળે છે. તે યુટ્યુબ શો 'તુ આશિકી'માં પણ જોવા મળ્યો છે. એક ઈન્ટરવ્યુમાં તેણે પોતાના સંઘર્ષની વાત કરી છે. અભિષેકે જણાવ્યું કે, 'મને ખોટી રીતે અડવામાં આવ્યો હતો.આ ઘટનાએ મને અંદરથી ભાંગી નાંખ્યો. પરિણામ એ આવ્યું કે, હું મારા ઘરે પાછો જતો રહ્યો.'આ વિશે વધુ વાત કરતા તેમણે કહ્યું કે, 'જ્યારે હું પહેલીવાર મુંબઈ આવ્યો હતો, મારી સાથે એક ઘટના બની હતી. કોઈ ગે હતું, જે મારી સાથે ટચી-ટચી થઈ રહ્યો હતો. મુંબઈ આવ્યાના દોઢ-બે મહિના બાદ આ ઘટના બની હતી. હું ડરી ગયો હતો. પહેલાં ક્યારેય કંઈ આવું નહતું થયું. તેણે મને કહ્યું હતું કે, તારે આ કરવું પડશે, તો જ તું આગળ વધી શકીશ. આ ૨૦૧૭ની વાત હતી. હું ડરી ગયો હતો આ ડિમાન્ડ સાંભળીને. જોકે, હું ઘરે દિલ્હીનું કહીને મુંબઈ આવ્યો હતો, તેથી પહેલાં ઘરે કહેવાની હિંમત ન થઈય બાદમાં મેં હિંમત કરીને આ વિશે મારા મમ્મીને કહ્યું. તેમણે મને તરત ઘરે આવવાનું કહ્યું.'એક્ટરે કહ્યું કે, 'મમ્મીનો ફોન આવ્યા બાદ મેં બીજા દિવસે ટિકિટ કરાવી અને ટ્રેનમાં બેસીને રડતા-રડતા ઘરે જતો રહ્યો. હું ઈન્ડસ્ટ્રીનો ભાગ નહતો બનવા ઈચ્છતો. ઘરે જઈને ૭૦૦૦ પ્રતિ મહિનાની નોકરી કરવા લાગ્યો. જોકે, નોકરીમાં મારૂ મન નહતું લાગતું. બાદમાં હું ફરી એક્ટિંગમાં આવ્યો.'નોંધનીય છે કે, અભિષેકની સીરિયલ ઉડારિયાથી ડેબ્યૂ કરીને અભિષેકને ફેમ મળી હતી. ત્યારબાદ તે બિગ બોસમાં જોવા મળ્યો હતો.

# હીમેન @ 89: ધર્મેન્દ્રએ જાતે યોટ ચલાવી

બોલિવૂડના દિગ્ગજ અભિનેતા ધર્મેન્દ્ર સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય છે. તેઓ દરરોજ કંઈક ને કંઈક શેર કરતા રહે છે. ચાહકો તેમની પોસ્ટની પણ રાહ જુએ છે કે તેમને કંઈક નવું જોવા મળશે. ધર્મેન્દ્ર તેમના અંગત અને વ્યાવસાયિક જીવન સાથે જોડાયેલી વાતો કહેતા રહે છે. ધર્મેન્દ્રના આ વીડિયો પર ચાહકો ઘણી ટિપ્પણીઓ કરી રહ્યા છે, હજારો લોકોએ ધર્મેન્દ્રનો આ વીડિયો પસંદ કર્યો છે હવે ધર્મેન્દ્ર ફિલ્મોમાં ઓછા જોવા મળે છે અને પોતાના જીવનનો ખૂબ આનંદ માણે છે. તેમણે એક વીડિયો શેર કર્યો છે. જેમાં તેઓ યોટ ચલાવતા જોવા મળે છે. ૮૯ વર્ષની ઉંમરે પણ ધર્મેન્દ્ર ખૂબ જ ફિટ છે. તેઓ કસરત પણ કરતા રહે છે. તેઓ દરરોજ કંઈક નવું કરવાનો પ્રયાસ કરતા રહે છે. હવે તેઓ યોટ ચલાવે છે. ધર્મેન્દ્રએ વીડિયો શેર કર્યો અને લખ્યું - મિત્રો, એક સુંદર વ્યક્તિ વિક્રમ અને એક યોટને મળ્યા. સાહસ અને સુખદ પ્રવાસથી ભરપૂર. ધર્મેન્દ્ર વીડિયોમાં યાટ ચલાવવાનો આનંદ માણી રહ્યા છે. ચાહકો તેમના વીડિયો પર ઘણી ટિપ્પણીઓ કરી રહ્યા છે. ધર્મેન્દ્રના આ વીડિયો પર ચાહકો ઘણી ટિપ્પણીઓ કરી રહ્યા છે. અભિનેતા ધર્મેન્દ્ર સોશિયલ મીડિયા પર ખૂબ જ સક્રિય હજારો લોકોએ ધર્મેન્દ્રનો આ વીડિયો પસંદ કર્યો છે. વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, ધર્મેન્દ્ર પાસે હાલમાં ઘણી ફિલ્મો છે. તે ટૂંક સમયમાં ફિલ્મોમાં જોવા મળશે. તે છેલ્લે શાહિદ કપૂર અને કૃતિ સેનન સાથે ફિલ્મ તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયામાં જોવા મળ્યો હતો. આ ફિલ્મમાં તેણે શાહિદના દાદાની ભૂમિકા ભજવી હતી. આ પહેલા તે રણવીર સિંહ અને આલિયા ભટ્ટની રોકી ઔર રાની કી પ્રેમ કહાનીમાં જોવા મળ્યો હતો.



### અમોલે અફવાઓ પર પોતાનું મૌન તોડ્યું

# લગ્ન કરીશ ત્યારે જોર શોરથી જાહેરાત કરીશ

અભિનેતા અમોલ પરાશર અને વેક અપ સિડ સ્ટાર કોંકણા સેન શર્માના ડેટિંગની અફવાઓ ઘણા સમયથી ચાલી રહી છે. બંને અમોલની નવીનતમ શ્રેણીના સ્ક્રીનિંગમાં પણ સાથે જોવા મળ્યા હતા, ત્યારબાદ તેમના સંબંધોની અફવાઓ વધુ તીવ્ર બની હતી. પહેલી વાર, અમોલે આ અફવાઓ પર પોતાનું મૌન તોડ્યું છે અને સંપૂર્ણ સત્ય જણાવ્યું છે. ઈન્ટરવ્યુમાં, અમોલે સ્પષ્ટતા કરી, ''કોઈએ મને પૂછ્યું નહીં. તેના બદલે, બધાએ પોતાની ધારણાઓ આગળ વધારવાનું શરૂ કર્યુ. પહેલા, હું દરેક સમાચાર પર પ્રતિક્રિયા આપતો હતો, પરંતુ હવે મેં આગળ વધવાનું શીખી લીધું છે. જો કંઈક થાય છે અને મારે તે શેર કરવું પડે છે, તો હું તેને સોશિયલ મીડિયા પર જાતે શેર કરીશજ્યારે તેમને તેમની ગતિશીલતા વિશે પૂછવામાં આવ્યું ત્યારે અમોલે કહ્યું, ''જુઓ, તમારા જીવનમાં લોકો હોય છે. તમે કોઈની નજીક છો, અને તમે કોઈની નજીક છો. દરેક સંબંધનું નામ આપવું જરૂરી નથી. તમે ખુશ છો, બીજી વ્યક્તિ ખુશ છે અને પરિવાર ખુશ છે, બસ એટલું જ! તેણે તેના સરદાર ઉધમના સહ-અભિનેતા વિકી કૌશલ સાથે પણ આવી જ પરિસ્થિતિને યાદ કરી. અમોલે કહ્યું, ''મને યાદ છે કે વિકી સાથે પણ આવું જ કંઈક બન્યું હતું, અને મેં કહ્યું, 'ભાઈ, બધાને કહો કારણ કે લોકો મને પૂછી રહ્યા છે.' અને તેણે કહ્યું, 'હું યોગ્ય સમયે કહીશ.''''અમોલ ખુશ દેખાતો હતો કે તેના અંગત જીવનએ તેના કામ કરતાં વધુ ધ્યાન ખેંચ્યું છે. તેણે કટાક્ષ કર્યો, ''લોકો તેનો આનંદ માણી રહ્યા છે. તમે ગમે તેટલું અભિનય કરો, ફક્ત લિંક-અપ સમાચારને જ વ્યૂ મળે છે.''લગ્ન વિશે, અભિનેતાએ કહ્યું કે તે આશ્ચર્ય માટે તૈયાર છે. તેમણે કહ્યું, ''કંઈ પણ થઈ શકે છે. મને મારી જાતને આશ્ચર્યચકિત કરવાનું ગમે છે અને મારા પરિવારને તે ખબર છે. જો લગ્ન હોય, તો હું તેને ઈન્સ્ટા પર પણ પોસ્ટ કરીશ (હસે છે), કારણ કે તે દરેક માટે મહત્વપૂર્ણ છે. પરંતુ અત્યારે મારી પાસે વાત કરવા માટે કંઈ નથી.કાર્યક્ષેત્રે, અમોલ એક દાયકા પછી તેમના એકલ નાટક બેશરમ આદમી સાથે થિયેટરમાં પાછો ફર્યો છે.



### 'મને હજુ પણ તેમનું સ્મિત યાદ છે, હું ના પાડી શક્યો નહીં'

# રાજીવના એક સ્મિતે રાજેશને ફિલ્મો છોડાવી

સ્વર્ગસ્થ અભિનેતા રાજેશ ખન્ના અને ભૂતપૂર્વ વડા પ્રધાન સ્વર્ગસ્થ રાજીવ ગાંધી વચ્ચે સારી મિત્રતા હતી. બોલીવુડને ૧૭૦ થી વધુ ફિલ્મો આપ્યા પછી, રાજેશ ખન્નાએ રાજકારણ તરફ ધ્યાન આપ્યું અને ૧૯૮૪ માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ માટે પ્રચાર પણ કર્યો. એવું કહેવાય છે કે રાજીવ ગાંધીએ જ તેમના મિત્ર રાજેશ ખન્નાને રાજ્યસભાની ચૂંટણીમાં તેમની પાર્ટી તરફથી ચૂંટણી લડવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.એક જૂના ઈન્ટરવ્યુમાં, અભિનેતાએ પોતે ખુલાસો કર્યો હતો કે રાજીવ ગાંધીએ તેમને ચૂંટણી લડવા માટે આગ્રહ કર્યો હતો અને તેઓ તેમના સ્મિતને કારણે તેમને ના પાડી શક્યા નહીં. જોકે, જ્યારે પાર્ટીએ તેમને ફરીથી લોકસભા માટે ચૂંટણી લડવાનું કહ્યું, ત્યારે તેઓ ખૂબ જ સતર્ક થઈ ગયા.જે તે સમયે એક મુલાકાતમાં રાજેશ ખન્નાએ જણાવ્યું હતું કે તેમણે શરૂઆતમાં ચૂંટણી લડવાનો ઈનકાર કર્યો હતો. તેમણે કહ્યું, 'ઈન્દિરા ગાંધીજીના મૃત્યુ પછી, મારી અને રાજીવજી વચ્ચે ગાઢ મિત્રતા હતી, હું દરેક ચૂંટણીમાં કોંગ્રેસ માટે પ્રચાર કરતો હતો. પછી એક દિવસ તેમણે મને ચૂંટણી લડવાનું કહ્યું. મેં તેમને કહ્યું કે અમે એક અલગ સમુદાયના છીએ. આ અમારું કામ નથી. જોકે, જ્યારે તેમને ફરીથી પૂછવામાં આવ્યું, ત્યારે તેઓ ના પાડી શક્યા નહીં અને આખરે ચૂંટણી જીતી ગયા. તેમણે કહ્યું, 'પરંતુ, તેમણે મને ફરીથી નવી દિલ્હીથી ચૂંટણી લડવાનું કહ્યું. મને હજુ પણ તેમનું સ્મિત યાદ છે, હું ના પાડી શક્યો નહીં. મેં ચૂંટણી લડી અને જીતી ગયો અને દિલ્હીથી સંસદ સભ્ય બન્યો.અભિનેતાએ એમ પણ કહ્યું કે તેમને એમ પણ લાગ્યું કે હવે આગળ વધવાનો સમય આવી ગયો છે.



### '૧૦૦ ડેઝ' અને 'અગ્નિસાક્ષી' બનાવી અમીટ છાપ છોડી

# પાર્થો ઘોષનું હૃદયરોગના હુમલાથી નિધન

### અચાનક દુનિયા છોડી દેવાથી ઉદ્યોગના તમામ સ્ટાર્સ અને ચાહકોને મોટો આઘાત લાગ્યો છે

પ્રખ્યાત દિગ્દર્શક પાર્થો ઘોષનું હૃદયરોગના હુમલાથી નિધન૯૦ના દાયકામાં સામાજિક મુદ્દાઓ પર ફિલ્મો બનાવીને ચાહકોના દિલ જીતનારા અનુભવી દિગ્દર્શક પાર્થો ઘોષનું અવસાન થયું છે. તેમના મૃત્યુનું કારણ હૃદયરોગનો હુમલો હોવાનું કહેવાય છે. દિગ્દર્શકના મૃત્યુથી ચાહકો અને સેલેબ્સ આઘાતમાં છે.ફિલ્મ ઉદ્યોગમાંથી ખૂબ જ દુઃખદ સમાચાર આવ્યા છે.પ્રખ્યાત હિન્દી સિનેમા નિર્દેશક પાર્થો ઘોષનું હૃદયરોગના હુમલાથી અવસાન થયું છે. બંગાળી અભિનેત્રી ઋતુપર્ણા સેનગુપ્તાએ દિગ્દર્શકના મૃત્યુના સમાચારની પુષ્ટિ કરી છે. પાર્થો ઘોષનું અચાનક દુનિયા છોડી દેવાથી ઉદ્યોગના તમામ સ્ટાર્સ અને ચાહકોને મોટો આઘાત લાગ્યો છે.પાર્થો ઘોષના મૃત્યુથી બંગાળી અભિનેત્રી અને નિર્માતા ઋતુપર્ણા સેનગુપ્તા શોકમાં છે. પાર્થો ઘોષના અવસાનની પુષ્ટિ કરતાં તેમણે કહ્યું -આપણે એક પ્રતિભાશાળી, સ્વપ્નદ્રષ્ટા દિગ્દર્શક



અને એક સુંદર વ્યક્તિ ગુમાવી દીધી છે. પાર્થો દા, તમે હંમેશા પડદા પર જે જાદુ સર્જ્યો છે તેના માટે તમને યાદ કરવામાં આવશે.પાર્થો ઘોષને ૯૦ ના દાયકાના શ્રેષ્ઠ દિગ્દર્શકોમાંના એક માનવામાં આવતા હતા. ફિલ્મો દ્વારા, તેઓ સમાજના સત્યને વિશ્વ સમક્ષ ઉત્તમ રીતે રજૂ કરવામાં કુશળ હતા.

# ૯૦ વર્ષની ઉંમરે બોલિવૂડમાં ડેબ્યૂ કરશે

### આમિર ખાને શેર કર્યું કે, તે ફિલ્મનું શૂટિંગ કરી રહ્યો હતો ત્યારે માતાએ..

બોલિવૂડ અભિનેતા આમિર ખાન હાલ તેની આગામી ફિલ્મ 'સિતારે જમીન પર' અંગે સતત ચર્ચામાં છે. તે હાલ ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે. આ દરમિયાન તેણે ફિલ્મ વિશે એક મોટો ખુલાસો કરતા કહ્યું કે, તેમની માતા ઝીનત હુસૈન (૧૩ જૂને ૯૧ વર્ષના થશે) 'સિતારે જમીન પર' ફિલ્મ સાથે બોલિવૂડમાં ડેબ્યૂ કરી રહ્યા છે. આ ઉપરાંત આમિરના બહેન નિખત ખાન પણ ફિલ્મનો ભાગ છે. આમિર ખાને શેર કર્યુ કે, તે ફિલ્મનું શૂટિંગ કરી રહ્યો હતો ત્યારે માતાએ ફિલ્મ કેવી રીતે બને છે તે જોવામાં રસ દર્શાવ્યો હતો.આમિર ખાને જણાવ્યું કે, તેમની માતાએ ક્યારેય શૂટિંગ જોયું નહોતું. પરંતુ જ્યારે 'સિતારે જમીન પર'નું શૂટિંગ ચાલી રહ્યું હતું, ત્યારે તેમની માતા ઝીનત હુસૈને તે લોકેશન પર જઈને ફિલ્મો કેવી રીતે બને છે તે જોવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. તે સમયે ફિલ્મની ટીમ 'હેપ્પી વેડિંગ સોંગ'નું શૂટિંગ કરી રહી હતી. આમિર ખાને કહ્યું, 'પ્રસન્ના મારી પાસે આવ્યા અને કહ્યું - સર, જો તમને વાંધો ન હોય, તો શું તમે અમ્મીજીને આ સીનમાં આવવા માટે વિનંતી કરી શકો છો? આ ફિલ્મનું છેલ્લું સોંગ છે, આ એક વેડિંગ સેલિબ્રેશન સિક્વન્સ છે.'પ્રસન્નાએ સમજાવ્યું કે, આ સોંગમાં આમિર ખાનના માતા સરળતાથી એક મહેમાન તરીકે દેખાઈ શકે છે. ત્યારે આમિર ખાને પ્રસન્નાને જવાબ આપ્યો કે, શું તું પાગલ થઈ ગયો છે? મારામાં હિંમત નથી કે હું અમ્મીને પૂછી શકું કે, ફિલ્મમાં કામ કરો અને શોટ આપો. તેઓ ખૂબ જ જીદ્દી છે. તેઓ મારી વાત નહીં સાંભળે, સમય ન બગાડો. આમિર ખાને ઉમેર્યું કે, 'પ્રસન્ના મને વારંવાર કહેતો રહ્યો કે અમ્મીને એકવાર ફિલ્મના શૂટિંગ માટે પુછું.'આ રસપ્રદ કિસ્સો સંભળાવતા આમિરે મીડિયાને જણાવ્યું કે, પ્રસન્નાએ વારંવાર કહેતા આખરે હું માન્યો અને હિંમત કરીને માતાને પૂછ્યું કે, અમ્મી, પ્રસન્ના તમને એક ગેસ્ટ તરીકે શોટ આપવા માટે રિકવેસ્ટ કરી રહ્યા છે.. અને તેમણે કહ્યું કે, 'હા, ઠીક છે.' અમ્મીએ આવું કહેતા જ હું શોકડ થઈ ગયો હતો. તેઓ ફિલ્મમાં બે-ત્રણ શોટમાં દેખાય છે. આ મારી એકમાત્ર ફિલ્મ છે, જેમાં અમ્મી દેખાય છે.



# કથાકાર મોરારીબાપુના ધર્મ પત્ની નર્મદાબેનનું નિધન.. તલગાજરડાના નિવાસસ્થાને સમાધિ આપવામાં આવી


પૂ. નર્મદાબેન મોરારિદાસ હરિયાણી

મોરારી બાપુ પરિવાર સાથે


। (પ્રતિનિધી) થરા, તા.૧૧ ।
જાણવા મળતી માહિતી અનુસાર ગુજરાતના જાણીતા કથાકાર મોરારીબાપુ (મોરારીદાસહરિયાણી) ના ધર્મ પત્ની નર્મદાબેન નું નિધન દુઃખદ અવસાન થયું છે. નર્મદાબેન મોરારીદાસ હરિયાણીનું નિધન થયું છે. તેમણે ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના તલગા-જરડા ખાતેના તેમના નિવાસસ્થાને અંતિમ શ્વાસ લીધા હતા.

મોરારીબાપુના ધર્મપત્ની નર્મદાબેને ગઈ કાલે મોડી રાતે ૧.૩૦ વાગ્યે દેહ ત્યાગ કર્યો હતો. તેમના પાર્થિવદેહને તલગાજરડા ના નિવાસસ્થાને સમાધિ આપવા માં આવી છે.

નર્મદાબેન સાથે મોરારી બાપુના લગ્ન વણોટ ગામે થયા હતા. તેમની અંતિમવિધિ ગઈકાલે તા.૧૧/૦૬/૨૦૨૫ના રોજ સવારે ૯ વાગ્યે તલગા-જરડા મુકામે યોજવામાં આવી છે. નર્મદાબેનની થોડા સમયથી તબિયત ખરાબ હતી અને બે દિવસથી અન્નનો ત્યાગ કર્યો હતો.

મોરારીબાપુના ધર્મ પત્નીએ નર્મદાબેને ૭૫ વર્ષની ઉંમરમાં દેહ છોડ્યો છે. મોરારીબાપુના લગ્ન વણોટ ગામે નર્મદાબા સાથે થયા હતા. આજે તેઓની સમાધિ વિધિ તલગાજરડા મુકામે કરવામાં આવી છે. તેમના નિધનના સમાચાર મળતાં જ સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

# ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે હાઈપર ટેન્શાન દિવસની ઉજવણી કરાઈ


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।
આજરોજ ૧૧-૦૬-૨૦૨૫ બુધવારના ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે હાયપર ટેન્શન દિવસની ઉજવણી જિલ્લા આરોગ્ય અધિકારી, અધિક્ષક તેમજ આર. એમ.ઓના માર્ગદર્શન હેઠળ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બ્લડ પ્રેશરને નિયમિત સચોટ રીતે માપી તેને નિયંત્રિત રાખી લાંબુ જીવન જીવો !! ની થીમ સાથે હાયપર ટેન્શન દિવસની ૧૭ મે ૨૦૨૫ થી ૧૬ જૂન ૨૦૨૫ સુધી ૧ મહિનાની ઉજવણી માટે જનજાગૃતિ પ્રવૃત્તિના ભાગરૂપે હાઈપર ટેન્શન જીવનના સંચાલન અને સ્વસ્થ જીવન જીવવા માટે નિયમિત રીતે સવારે બ્લડ પ્રેશરના માપનના મહત્વન પર ભાર મૂકવામાં આવ્યો. સાથે સાથે ૩૦+ દર્દીઓનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું તેમજ વિવિધ પોસ્ટરો દ્વારા સમજણ આપ વામાં આવી હતી. મીઠું ઓછું ખાવું, નિયમિત ૩૦ મિનિટ વ્યાયામ કરવું, તણાવ દૂર રાખવું, નિયમિત બ્લડ પ્રેશર ચકાસવુ. હાયપર ટેન્શન ઘણા વખત કોઈ લક્ષણ બતાવતું નથી જેથી તેને મૌન હત્યારો (silent killer) કહેવામાં આવે છે.

# સાણંદ CHC ખાતે ૧૩૩ જેટલા લાભાર્થીઓને રાશન કિટ વિતરણ અને સરકારની આરોગ્યલક્ષી યોજનાઓની માહિતી આપતો કાર્યક્રમ યોજાયો



। (માહિતી) અમદાવાદ, તા.૧૧ ।
અમદાવાદમાં સાણંદ કમ્યુનિટી હેલ્થ સેન્ટર (CHC) ખાતે આઈડેક્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ કર્મચારીઓના ગ્રુપ દ્વારા ૧૩૩ જેટલા લાભાર્થીઓને રાશન કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાણંદ તાલુકામાં નોંધાયેલ જોખમી સગર્ભા મહિલાઓ અને ટી.બી.ની બિમારીથી પીડાતા લોકોને ૫ કિલો મગદાળ, ૧૦ કિલો લોટ,૧૦ કિલો ચોખા અને ૨ લિટર તેલ એમ કુલ ૨૭ કિલોની કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત, તાલુકા હેલ્થ ઑફિસરશ્રીએ હાજર લોકોને આરોગ્ય, પૌષ્ટિક આહાર અને સરકારની આરોગ્યલક્ષી યોજનાઓ વિશેની વિસ્તૃત સમજણ આપી હતી. આ સમગ્ર કાર્યક્રમ માનવ સેવા ટ્રસ્ટ, સાણંદ તાલુકા હેલ્થ ઑફિસર અને તેમની ટીમના માર્ગદર્શન હેઠળ સંપન્ન થયો હતો.

આ પ્રસંગે આઈડેક્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ કંપનીના અધિકારીઓ, નગરપાલિકાના આરોગ્ય ખાતાના પ્રમુખ સુશ્રી પારૂલબહેન શુક્લ, સાણંદ મેડિકલ એસોસિયેશનના પ્રિસિડેન્ટ શ્રી ડૉ. જી. કે. ચૌહાણ, તાલુકા હેલ્થ ઑફિસરશ્રી બી. કે. વાઘેલા, સીવીલ સુપ્રિટેન્ડશ્રી ભાવેશ હડિયલ, સાણંદ માનવ સેવા ટ્રસ્ટના શ્રી મનુભાઈ બારોટ તેમજ મોટી સંખ્યામાં આરોગ્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

ભગવાન જગન્નાથજીની ૧૪૮મી રથયાત્રા

# અમદાવાદ શહેર પોલીસ દ્વારા એકતા ક્રિકેટ કપ ૨૦૨૫નું આયોજન કરાયું

## પોલીસ કમિશનર શ્રી જી.એસ. મલિક તથા જગન્નાથ મંદિરના મહંત શ્રી દિલીપદાસ મહારાજના હસ્તે ક્રિકેટ ટુર્નામેન્ટનો શુભારંભ કરાયો



। (માહિતી) અમદાવાદ, તા.૧૧ ।
આગામી ૨૭મી જૂનના રોજ અમદાવાદ ખાતે ભગવાન જગન્નાથજીની ૧૪૮મી રથયાત્રા યોજાનાર છે, જેના ભાગરૂપે અમદાવાદ શહેર પોલીસ દ્વારા એકતા ક્રિકેટ કપ-૨૦૨૫ નું આયોજન કરાયું છે. છેલ્લાં ચાર વર્ષથી આ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવે છે.

ભગવાન જગન્નાથજીની ૧૪૮મી રથયાત્રા નિમિત્તે અમદાવાદ શહેર પોલીસ દ્વારા કોમી એકતાને જાળવવા હિન્દુ - મુસ્લિમ ભાઈઓ વચ્ચે એકતા કપ નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન બોમ્બે હાઉસિંગ ક્રિકેટ ગ્રાઉન્ડ (ખંડાલા) સરસપુર ખાતે કરવામાં આવ્યું હતું. અમદાવાદ શહેર પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક તથા જગન્નાથ મંદિરના મહંત શ્રી દિલીપદાસ મહારાજના હસ્તે આ ક્રિકેટ કપ ટુર્નામેન્ટનો શુભારંભ કરવામાં આવ્યો હતો, જેમાં મોટી સંખ્યામાં યુવાનોએ ભાગ લીધો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય શ્રી હસમુખભાઈ પટેલ, સેક્ટર-૧ના અધિક પોલીસ કમિશનર શ્રી નીરજ બડગુજર, વિવિધ સંપ્રદાયના સંતો, આગેવાનો અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ઝારખંડથી ધંધાર્થે સુરત આવેલા મંડલ પરિવારના ગુમ થયેલા પાંચ વર્ષના બાળકને શોધી અડાજણ પોલીસે પરિવાર સાથે પુનઃમિલન કરાવ્યું



। (માહિતી) સુરત, તા.૧૧ ।
માતા-પિતાથી વિખૂટા પડેલા પાંચ વર્ષના બાળકનું માતા-પિતા સાથે પુનઃમિલન કરાવી અડાજણ પોલીસ સ્ટાફે પોલીસ કાયદો વ્યવસ્થાની સાથે લોકસેવા, જવાબદારી અને સંવેદનાના દર્શન કરાવ્યા છે. પાલનપુર જકાતનાકા પાસે માતા સાથે કરિયાણાની ખરીદતી વખતે બાળક પોતાની માતાથી વિખૂટું પડી ગયુ હતું. ત્યારે એક હ્યુમન સોર્સ અને ભાષાના આધારે ગણતરીની મિનિટોમાં જ બાળકના પરિવારની ભાળ મેળવવામાં સફળ રહી હતી. વાત એમ છે કે, મૂળ વતન ઝારખંડનો મંડલ પરિવાર એક મહિના પહેલા ધંધાર્થે સુરતમાં આવી હાલ અડાજણ વિસ્તારમાં ચા ની લારી ચલાવે છે અને અડાજણના સરિતા ડેરી પાસે, SMC આવાસમાં રહે છે. આ પરિવારનો પાંચ વર્ષનો પુત્ર અનમોલ માતા સાથે પાલનપુર જકાતનાકા પાસેની સરોજિની નાયડુ શાકમાર્કેટમાં કરિયાણાની ખરીદી દરમિયાન માતાથી વિખૂટો પડી ગયો હતો, ત્યારે એક જાગૃત્ત રાહદારીના ધ્યાને આવતા પોલીસ કંટ્રોલ રૂમના ૧૦૦ નંબર પર જાણ કરી હતી. ત્યાથી અડાજણ પીસીઆર વાનને જાણ થતા ફરજ બજાવતા લોકરક્ષક ધેંગાભાઈ દેવજીભાઈ તેમજ પોલીસ કોન્સ્ટેબલ દિનેશભાઈ પરાગભાઈ ત્વરિત ઘટના સ્થળે પહોંચી પાંચ વર્ષના અનમોલને લઈ અડાજણ પોલીસ સ્ટેશન લઈ ગયા હતા. અડાજણ પી.આઈએ બાળક ભયભીત ન જાય તે માટે લાગણી સાથે કાલીઘેલી ભાષામાં વાર્તા કહી હતી. બાળકના માતા-પિતા ન આવે ત્યાં સુધી તેને ખુશ રાખવા વાર્તાલાપ કરીને બાળકને હસતુંરમતું રાખ્યું હતું. બાળક પ્રત્યે મા, માટી અને માનુષ જેવી વાત્સલ્યની લાગણીઓ વરસાવી હતી. બાળકના માતા પિતાને શોધવા માટે ઝોન-૫ના અધિક પોલીસ કમિશનર રાકેશ બારોટ અને મદદનીશ પોલીસ કમિશનર ડી.એમ. ચૌધરીના માર્ગદર્શન હેઠળ અડાજણ પોલીસ ઈન્સ્પેક્ટર પી.જે. સોલંકી દ્વારા પોસ્ટ વિસ્તારમાં પોલીસની ડીસ્ટાફ તેમજ શી ટીમ અને ચાર સર્વેલન્સ ટીમો તપાસમાં લાગી હતી. નજીકના તમામ સીસીટીવી કેમેરા ચેક કર્યા. હ્યુમન સોર્સ અને ભાષાના આધારે તેમજ એક રાહદારી મહિલાની મદદથી ગણતરીની મિનિટોમાં જ બાળકના પરિવારને શોધી કાઢ્યો હતો. અડાજણ પીઆઈ પી.જે. સોલંકીએ જણાવ્યું હતું કે, જ્યારે કોઈ બાળક ગુમ થઈ જાય, ત્યારે બાળક ભયભીત, અસુરક્ષિત અને એકલવાયું અનુભવતો હોય છે.

# એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજ કેન્ટીનમાં સ્વાદિષ્ટ અને સાત્વિક ભોજન પીરસતા નાંદેજ ગામનાં આત્મનિર્ભર મહિલા પૂનમબહેન પરમાર

## ગોપી સખી મંડળથી ગોપી ફાસ્ટ ફૂડ કેટરિંગ સર્વિસ સુધી પહોંચવાની પૂનમબહેનની સફર કોઈપણ મહિલા માટે પ્રેરણાદાયક



। (માહિતી) અમદાવાદ, તા.૧૧ ।
અમદાવાદમાં આવેલી એલ. ડી. એન્જિનિયરિંગ કોલેજની વિદ્યાર્થીઓથી ભરેલી કોલેજ કેન્ટીન; આ કેન્ટિનમાં જેવા પ્રવેશ કરશો કે નાસ્તા અને ભોજન સાથે વાતો કરતા વિદ્યાર્થીઓ અને તેમને પ્રેમથી જમાડતા કેન્ટિનના મેનેજર પૂનમબહેન નજરે પડશે. કેન્ટિનમાં ગોપી ફાસ્ટ ફૂડ નામથી તેઓ પોતાનો કેટરિંગનો વ્યવસાય ચલાવે છે.



અમદાવાદ જિલ્લાના દસ્ક્રોઈ તાલુકાના નાંદેજ ગામના આત્મનિર્ભરતા અને આત્મવિશ્વાસથી ભરપૂર, સુશ્રી પૂનમબહેન પિયુષભાઈ પરમાર દસમા ધોરણ સુધી જ ભણેલાં છે, પરંતુ તેમની વ્યાવસાયિક બુદ્ધિ અચરજ પમાડે તેવી છે! તેઓ નાંદેજ ગામની દસ બહેનો સાથે મળીને પોતાના જ ગામમાં ગોપી સખી મંડળ એટલે કે, ગોપી સ્વસહાય જૂથ ચલાવે છે. નેશનલ રૂરલ લાઈવ લીહુડ મિશન યોજનામાં સખી મંડળ થકી મળેલી ત્રીસ હજાર રૂપિયાની સહાયથી પૂનમબહેને પોતાની આત્મનિર્ભરતા તરફની સફર માંડી હતી.

સખી મંડળની સહાય પ્રાપ્ત થયા પહેલા પૂનમબહેન અમદાવાદમાં પોતાનું એક નાનું ભોજનાલય ચલાવતાં હતાં, જેમાં તેમને સફળતા મળી ન હતી. ત્યારબાદ પૂનમબહેને વર્ષ ૨૦૨૧માં કોરોના કાળ પછી પોતાના જ ગામમાં એક નાસ્તાની દુકાન શરૂ કરી હતી. દસ્ક્રોઈ તાલુકા પંચાયતમાંથી એન.આર. એલ.એમ. યોજનાની કમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડની સહાય મળતા પૂનમબહેને વર્ષ ૨૦૨૫માં એલ. ડી. એન્જિનિયરિંગ કોલેજની કેન્ટિનમાં પોતાનો કેટરિંગનો વ્યવસાય શરૂ કર્યો હતો.

એ ન. આ ર. એ લ. એ મ. યોજના હેઠળના સખી મંડળમાં એટલે કે, સ્વ સહાયમાં જોડાયેલી બહેનોને સરકાર તરફથી રોજગારી ઉત્પાદન માટે આર્થિક સહાય મળવાપાત્ર હોય છે. આ આર્થિક સહાયનો ઉપયોગ કરી રોજગારી મળી શકે છે તેવી માહિતી પ્રાપ્ત થયા બાદ નાંદેજ ગામની બહેનો દ્વારા ગોપી સખી મંડળની શરૂઆત કરવામાં આવી હતી.

ગોપી સખી મંડળમાં કાર્યરત બધી બહેનો મળીને સખી મંડળમાં બચત કરે છે અને બધી બહેનો પોતપોતાની રીતે અલગ અલગ કામગીરી કરી રોજગારી મેળવે છે.

પૂનમબહેન પોતાની ગોપી ફાસ્ટ ફૂડ કેટરિંગ સર્વિસ દ્વારા ખૂબ જ સુંદર રીતે એલ. ડી. એન્જિનિયરિંગ કોલેજ કેન્ટીનનું સંચાલન કરે છે. આઠ થી દસ લોકોની મદદથી ચાલતા આ કેન્ટીનમાં જરૂરી બધી વસ્તુઓ અને વ્યવસ્થાનું ધ્યાન પૂનમબહેન જાતે જ રાખે છે. ક્યારેક તેમના બાળકો પણ કેન્ટીનના સંચાલનમાં તેમને સાથ આપે છે. સવારે ૦૭:૩૦થી સાંજના ૦૯:૦૦ વાગ્યા સુધી ખુલ્લી રહેતી આ કેન્ટિનમાં ગુજરાતી થાળી, પંજાબી થાળી અને કાઠિયાવાડી થાળી સાથે દાબેલી, વડાપાંઉ, સેન્ડવીચ, મસ્કાબન, ખમણ, ઢોકળા, ઈડલી- ઢોંસા, દાળ પકવાન વગેરે જેવી અવનવી વાનગીઓ નજીવા ભાવે મળે છે.

એલ.ડી. એન્જિનિયરિંગ કોલેજમાં નિયમિત ચાલુ રહેતી આ કેન્ટીનમાં હંમેશા વિદ્યાર્થીઓની અવરજવર રહે છે. આ કેન્ટીનમાં મળતા ભોજન અને નાસ્તા હંમેશા વિદ્યાર્થીઓના પસંદગી મુજબના હોય છે. ઘર જેવું સાત્વિક અને સાદુ ભોજન પીરસનાર પૂનમબહેન આ કેન્ટિનમાં અન્ય નવ લોકોને રોજગારી પૂરી પાડે છે. કેન્ટીન થકી પૂનમબહેનનો રોજનો વકરો અંદાજે દસ હજાર આસપાસ રહે છે. ગોપી સ્વસહાય જૂથના પૂનમબહેન સહિત અન્ય મહિલાઓ માટે નાણાકીય અને સામાજિક બંને પરિબળો પડકારરૂપ હતા. સરકાર તરફથી મળતી નાણાકીય લોન સહાય દ્વારા ગોપી સ્વસહાય જૂથના મહિલા પૂનમબહેનના જીવનમાં આર્થિક સદ્ધરતા આવી.

સ્વરોજગારી દ્વારા આજીવિકા મેળવી નાંદેજ ગામની સામાન્ય મહિલા આંત્રપ્રેન્યોર બની આત્મનિર્ભરતા તરફ આગળ વધી રહી છે. પૂનમબહેન પોતાનો ગૃહ ઉદ્યોગ શરૂ કરી પોતાના વ્યવસાયની સીમાઓને વિસ્તારવા માગે છે. મહિલા સશક્તિકરણની દિશામાં આગળ વધતા ગુજરાતમાં પૂનમબહેન જેવી મહિલાઓ પોતાનું આગવું યોગદાન આપે છે.

શારદાબહેન હોસ્પિટલ ખાતે કામકાજના સ્થળે

# મહિલાઓની જાતિય સતામણી(અટકાયત, પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ) અધિનિયમ, ૨૦૧૩ અંગે કાયદાકિય માર્ગદર્શક અને જાગૃતિ સેમિનાર યોજાયો



। (માહિતી) અમદાવાદ, તા.૧૧ ।
અમદાવાદ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા કામકાજના સ્થળે મહિલાઓની જાતિય સતામણી (અટકાયત, પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ) અધિનિયમ, ૨૦૧૩ અંગેનો કાયદાકિય માર્ગદર્શક અને જાગૃતિ સેમિનાર શારદાબહેન હોસ્પિટલ, સરસપુર ખાતે યોજાયો હતો.

આ સેમિનારમાં હોસ્પિટલના કર્મચારીઓ અને અધિકારીઓને શ્રી ગૌરવભાઈ ઠક્કર દ્વારા મહિલાઓની જાતિય સતામણી(અટકાયત, પ્રતિબંધ અને ફરિયાદ નિવારણ) અધિનિયમ, ૨૦૧૩ વિશેની સંપૂર્ણ સમજ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શારદાબહેન હોસ્પિટલ કમિટિના ડે. ચેરમેન શ્રી અનસુયાબહેન પટેલ, હોસ્પિટલ સુપ્રિટેન્ડન્ટ શ્રી ડૉ. સંતોષભાઈ, દહેજ પ્રતિબંધક અધિકારી સહ રક્ષણ અધિકારી સુશ્રી વૃતિકાબહેન વેગડા, 'સંકલ્પ' હબ ફોર એમ્પાવરમેન્ટ ઑફ વિમન યોજનાના જેન્ડર સ્પેશિયાલિસ્ટ શ્રી જીતેશ સોલંકી અને ફાઈનાન્સ ઈન લીટ્રેસી સુશ્રી હેમલબહેન બારોટ ઉપસ્થિત રહ્યા હતા.

# આજનું રાશિ ભવિષ્ય.....


**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે નફરતની લાગણી તમને મોંઘી પુરવાર થઈ શકે છે.તે ન માત્ર તમારી સહનશક્તિનો ગુપ્ત રીતે નાશ કરે છે બલ્કે તમારી વિવેકબુદ્ધિને પણ મંદ કરે છે તથા સંબંધમાં કાયમી તિરાડ ઊભી કરે છે. તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. આજે તમે ડૅટ પર જવાના હો તો,વિવાદાસ્પદ મુદ્દા ઊભા કરવાનું ટાળો.


**વૃષભ (બ,વ,ઉ) :**
આજે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. કામ તથા જીવન તરફના તમારા અભિગમમાં વિદ્વાન તથા સંપૂર્ણતાના આગ્રહી બનો. પોતાના પ્રિયપાત્ર સાથે નાનકડું વૅકેશન માણી રહેલાઓ માટે આ સમયગાળો ખાસ્સો યાદગાર બની રહેશે.


**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમને જો એમ લાગતું હોય કે તમે વધુ પડતા તાણગ્રસ્ત થઈ ગયા છો તો તમે બાળકો સાથે વધુ સમય વિતાવો-તેમનું નિર્દોષ સ્મિત તમને તમારી તકલીફોમાંથી બહાર કાઢશે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમય માં તકલીફ તમારેજ વેઠવવી પડશે બાળકો તમારૂં ધ્યાન માગે છે.


**કર્ક (ડ,હ) :**
આજે ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. તમે તમારી જાતને નવી રોમાંચક પરિસ્થિતિમાં જોશો-જે તમને આર્થિક લાભ પણ અપાવશે. તમે જો તમારા ભાગીદારોના મતને નજરઅંદાજ કરશો તો તેઓ ધીરજ ખોઈ બેસશે. તમારા પ્રિયપાત્રને કશું કઠોર ન કહેવાનો પ્રયાસ કરજો.


**સિંહ (મ,ટ) :**
આજે તમારૂં ઝડપી પગલું લાંબા સમયથી તોળાતી સમસ્યાને ઉકેલશે. નાણાકીય દૃષ્ટિએ આજ નું દિવસ મિશ્ર રહેવાનું છે. આજે તમને ધન લાભ તો થશે પરંતુ તેના માટે તમને સખત મહેનત કરવા ની જરૂર હશે. તમારી મુલાકાતે આવનારા મહેમાનો તમારી સાંજ પર કબજો જમાવશે. તમે જો મિત્રો સાથે સાંજ બહાર જશો તો ઈન્સ્ટન્ટ રૉમાન્સ તમારી તરફ આવી શકે છે.


**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમને જો એમ લાગતું હોય કે તમે વધુ પડતા તાણગ્રસ્ત થઈ ગયા છો- તો બાળકો સાથે વધુ સમય વિતાવો-તેમનું ઉષ્માભર્યું આલિંગન અથવા તેમનું નિર્દોષ સ્મિત તમને તમારી તકલીફોમાંથી બહાર કાઢશે. આજે આ રાશિ ના અમુક બેરોજગાર લોકો ને નોકરી મળી શકે છે જેથી તેમની આર્થિક સ્થિતિ સુધરશે? તમને જેના પર વિશ્વાસ છે તે કદાચ તમને આખું સત્ય નથી જણાવી રહ્યા.


**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારી આસપાસના લોકો તમને ખૂબ જ અપેક્ષાયુક્ત લાગશે તમે આપી શકો તે કરતાં વધારનું વચન આપતા નહીં-અને અન્યોને ખુશ કરવા તમારી જાતને થકાવટની હદ સુધી ન ખેંચતા. તમારા વધારાનાં નાણાં એવા સુરક્ષિત સ્થળે મૂકો જે તમને આવનારા સમયમાં વળતરનું વચન આપે. તાણભર્યો સમય પ્રર્વતશે પણ પરિવારનો સહકાર તમને મદદ કરશે.


**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે જીવન પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. મિત્રો અને સંબંધીઓ પર તમારા અભિપ્રાય થોપશો નહીં કેમ કે એ તમારા હિતમાં નથી અને વિનાકારણ તમે તેમને ખફા કરશો. તમને ખુશ રાખવા તમારૂં પ્રિયપાત્ર કેટલીક બાબતો કરશે. તમારા કેટલાક સારા કામ માટે આજે કામના સ્થળે તમારૂં સન્માન થશે.


**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમારી ઘટેલી જીવનશક્તિ સિસ્ટમમાંના ધીમા ઝેરની જેમ કામ કરશે. તમારી જાતને કોઈક રચનાત્મક કામમાં વ્યસ્ત રાખવી તથા બીમારી સામે લડવા માટે પ્રેરણા આપવાનું ચાલુ રાખવું જોઈએ. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે.


**મકર (ખ,જ) :**
આજે ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. દિવસના ઉત્તરાર્ધ માટે કશુંક ઉત્તેજનાસભર અને મનોરંજક વિચારી રાખો. તમે દરકાર કરનાર તથા સમજુ મિત્રને મળશો.


**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે. આ રાશિ ના પરિણીત જાતકો ને આજે સાસરાપક્ષ થી ધન લાભ થવા ની શક્યતા છે. પારિવારિક ચિંતાઓને તમારૂં ધ્યાન અન્યત્ર વાળવા ન દો. ખરાબ સમય આપણને ઘણું બધું આપી જાય છે. પોતાના પર દયા ખાવામાં સમય વેડફવા કરતાં જીવનનો પાઠ શીખવાનો પ્રયાસ કરો.


**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે તમારા શરીરને રિચાર્જ કરવા માટે તમારે સંપૂર્ણ આરામ લેવો જઈએ નહીંતો થાક તમારામાં નિરાશવાદ પેદા કરી શકે છે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ. બાળકો તરફથી અણધાર્યા સમાચાર ખુશીની ક્ષણો લાવશે. રૉમાન્સમાં ઓટ આવશે અને તમારી મોંઘી ભેટ-સોગાદો પણ આજે જાદુ નહીં સર્જી શકે.

## ન્યૂઝ બ્રિફ

### ટૂંક સમયમાં એસીનું ટેમ્પરેચર ૨૦ ડિગ્રીથી વધુ નહીં ઘટાડી શકાય

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।**

ઉનાળાની સીઝનમાં ઠંડક મેળવવા માટે મોટાભાગના લોકો ઘર કે ઓફિસમાં એર કંડિશ્નર્સનું ટેમ્પરેચર ૧૮થી ૨૦ ડિગ્રી પર રાખતાં હોય છે. જોકે સરકાર ટૂંક સમયમાં સમગ્ર દેશ માટે એર કંડિશ્નર્સ (એસી)ની નવી ટેમ્પરેચર રેન્જ નક્કી કરવા જઈ રહી છે. કેન્દ્રીય વીજ મંત્રી મનોહર લાલ ખટ્ટરના જણાવ્યાં અનુસાર, નવી રેન્જ હેઠળ એર કંડિશ્નર્સમાં ૨૦ ડિગ્રીથી નીચેનું અને મહત્તમ ૨૮ ડિગ્રીથી વધુનું તાપમાન સેટ નહીં કરી શકાય. આ નિર્ણયને વીજ કાર્યક્ષમતા વધારવાની દિશામાં લેવાયેલું મહત્વનું પગલું ગણાવતાં ખટ્ટરે જણાવ્યું હતું કે, સરકારે એસીનું ન્યૂનતમ તાપમાન ૨૦ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૨૮ ડિગ્રી સેલ્સિયસે ફિક્સ કરવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણય ટૂંક સમયમાં અમલી બનાવાશે અને તેનું કડકાઈપૂર્વક નિયમન કરાશે. આ નવા નિયમોનો હેતુ એર કંડિશનર્સના વપરાશમાં સમાનતા લાવવાનો તથા વધુ પડતાં નીચા ટેમ્પ રેચરથી થતાં વીજળીની ખપતને ઘટાડવાનો છે. ભારત ઘણાં સમયથી ઉર્જા સંરક્ષણ અને ઉર્જાની ખપત ઘટાડવાની દિશામાં વિવિધ પગલાં લઈ રહ્યું છે. ખટ્ટરના જણાવ્યાં અનુસાર, આ નવી મર્યાદા વ્યાપક નીતિનો ભાગ છે જેનો ઉદ્દેશ રેસિડેન્શિયલ અને કમર્શિયલ ઉર્જાના વપરાશમાં સુધારો કરવાનો છે. ભારતમાં મોટાભાગે ઉનાળાની સીઝનમાં લોકો એસી ૨૦ ડિગ્રીની નીચે રાખતા હોય છે, જેને કારણે ઉર્જાનો વધુ પડતો વપરાશ થવાથી પાવર ગ્રીડ પર ભારણ પડે છે. ગ્લોબલ વોર્મિંગ અને પ્રદુષણ સહિતના કારણોને લીધે સરેરાશ તાપમાનમાં થઈ રહેલાં વધારાને કારણે કુલિંગ અપ્લાયન્સીસની માગમાં સતત વૃદ્ધિ થઈ રહી છે. જેને પગલે વીજળીના વપરાશનું નિયમન કરવું એ રાષ્ટ્રીય અગ્રતા બની છે.

### સલમાનનું ટ્રાન્સફોર્મેશન જોઈને ખુશીથી ઝૂમ્યાં ફેન્સ

**। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।**

સલમાન ખાન છેલ્લા ઘણાં સમયથી તેના વધતા વજનને લઈને ચર્ચામાં હતો. એક બાજુ તેની ફિલ્મ બૉક્સ ઑફિસ પર ફ્લોપ થઈ હતી અને બીજી બાજુ તે પોતાને ફિટ પણ નહોતો રાખી શકતો. એવામાં સોશિયલમ મીડિયામાં સલમાનને ઘણો ટ્રોલ કરાતો હતો, પરંતુ હવે સલમાને ટ્રાન્સફોર્મેશન કરીને ફરી એકવાર બધાને આશ્ચર્યમાં મૂકી દીધા છે. સલમાન હંમેશા પોતાની ફિટનેસને લઈ ચર્ચામાં રહે છે, પરંતુ છેલ્લા એકાદ વર્ષથી તે ફિટ નહોતો દેખાતો. તેની ફિલ્મ સિકંદરને લઈને કહેવાતું હતું કે સલમાન તેની ફિટનેસ પર કામ કરી રહ્યો છે. જો કે, તેના ચાહકોને ફિલ્મમાં કે વાસ્તવિક જીવનમાં એવું કંઈ જાવો ના મળ્યું. ખેર, આખરે સલમાને ફરી એકવાર ફિટ દેખાતા તેના ચાહકો ખુશખુશાલ છે. સોશિયલ મીડિયા પર સલમાનનો એક ફોટો ખૂબ વાઈરલ થઈ રહ્યો છે. આ ફોટો જોયા બાદ ભાઈજાનના ચાહકો ખુશીથી ઝૂમી ઉઠ્યા છે. બધા તેની નવી સ્ટાઈલ જોઈને એમ કહેવા માટે મજબૂર થઈ ગયા છે કે ભાઈ ફરી શેપમાં પાછો આવી ગયો. ફોટામાં સલમાન તંદુરસ્ત નજરે પડી રહ્યો છે. ચાહકો તેને આ રીતે હવે મોટા પડદા પર પણ કમબેક કરતો જોવા માંગે છે. રેસ ૩માં નજર આવી ચૂકેલા સાજન સિંહે તેમના ઓફિશિયલ ઈન્સ્ટા એકાઉન્ટ પર સલમાનનો ફોટો પોસ્ટ કર્યો હતો. આ ફોટામાં સલમાન સાજનના પરિવાર સાથે જોવા મળી રહ્યો છે.



ઉત્તર અરબી સમુદ્રમાં પેસેજ એક્સરસાઇઝ (PASSEX) દરમિયાન ભારતીય નૌકાદળના INS તબર દેખાય છે. યુકે કેરિયર સ્ટ્રાઈક ગ્રુપના HMS પ્રિન્સ ઓફ વેલ્સ અને HMS રિચમોન્ડે પણ આ કવાયતમાં ભાગ લીધો હતો.

#### રાજા રઘુવંશી હત્યા કેસની તપાસ

## સોનમના રેઇનકોટ પર મળી આવ્યા લોહીના ધાબા

**। (એજન્સી) ઈન્દોર, તા.૧૧ ।**

ઈન્દોરના રાજા રઘુવંશીની હત્યા અંગે નવા ખુલાસા થયા છે. ૨ જૂનના રોજ મેઘાલયમાં એક ઊંડા ખાઈમાંથી તેમનો સડી ગયેલો મૃતદેહ મળી આવ્યો હતો. હવે તપાસમાં ખુલાસો થયો છે કે રાજાની પત્ની સોનમ રઘુવંશી અને તેનો કથિત પ્રેમી રાજ કુશવાહા આ હત્યા પાછળ મુખ્ય કાવતરાખોર હોઈ શકે છે. આ ઉપરાંત, આ કાવતરામાં કેટલાક અન્ય લોકો પણ સામેલ હોવાનું કહેવાય છે. પોલીસને ઘણા મહત્વપૂર્ણ પુરાવા મળ્યા છે. જેમ કે ડિજિટલ રેકોર્ડ, લોહીથી ખરડાયેલા કપડાં, સીસીટીવી ફૂટેજ અને પ્રત્યક્ષદર્શીઓની જુબાની, જેના આધારે સ્પષ્ટ થઈ રહ્યું છે કે આ સંપૂર્ણપણે કોન્ટ્રાક્ટ કિલિંગ હતું.

રાજા રઘુવંશી હત્યા કેસમાં પોલીસને ઘણા મહત્વપૂર્ણ ફોરેન્સિક પુરાવા મળ્યા છે, જે આરોપીઓની સંડોવણી દર્શાવે છે. આરોપી આકાશના લોહીથી ખરડાયેલા શર્ટની તપાસમાં પુષ્ટિ મળી છે કે તેના પરનું લોહી રાજા રઘુવંશીનું છે. સોનમ રઘુવંશીના રેઈનકોટ પર પણ લોહીના ડાઘા મળી આવ્યા છે, જેની ફોરેન્સિક તપાસ હજુ પણ ચાલુ છે. પોલીસ દ્વારા હત્યામાં વપરાયેલું હથિયાર છરી મળી આવી છે અને તેની તપાસ કરવામાં આવી રહી છે.

#### ગાઝામાં અન્ન-રાહત વિતરણ કેન્દ્રો પર ઇઝરાયેલના હુમલાથી અફડા-તફડી

## ઈઝરાયેલના હુમલામાં ૨૦ પેલેસ્ટેનિયનનાં મોત થયાં

### ઈઝરાયેલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસ મુજબ આઈડીએફની વિગતો સાથે ઘાયલોનો આંક જુદો જણાય છે

**। (એજન્સી) જેરુસલેમ, તા.૧૧ ।**

ગાઝામાંથી એક રોકેટ હુમલો થયો હોવાનો દાવો ઈઝરાયેલ સેનાએ કર્યો છે. જોકે તે રોકેટને આંતરી લેવામાં આવતાં કોઈ નુકસાન થયું નહતું. પરંતુ ઈઝરાયેલે કરેલા વળતાં હુમલામાં ૨૦થી વધુ લોકોનાં મોત થયા છે. ગાઝા પટ્ટીમાં ભૂખમરાની પરિસ્થિતિ દિવસે ને દિવસે કથળી રહી છે. લોકો મદદ માટે વલખા મારી રહ્યા છે તેવામાં ઈઝરાયેલ અને અમેરિકા દ્વારા સંયુક્ત રીતે સંચાલિત અન્ન વિતરણ કેન્દ્રો પર અફરાતફરી મચતા ઈઝરાયેલના દળોએ કરેલા ફાયરિંગમાં પેલેસ્ટાઈનના ૨૦ લોકોના મોત થયા હતા. પ્રાપ્ત માહિતી મુજબ ગાઝા માનવતાવાદી સંસ્થા (જીએચએફ)ની બે સાઈટ્સ ઉપર



જુદા જુદા બનાવોમાં ઈઝરાયેલી દળોએ કરેલા ગોળીબારમાં ૨૦ના મોત થયા હતા તથા ૧૩૦થી વધુને ઈજા પહોંચી હતી. ઈઝરાયેલે જણાવ્યું હતું કે, ગાઝાના વાદી વિસ્તારમાં યુએસ સાથે સંયુક્ત રીતે ચલાવવામાં આવતા રાહત વિતરણ સ્થળે કેટલાક લોકો ટોળામાં ધસી આવ્યા હતા. સુરક્ષા દળોની નજીક નહીં આવવાની ચેતવણીને અવગણતા ટોળા પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ બનાવ બાદ મૃતકો અને ઘાયલોને મધ્ય ગાઝામાં નુસરત કેમ્પ ખાતેની અલ-ઔદા હોસ્પિટલ તેમજ ઉત્તરમાં ગાઝા શહેર ખાતે આવેલી અલ-કુદ્સ હોસ્પિટલ લઈ જવાયા હતા. ઈઝરાયેલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસ મુજબ આઈડીએફની વિગતો સાથે ઘાયલોનો આંક જુદો જણાય છે. આ મામલે વધુ સમીક્ષા કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે ઈઝરાયેલે ગાઝા સાથે ચાલી રહેલા યુદ્ધને પગલે કડક નાકાબંધી ગોઠવી છે અને ગાઝામાં જરૂરિયાત સામે મર્યાદિત રાહત જ મળી રહી હોવાનો સ્થાનિકો દાવો કરી રહ્યા છે. કેટલાક સ્થળોએ લોકોને રાહત મેળવવા ૨૦ કિલોમીટર સુધી રઝળપાટ કરવી પડી રહી છે. ઈઝરાયેલના લશ્કરે ગત સપ્તાહે જણાવ્યું હતું કે, રાહત વિતરણ કેન્દ્રો પ્રતિબંધિત લશ્કરી છાવણી પણ હોવાથી સાંજના છથી સવારના છ વાગ્યા સુધી કોઈએ આવવું નહીં. ઈઝરાયેલના દળોએ મંગળવારે ઉત્તર ગાઝા પટ્ટી વિસ્તારમાંથી છોડવામાં આવેલું રોકેટ તોડી પાડ્યું હોવાનો દાવો કર્યો હતો. લગભગ ૧૦ દિવસની શાંતિ બાદ ગાઝા તરફથી ઈઝરાયેલ પર આ સૌપ્રથમ રોકેટ હુમલો હોવાનું માનવામાં આવે છે. ઈઝરાયેલના ઝિકિમ બીચ નજીક હવાઈ હુમલાની ચેતવણી આપતું સાયરન સક્રિય થયું હતું. અગાઉ મધ્ય ગાઝામાંથી બે રોકેટ છોડવામાં આવ્યા હતા જે પૈકી એકને ઈઝરાયેલ એરફોર્સે તોડી પાડ્યું હતું અને બીજું રોકેટ ખુલ્લા વિસ્તારમાં પડ્યું હતું. આ ઘટનામાં કોઈ જાનહાનિ કે નુકસાનના અહેવાલ નથી.

#### વૈશ્વિક જીડીપી ગ્રોથનો અંદાજ ૨.૭ ટકાથી ઘટાડીને ૨.૩ ટકા કર્યો

## અનિશ્ચતતા છતાં ભારતના GDP ગ્રોથનો અંદાજ ૬.3%




**। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૧ ।**

વર્લ્ડ બેન્કે વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે પણ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ભારતના જીડીપી ગ્રોથનો અંદાજ ૬.૩ ટકા યથાવત રાખ્યો છે. તેણે કહ્યું છે કે ચાલુ વર્ષે ભારત સૌથી ઝડપી વૃદ્ધિ કરતા અર્થતંત્ર તરીકે તેનું સ્થાન જાળવી રાખશે. અગાઉ એપ્રિલમાં વર્લ્ડ બેન્કે ભારતના ગ્રોથનો અંદાજ ૬.૩ ટકા આપ્યો હતો અને ગત જાન્યુઆરીમાં ૬.૭ ટકા આપ્યો હતો. વર્લ્ડ બેન્કના મતે ચીનનો જીડીપી ગ્રોથ ચાલુ વર્ષે ૪.૫ ટકા રહેશે અને આગામી વર્ષે ઘટીને ૪ ટકા થશે.વર્લ્ડ બેન્કના લેટેસ્ટ ગ્લોબલ ઈકોનોમિક પ્રોસ્પેક્ટ્સ રિપોર્ટ અનુસાર ભારતમાં ઔદ્યોગિક વૃદ્ધિદર ધીમો પડ્યો છે, તેમ છતાં કન્સ્ટ્રક્શન અને સર્વિસીઝ એક્ટિવિટી મજબૂત રહી છે અને કૃષિ ઉત્પાદન પણ સારું રહ્યું છે. તેને કારણે ગ્રામીણ વિસ્તારોમાં માંગ વધી છે. તેણે કહ્યું કે ભારતનો જીડીપી ગ્રોથ ચાલુ વર્ષે ૬.૩ ટકા રહેશે અને સૌથી ઝડપી વૃદ્ધિ કરતા અર્થતંત્ર તરીકે તે તેનું સ્થાન જાળવી રાખશે. જોકે ગત જાન્યુઆરીમાં વર્લ્ડ બેન્કે ભારતના ગ્રોથનો જે અંદાજ આપ્યો હતો તેમાં તેણે એપ્રિલમાં ૦.૪ ટકાનો ઘટાડો કર્યો હતો અને એ જ અંદાજ તેણે જાળવી રાખ્યો છે. મહત્વના વ્યાપાર ભાગીદાર દેશોમાં નબળી કામગીરીને કારણે ભારતની નિકાસને અસર થઈ છે. આ ઉપરાંત ટ્રેડ બેરિયર પણ વધ્યા છે તેમ વર્લ્ડ બેન્કે કહ્યું હતું. ઉલ્લેખનીય છે કે ગત સપ્તાહે રિઝર્વ બેન્કે તેની મોનિટરી પોલિસી કમિટી (MPC)ની મીટિંગ વખતે કરેલી ભારતના જીડીપી ગ્રોથનો અંદાજ ૬.૫ ટકા યથાવત રાખ્યો હતો. આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રાએ કહ્યું હતુ કે અર્થતંત્ર મજબૂત સ્થિતિમાં છે, સ્થિર છે અને વૈશ્વિક અનિશ્ચતતા વચ્ચે પણ નવા અવસરો પણ છે. વર્લ્ડ બેન્કના લેટેસ્ટ ગ્લોબલ ઈકોનોમિક પ્રોસ્પેક્ટ્સ રિપોર્ટ અનુસાર ટ્રેડ ટેન્શન વધ્યું છે અને પોલિસી અનિશ્ચિતતા વધી છે જેને કારણે વૈશ્વિક જીડીપી ગ્રોથ ૨.૩ ટકા રહેશે, જે અગાઉ તેણે ૨.૭ ટકા અંદાજ્યો હતો. ૨૦૨૪માં વૈશ્વિક જીડીપી ગ્રોથ ૨.૮ ટકા રહ્યો હતો. વિશ્વનો ગ્રોથ ૨૦૦૮ના વર્ષ પછીથી સૌથી ધીમો રહેશે. રોકાણ સંબંધિત ગ્રોથ પણ ધીમો પડશે તેવો અંદાજ છે કારણ કે વૈશ્વિક સ્તર પર નીતિગત અનિશ્ચિતતા વધી છે.

#### ચીને ભારતનો આભાર માન્યો

## ભારતીય નેવીએ સળગતા જહાજમાંથી ચીનના ઈજનેર સહિત ૧૮ને બચાવ્યા

**। (એજન્સી) ઓટાવા, તા.૧૧ ।**

કેરળના અઝિક્કલ સમુદ્ર તટથી ૪૪ નોટિકલ માઈલના અંતરે મધદરિયે ચીનના એક માલવાહક જહાજ MV Wan Hai 503cમાં વિસ્ફોટ બાદ પ્રચંડ આગ લાગી હતી. ભારતીય નૌસેના અને કોસ્ટ ગાર્ડે બચાવ કામગીરી હાથધરી હતી જેમાં બે ડઝન જેટલા લોકોને બચાવવામાં આવ્યા હતા. ચાર લોકો હજુ લાપતા હોવાનું જણાય છે. ચીનનું માલવાહક જહાજ સિંગાપોરથી યુએઈ તરફ જઈ રહ્યું હતું ત્યારે ૯ જૂને કેરળના કાંઠા નજીક આ જહાજ પહોંચતા કન્ટેનર બે વિભાગમાં ધડાકો થયો હતો અને બાદમાં આગ લાગી હતી. ભારતીય નેવી અને કોસ્ટ ગાર્ડે બચાવ ઓપરેશન દરમિયાન સળગતા જહાજમાંથી ચીનના ઈજનેર સહિત ૧૮ લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. જહાજમાં કુલ ૨૨ સભ્યો હોવાની વિગતો મળી હતી અને ચાર લોકોની ભાળ મળી શકી નથી. ઘાયલો પૈકી બેની સ્થિતિ ગંભીર છે, ચારને સામાન્ય



ઈજા છે જ્યારે ૧૨ લોકોને નાની-મોટી ઈજા થઈ છે અને આઘાત લાગ્યો છે. ભારતીય નેવી અને મુંબઈ કોસ્ટ ગાર્ડની આ સાહસિક બચાવ કામગીરીને વૈશ્વિક સમુદાયે બિરદાવી હતી. ચીનના દૂતાવાસના પ્રવક્તાએ આગ લાગ્યા બાદ ત્વરિત કાર્યવાહી કરવા બદલ ભારતો આભાર માન્યો હતો. ભારતમાં ચીનના દૂતાવાસના પ્રવક્તા યૂ જિંગે સત્તાવાર એક્સ હેન્ડલ પર જણાવ્યું કે, ૯ જૂને કોચીના દરિયા કાંઠા નજીક એમવી વાન હાય ૫૦૩માં વિસ્ફોટ બાદ આગ લાગી હતી. જહાજમાં ૨૨ ક્રુ સભ્યો પૈકી ૧૪ ચાઈનિઝ છે અને છ તાઈવાનના છે.

#### પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી

## મુંબઈમાં મૂળ પાકિસ્તાની નાગરિકે પત્નીની હત્યા બાદ આપઘાત કર્યો

**। (એજન્સી) ઠાણે, તા.૧૧ ।**

નવી મુંબઈના ખારઘરમાં એક પાકિસ્તાની નાગરિકે ઘરેલુ ઝઘડામાં પત્નીની છરીના ઘા મારીને હત્યા કર્યા બાદ પોતે પણ આપઘાત કરી લીધો હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. મૃતક દંપતીની ઓળખ નોટનદાસ ઉર્ફે સંજય સચદેવ અને તેની પત્ની સપના નોટનદાસ તરીકે થઈ છે, જેઓ લાંબા ગાળાના વિઝા પર ભારત આવ્યા હતા અને ભાડાના ફ્લેટમાં રહેતા હતા.

ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ પ્રશાંત મોહિતેએ જણાવ્યું હતું કે, ફ્લેટમાંથી લોહીથી લથપથ હાલતમાં દંપતીના મૃતદેહ મળ્યા હતા. સપનાએ તેની બહેનના ફોનનો જવાબ ના આપતા તે ફ્લેટ પર આવી હતી. ત્યારબાદ આ ઘટના પ્રકાશ આવી હતી. ડોક્ટરોએ સપનાને ઘટનાસ્થળે જ મૃત જાહેર કરી હતી, જ્યારે તેના પતિનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે



કે, ઝઘડા પછી ઉશ્કેરાયેલા નોટનદાસે પત્નીના ગળા, પીઠ અને ખભા પર છરીના અનેક ઘા માર્યા હતા. ત્યારબાદ નોટનદાસે તે જ હથિયાર પોતાના ગરદન પર ફેરવ્યું હતું. પરિણામે બંનેના મોત થયા હતા. દંપતી મૂળ પાકિસ્તાની નાગરિક હતા. પોલીસ રેકોર્ડ અનુસાર આ કપલ નવેમ્બર ૨૦૨૪માં લાંબા ગાળાના વિઝિટર વિઝા પર ભારત આવ્યા હતા. અને છેલ્લા છ મહિનાથી તેમના બે બાળકો સાથે ફ્લેટમાં રહેતું હતું. પોલીસે ભારતીય દંડ સંહિતા ની કલમ ૧૦૩(૧) હેઠળ કેસ નોંધ્યો છે.

# વિશેષ

#### રાજ્યભરમાં ૪,૮૨૪ જેટલી રેડ કરીને ૪૫૫ બાળ શ્રમિકો અને ૧૬૧ તરુણ શ્રમિકોને મુક્ત કરાયા

## ૧૨ જૂન-વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસઃ બાળ મજૂરી અટકાવી દેશના ભવિષ્યને સુરક્ષિત બનાવીએ

### બાળ અને તરૂણ શ્રમયોગી પ્રતિબંધ અને નિયમન કાયદા હેઠળ ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં ૬૧૬ બાળકોને મુક્ત કરાવીને રૂ. ૭૨.૮૮ લાખનો દંડ વસૂલાયો

**। ગાંધીનગર ।**

બાળક એ સમાજનું એવું બીજ છે જેને સાચું અને યોગ્ય વાતાવરણ મળે તો તે ભવિષ્યનું સુંદર ફળ આપતું વૃક્ષ બને છે. જ્યારે બાળક શાળાના વર્ગખંડના બદલે કારખાનાની ભઠ્ઠી કે કોઈ ચાની ટપરી પર જોવા મળે ત્યારે દેશની પ્રગતિ અટકે છે. ભારત સરકાર આ બાબતની ગંભીરતાને સમજીને બાળ મજૂરીની સમસ્યાને સમાપ્ત કરવા માટે અનેક પગલાં લઈ રહી છે. ભારતીય બંધારણની કલમ - ૨૩માં જોખમી ઉદ્યોગોમાં બાળકોને મજૂરી માટે રાખવા પર પ્રતિબંધ મૂકાયો છે. જે અંતર્ગત ગુજરાતમાં બાળ મજૂરીના દૂષણને નાથવા માટે શ્રમ આયુક્તની કચેરી દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં ચાર હજારથી વધુ રેડ પાડીને ૬૧૬ બાળકોને મુક્ત કરાવીને મજૂરીએ રાખનાર આવા એકમો પાસેથી રૂ. ૭૨.૮૮ લાખથી વધુનો દંડ વસૂલવામાં આવ્યો છે.

ગુજરાતમાં બાળ મજૂરીના દૂષણને નાથવા માટે શ્રમ આયુક્તની કચેરી કાર્યરત છે. આ કચેરી દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં ૬૧૬ બાળકોને બાળમજૂરીમાંથી મુક્ત કરાવવામાં આવ્યા છે. જાન્યુઆરી ૨૦૨૦ થી એપ્રિલ ૨૦૨૫ સુધીમાં રાજ્યભરમાં ૪,૮૨૪ જેટલી રેડ કરીને ૪૫૫ બાળ શ્રમિકો અને ૧૬૧ તરુણ શ્રમિકો એમ કુલ ૬૧૬ બાળ-તરૂણ શ્રમિકોને મુક્ત કરાવ્યા છે. જે અંતર્ગત મજૂરીએ રાખનાર આવા એકમો પાસેથી કુલ રૂ. ૭૨.૮૮ લાખ કરતાં વધુનો દંડ પણ વસૂલવામાં આવ્યો છે. રાજ્યમાં આ કાયદા હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં દોષિતો સામે કુલ ૭૯૧ ફોજદારી કેસ દાખલ કરવામાં આવ્યા છે અને કુલ ૩૩૯ એફ.આઈ.આર. નોંધવામાં આવી છે.

બાળ મજૂરીને નાથવા માટે દર વર્ષે તા. ૧૨ જૂનને ‘વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસ’ તરીકે ઉજવવામાં આવે છે. ભારત સરકારે વર્ષ ૧૯૮૬માં બાળ મજૂરી નિષેધ અને નિયમન કાયદો પસાર કર્યો હતો. આ અધિનિયમ ૦ થી ૧૪ વર્ષના બાળકોને કોઈપણ પ્રકારના કામ પર રાખવા માટે સંપૂર્ણ પ્રતિબંધ મુકાયો છે. આ ઉપરાંત ૧૪ થી ૧૮ વર્ષના તરુણોને જોખમી ધંધાઓમાં પ્રતિબંધ અને બિનજોખમી ધંધા- વ્યવસાય પર રાખવા માટે જરૂરી નિયમો હેઠળ જોગવાઈ કરવામાં આવી છે. ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬માં આ અધિનિયમમાં કરાયેલા સુધારા બાદ કાયદાનું નામ ‘બાળ અને તરુણ શ્રમયોગી (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ‘ કરવામાં આવ્યું છે.

બાળ અને તરૂણ શ્રમયોગી (પ્રતિબંધ અને નિયમન) કાયદાનો ભંગ કરનાર સામે દંડની જોગવાઈ કરવામાં આવી હતી જેમાં ગુજરાત સરકારે સુધારો કર્યો છે. આ કાયદામાં દંડની જોગવાઈમાં સુધારો કરનાર ગુજરાત એકમાત્ર રાજ્ય છે. ગુજરાતમાં કરવામાં આવેલા સુધારા મુજબ કાયદાના ભંગ બદલ ૬ માસથી બે વર્ષ સુધીની કેદ અથવા રૂ. ૨૦ હજારથી લઈને એક લાખ સુધીના દંડની જોગવાઈ કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જ્યારે દોષિતો આ જ પ્રકારનો ગુનો બીજીવાર કરે તો તેવા સંજોગોમાં ૧ વર્ષથી લઈને ૩ વર્ષ સુધી જેલની સજાની જોગવાઈ કરવામાં આવી છે.

રાજ્યમાં બાળમજૂરી વિરોધી કાયદાના અસરકારક અમલીકરણ માટે દરેક જિલ્લામાં કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં એક વિશેષ જિલ્લા ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવે છે. આ ટાસ્ક ફોર્સ દ્વારા દર મહિને નિયમિત બેઠક યોજી રેડનું આયોજન કરી બાળ મજૂરોને મુક્ત કરાવે છે. બાળમજૂરી અટકાવવા માટે રેડ કર્યા બાદ બાળકોને રેસ્ક્યુ કરીને તેમનું રિહેબિલિટેશન (પુનર્વસન) પણ કરવામાં આવે છે. મુક્ત કરાયેલાં બાળકોને ચિલ્ડ્રન હોમમાં આશ્રય આપવામાં આવે છે અને ચાઈલ્ડ વેલફેર કમિટી (CWC) દ્વારા જરૂરી તપાસ બાદ માતા-પિતાને સોંપવામાં આવે છે. બિન-ગુજરાતી બાળકોને તેમના રાજ્યની CWC મારફતે વાલીઓને સુરક્ષિત રીતે સોંપવામાં આવે છે. મુક્ત કરાયેલાં તમામ બાળકોની ઉંમર પ્રમાણે શાળા પ્રવેશ અપાવે છે. મુક્ત કરાયેલ બાળકનાં માતા-પિતા પાસે કોઈ આર્થિક ઉપાર્જનનું સાધન ન હોય, તો જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા સંચાલિત વિવિધ રોજગારલક્ષી યોજનાઓનો લાભ અપાવી તેમના પરિવારનું આર્થિક સશક્તિકરણ કરવામાં આવે છે.

વિશ્વભરમાં આ વર્ષે ૨૦૨૫માં ‘‘સેફ એન્ડ હેલ્ધી પેઢી’’ થીમ સાથે વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસ ઉજવવામાં આવશે. જેનો ઉદ્દેશ્ય યુવાન કામદારોની સલામતી, આરોગ્યમાં સુધારો કરવાનો અને તમામ પ્રકારની બાળ મજૂરીનો વહેલામાં વહેલી તકે અંત લાવવાનો છે.

### ચોટીલા જતાં ભાવિકોને વર્ષોથી રોપ-વે વિના હાલાકી થતી હશે : હાઇકોર્ટ

# ચોટીલા રોપ-વે રિટ: રાજ્ય સરકાર સોગંદનામા પર હકીકતો રજૂ કરે

### હાઇકોર્ટે અરજદાર કંપનીને એવો સવાલ કર્યો હતો કે તમને કોન્ટ્રાક્ટ આપવાનો ઓર્ડર થયા બાદ કોઇ કરાર વગેરે થયા હશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

ચોટીલા રોપ-વેનો મામલો ફરી એકવાર હાઈકોર્ટ સમક્ષ આવ્યો છે. જેમાં માર્સ એન્ટરટેઈન્મેન્ટ પ્રા. લિ.ને અપાયેલો ઓર્ડર મૌખિક રીતે પરત ખેંચી લેવાના સરકારના નિર્ણય સામે કંપનીએ હાઈકોર્ટમાં રિટ કરતાં વધુ એકવાર ચોટીલા રોપ-વે મુદ્દે કાનૂની કેસ શરૂ થયો છે. હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને જસ્ટિસ ડી.એન. રેની ખંડપીઠે આ મામલે પ્રાથમિક સુનાવણી બાદ રાજ્ય સરકારને સમગ્ર હકીકતો દર્શાવતું સોગંદનામું રજૂ કરવાનો આદેશ કરી કેસની વધુ સુનાવણી ત્રીજી જુલાઈના રોજ મુકરર કરી છે. આ કેસમાં અરજદાર કંપની તરફથી સિનિયર એડવોકેટ દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે આ કેસની ટૂંકી હકીકત એવી છે કે ચોટીલા ખાતે ચામુંડા માતા મંદિર ખાતે એક રોપ-વે વિચારાધીન છે. અરજદારની તરફેણમાં કોન્ટ્રાક્ટનો આદેશ થયો હતો, ત્યારે ફરીથી કોન્ટ્રાક્ટ માટેની પ્રક્રિયા નવેસરથી ન કરવી જોઈએ એવી દાદ માગવામાં આવી રહી છે. કંપનીએ એવી રજૂઆત કરી હતી કે અરજદારની તરફેણમાં રોપ-વેના બાંધકામ માટેનો જે આદેશ થયો હતો એને હાઈકોર્ટ સમક્ષ એક જાહેરહિતની અરજી મારફતે પડકારવામાં આવ્યો હતો. જેમાં કોર્ટે અરજી રદ કરી હતી અને કંપનીના પક્ષમાં ચુકાદો આવ્યો હતો. રાજ્ય સરકારે પણ કંપનીનો સપોર્ટ કર્યો હતો. આ ચુકાદા સામે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. જેમાં અમુક સુનાવણી બાદ રાજ્ય સરકારે સુપ્રીમમાં નિવેદન કર્યું હતું કે કંપનીના પક્ષમાં જે ઓર્ડર પાસ કરવામાં આવ્યો છે એને પરત ખેંચી લેવામાં આવ્યો છે. તેથી સુપ્રીમ કોર્ટે અપીલનો નિકાલ કર્યો હતો અને કંપનીને એવી છૂટ આપી હતી કે તેઓ સંબંધિત કોર્ટ સમક્ષ જેતે નિર્ણયને પડકારી શકે છે. તેથી હાઈકોર્ટ સમક્ષ ફરીથી કેસ કરવાની ફરજ પડી છે. છેલ્લા છથી સાત વર્ષોથી કંપની આ કાનૂની જંગ લડી રહી છે.

## પાલિતાણામાં માથામાં પથ્થર મારી ગૌવંશની હત્યા : આરોપી ઝડપાયો

। (એજન્સી) ભાવનગર, તા.૧૧ ।

ભાવનગર જિલ્લાના પવિત્ર તીર્થ પાલિતાણા શહેરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. એક વ્યક્તિએ ગૌવંશના માથા પર પથ્થર મારીને તેની હત્યા કરી નાખી હતી. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જીવદયા પ્રેમીઓ અને ગૌ સેવા સમિતિમાં ભારે રોષ ફેલાયો હતો.પ્રાપ્ત માહિતી અનુસાર, પાલિતાણામાં એક ગૌવંશને માથા પર મોટો પથ્થર મારવામાં આવતા તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. આ ઘટનાના સીસીટીવી ફૂટેજ વાયરલ થયા બાદ જીવદયા પ્રેમીઓ અને હિન્દુ સમાજમાં આરોપી સામે કાર્યવાહી કરવાની માંગ ઉઠી હતી. પાલિતાણા ગૌ સેવા સમિતિના અધ્યક્ષ કલ્પેશભાઈ પરમારે પાલિતાણા ટાઉન પોલીસ સ્ટેશનમાં લેખિત અરજી આપી આરોપી વિરુદ્ધ કડક પગલાં ભરવા અને ગુનો નોંધવાની માંગ કરી હતી.પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી.

## પશ્ચિમ રેલવે ચલાવશે સાબરમતી અને સુલ્તાનપુર વચ્ચે સ્પેશિયલ ટ્રેન

। અમદાવાદ, તા.૧૧ ।

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગ અને સુવિધાઓ ને ધ્યાનમાં રાખીને સાબરમતી અને સુલ્તાનપુર વચ્ચે સ્પેશિયલ ટ્રેન વિશેષ ભાડા પર ચાલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.જેની વિગતો ની મુજબ છે

ટ્રેન સંખ્યા ૦૪૨૧૫/૦૪૨૧૬
સાબરમતી-સુલ્તાનપુર–સાબરમતી
સ્પેશિયલ ( કુલ ૬ ટ્રીપ્સ)

ટ્રેન સંખ્યા ૦૪૨૧૫ સાબરમતી–સુલ્તાનપુર સ્પેશિયલ ૧૪, ૨૧ અને ૨૮ જૂન ૨૦૨૫ (શનિવાર) ના રોજ સાબરમતીથી ૦૮:૫૦ કલાકે પ્રસ્થાન કરશે અને બીજાં દિવસે ૧૧:૦૦ કલાકે સુલ્તાનપુર પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન સંખ્યા ૦૪૨૧૬ સુલ્તાનપુર–સાબરમતી સ્પેશિયલ ૧૩, ૨૦ અને ૨૭ જૂન ૨૦૨૫ (શુક્રવાર) ના રોજ સુલતાનપુરથી ૦૪:૦૦ કલાકે પ્રસ્થાન કરશે અને બીજાં દિવસે ૦૭:૩૦ કલાકે સાબરમતી પહોંચશે.

આ ટ્રેન બંને દિશાઓમાં મહેસાણા, પાલનપુર, આબુરોડ, ફાલના, મારવાડ જં., બ્યાવર, અજમેર, ફુલેરા, જયપુર, બાંદીકુઈ, ભરતપુર, આગ્રા કેન્ટ, ઈટાવા, કાનપુર સેન્ટ્રલ અને લખનૌ સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં ૧૫ સ્લીપર કોચ અને ૩ જનરલ શ્રેણીના કોચ રહેશે.

ટ્રેન નંબર ૦૪૨૧૫ માટે બુકિંગ ૧૨ જૂન ૨૦૨૫થી યાત્રી આરક્ષણ કેન્દ્રો તથા આઈઆરસીટીસી ની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના સંબંધિત વધુ વિગતો માટે યાત્રીઓ www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

### CID ક્રાઈમમાં ક્રેડિટ સોસાયટીના ૮ દલાલો સામે ફરિયાદ

# સફાઈ કામદારની નિરક્ષરતાનો ફાયદો ઉઠાવી લાખોની ઠગાઈ

### દલાલ અને કેશિયર ભેગા મળી કૌભાંડ આચર્યું હોવાની સંભાવના સેવાય રહી છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

અમદાવાદ મહાનગર પાલિકામાં કામ કરતા સફાઈ કામદારોની આર્થિક સંકડામણમાં મદદરૂપ બની શકાય તે માટે થઈને ધી ધી અમદાવાદ મ્યુ.સ્ટાફ કામદાર કો. ઓપરેટીવ ક્રેડીટ એન્ડ સપ્લાયર સોસાયટી લીમીટેડની સ્થાપના કરવામાં આવી હતી. આ ક્રેડીટ સોસાયટીમાં કામ કરતા સેક્રેટરી અને કેશિયર સહીતના કર્મીઓએ સફાઈ કામદારની નિરક્ષરતાનો ફાયદો ઉઠાવીને સફાઈ કામદારો દ્વારા લેવામાં આવતી લોનની રકમના પેટે કમિશન મેળવીને લાખો રૂપિયાની ઠગાઈ આચરી હોવાના બનાવ મામલે સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ નોંધાઈ છે. ધી અમદાવાદ મ્યુ.સ્ટાફ કામદાર કો. ઓપરેટીવ ક્રેડીટ એન્ડ સપ્લાયર સોસાયટી લીમીટેડના કર્મચારી અને દલાલોએ ભેગા મળીને ક્રેડીટ સોસાયટીના સફાઈ કામદાર કર્મચારીને લોન અપાવવાના નામે ઠગાઈનો કારસો ઘડયો હોવાનો ચકચારી કિસ્સો સામે આવ્યો છે. સફાઈ કામદારોની નિરક્ષરતાનો લાભ ઉઠાવીને ગઠીયાએ એક ફોર્મની જગ્યાએ બે ફોર્મ ભરાવડાવી સફાઈ કર્મચારીની લોન મંજુર કરાવી લીધી હતી. લોન મંજુર થઈ ગયા બાદ ક્રેડીટ સોસાયટીના સેક્રેટરી અને દલાલોએ પોતાનો હિસ્સો મેળવી લીધો હતો. બાદમાં ગઠીયાઓએ એકાઉન્ટ પે ચેક આપવાના બદલે બેરર ચેક આપ્યા હતા. અને તે ચેક આરોપીઓએ પોતાના એકાઉન્ટ જમા કરાવી લીધા અને તેમાંથી પણ રૂપિયા પડાવી લીધા હોવાનો ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ આખું ઠગાઈનું સુનિયોજિત કાવતરું રચવામાં આવ્યું હતું જેમાં કોર્પોરેશનમાં કામ કરતા સફાઈ કામદારો મોટેભાગે નિરક્ષર હોવાનો ફાયદો ઉઠાવીને ઠગાઈ આચરતી ટોળકી સૌ પ્રથમ તો લોન લેનાર સફાઈ કર્મી પાસે એકની જગ્યાએ બે લોનના ફોર્મ ભરાવતા હતા. ત્યારબાદ જામીન લીધા વિના જ ક્રેડીટ સોસાયટીમાં લોન ધારકનું ફોર્મ જમા કરાવતા હતા.

### કોરોનાના કેસ વધતાં આરોગ્ય મંત્રીની અપીલ

# વૃદ્ધો-બિમાર ઘરે બેઠા જ રથયાત્રાના દર્શન કરજો

### હાલના સમયમાં શરદી ખાંસીના લક્ષણો ધરાવનારા, કોમોર્બિડ દર્દી અને વૃદ્ધોએ રથયાત્રામાં જવાનું ટાળવું જોઈએ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

ગુજરાત ભાજપના પ્રવક્તા અને આરોગ્ય પ્રધાન ઋષિકેશ પટેલે ગુજરાતમાં સતત વધી રહેલા કોરોના કેસ અને જગન્નાથ રથયાત્રાને લઈને મોટું નિવેદન આપ્યું છે.

ઋષિકેશ પટેલે સતત વધતાં કેસ અને રથયાત્રા મામલે લોકોને અપીલ કરતાં કહ્યું કે, 'હાલના સમયમાં શરદી ખાંસીના લક્ષણો ધરાવનારા, કોમોર્બિડ દર્દી અને વૃદ્ધોએ રથયાત્રામાં જવાનું ટાળવું જોઈએ. ઘરે બેસીને જ ભગવાન જગન્નાથના દર્શન કરવા જોઈએ. બિમાર લોકોએ તો ભીડમાં જવું જોઈએ જ નહીં. જો કે, રાજ્યમાં રોજબરોજ વધી રહેલા કોરોનાના કેસને લહેર કે સુનામી કહી શકાય નહીં. કોરોના વાઈરસ વિશ્વમાં ફેલાયા બાદ આ ચોથી વખત છે કે, કોરોનાના કેસ વધી રહ્યાં છે અને અમે કેન્દ્ર સરકારના સતત સંપર્કમાં છીએ.'કોરોના વાઈરસ અંગે વાત કરતા તેમણે કહ્યું કે, 'કોરોનાનો વર્તમાન વેરિયન્ટ ઘાતક નથી. ગઈ વખતે કોરોનાના કેસમાં ઉત્તરોત્તર વધારો થયો હતો, ત્યારબાદ તેમાં ઘટાડો થયો. હાલ છેલ્લા ૨૫ દિવસથી કેસ વધ્યા છે, પરંતુ જીવનું જોખમ નથી. લક્ષણ દેખાય તો તરત જ સારવાર ચાલુ કરવી જોઈએ. કોઈને શરદી-ખાંસી, ગળામાં દુખાવો જેવા સામાન્ય લક્ષણો જોવા મળે, તો તેમણે ક્વોરન્ટાઇન થઈને સારવાર કરાવવી જોઈએ અને સાવચેત રહેવું જોઈએ.'

### શિક્ષણ માટે મોટી રાહત

# વિદ્યાર્થીઓ માટે મફત ટ્રાન્સપોર્ટ સહાય યોજનાનો અમલ શરૂ

### આ યોજનામાં ૫ કિમી સુધીની દૂરી માટે દર માસે ૫૦૦ રૂપિયાનું સહાય તથા ૫ કિમીથી વધુ અંતર માટે ૮૦૦ રૂપિયાનું સહાય મળશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૧ ।

ગુજરાત રાજ્ય સરકારે RTE અધિનિયમ-૨૦૦૯ના નિયમો અનુસાર અને કેન્દ્ર સરકારની PM SHRI યોજનાની મંજૂરી બાદ હવે ૧ કિમીથી વધુ અંતરે રહેલા ધોરણ ૧ થી ૮ના બાળકોને મફત પરિવહન સુવિધા આપવા માટે આદેશ જારી કર્યો છે. આ નિર્ણય રાજ્યના હજારો વિદ્યાર્થીઓ માટે મોટી રાહતરૂપ સાબિત થશે, ખાસ કરીને એ વિદ્યાર્થીઓ માટે જેઓ પાસે શાળાએ પહોંચવા માટે જરૂરી સાધનોની સુવિધા નહોતી.

શિક્ષણ વિભાગે જાહેર કરેલા આ આદેશ મુજબ, જો કોઈ પ્રાથમિક શાળા ૧ કિમીથી વધુ અંતરે હોય અથવા ઉચ્ચ પ્રાથમિક શાળા ૩ કિમીથી દૂર હોય, તો આ અંતરે રહેતા વિદ્યાર્થીઓને માસિક પરિવહન સહાય આપવામાં આવશે. બાલવાટિકા (pre-primary) માટે પણ ૧ કિમીથી વધુ અંતરે રહેલા બાળકોને આ સુવિધાનો લાભ મળશે. આ માટે જિલ્લા અને મહાનગરપાલિકા અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે કે તેઓ યોગ્ય રીતે યાદી તૈયાર કરે અને પરિવહન સહાય યોજના કાર્યાન્વિત કરે. આ યોજનામાં ૫ કિમી સુધીની દૂરી માટે દર માસે ૫૦૦ રૂપિયાનું સહાય તથા ૫ કિમીથી વધુ અંતર માટે ૮૦૦ રૂપિયાનું સહાય મળશે. ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે પણ ૫૦૦૦ રૂપિયાની સહાય જાહેર કરવામાં આવી છે. આ સહાય પણ PM SHRI યોજના હેઠળ આપવામાં આવશે. ખાસ કરીને આ મફત પરિવહન યોજના દરેક બાળકને શિક્ષણથી જોડાયેલો રાખવા માટે તૈયાર કરવામાં આવી છે, જેથી શાળા છોડવાના દરને ઘટાડવામાં મદદ મળે. મહત્વપૂર્ણ છે કે આ યોજના માટે રાજ્ય સરકારે વર્ષ-૨૦૨૫-૨૬ના બજેટમાં નાણાં ફાળવ્યા છે અને તેની ખાતરી પણ કરી છે. શિક્ષણ મંત્રીએ જણાવ્યું કે – "વિદ્યાર્થીઓ શાળાથી દૂર ન જાય, આ માટે જ આ નિર્ણય લેવામાં આવ્યો છે.

